યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. | સંવત ૧૯૮૭ ના જેઠ વદ ૧ | છુટક નકલ : |
| અંક ૨૨ મો. | તા૦ ૧-૬-૩૧ | ૦॥ આનો. |

## આકોલામાં જયંતી મહોત્સવ.

જેઠ સુદી આઠમને દિવસે શ્રી આત્મારામજી મહારાજની જયંતી મહોત્સવ શ્રીમદ્ વલ્લભસૂરિજી મહારાજના અધ્યક્ષતામાં ઉજવવામાં આવ્યો હતો. આચાર્યશ્રીજીના અસરકારક સદુપદેશથી ગુજરાતી અને મારવાડી ભાઇઓ વચ્ચે ઘણાં વર્ષો જે અની-બનીથી વૈમનસ્ય ચાલતુ આવતું હતું તે હમેશાને માટે નાબુદ થઇ ગયું છે. અને કાયમી સુલેહ થઇ છે.

## સોસાયટી સંમેલન સામે યુવક સંઘનો વીરોધ.

થોડા વખત પહેલાં અમદાવાદ ખાતે મળેલ શ્રી દેશ-વિરતી ધર્મારાધક સમાજ અને જૈન કોન્ફરન્સ સોસાયટીના સંમેલનોમાં પસાર થયેલા કેટલાક ઠરાવો અને તેના અનુમોદનોમાં પસાર થયેલા ભાષણોમાં વ્યાપી રહેલી તિરસ્કાર અને પરસ્પર ઝેર વધારનારી મનોદશા સામે યુવક સંઘની મેનેજીંગ કમીટી સખ્ત વિરોધ જાહેર કરે છે, અને જે સમયે પરસ્પર એકતા અને સંગઠનની સૌથી વધારે આવશ્યકતા છે ત્યારે જૈન સમુદાયને છિન્ન ભિન્ન દશાએ પહોંચાડનારી આવી પ્રવૃત્તિ વિશે આ કમીટી ભારે ચિંતાની નજરે જુએ છે; અને ધર્માંધતા, સંકુચિતતા અને ગુંડાશાહીનાં વધતા જતા અંકુરોને બને તેટલી જલ્દીથી છેદવા સમગ્ર જૈન સમુદાયને અને ખાસ કરીને જૈન યુવકોને આગ્રહ કરે છે.

## પુનામાં શ્રી આત્મારામજી મહારાજની જયંતી

તા. ૨૫-૫-૩૧ ના દીવસે શ્રી આત્માનંદ જૈન લાયબ્રેરી પુના તરફથી શ્રી મદ્વિજયાનંદસૂરિ આત્મારામજી મહારાજની જયંતી લાયબ્રેરીના હોલમાં ઉજવવામાં આવી હતી. લોકોની હાજરી પણ સારા પ્રમાણમાં હતી તે પ્રસંગે મુ. ડોશીભાઈ શ્રી પોપટલાલ શાહના પ્રમુખપણામાં મહારાજશ્રીના જીવન-ચરિત્ર ઉપર સરસ વિવેચન થયું હતું. બીજા ત્રણ ચાર વક્તાઓના પણ ભાષણ થયા હતા પ્રમુખ સ્થાનેથી સમાલોચના કરતાં આવા મેળાવડાઓની ખાસ અગત્ય જણાવી હતી. બાદ સેક્રેટરી તરફથી પ્રમુખશ્રીનો તથા શ્રોતા સમુદાયનો આભાર આપ્યા પછી મેળાવડો વિસર્જન થયો હતો. "

## ભાવનગર જૈન યુવક સંઘનો વિરોધ

### ના૦ ગાયકવાડને તાર

તા. ૨૪-૫-૩૧ ના રોજ મળેલ શ્રી જૈન યુવક સંઘની સભા ઠરાવે છે કે:—

જૈન મુનિશ્રી રામવિજયજીના પાટણમાં પ્રવેશ વખતે તેમનો કાળા વાવટાથી વિરોધ કરવા આવેલ જૈનો ઉપર તેમના તથા તેમના ભક્તો તરફથી પોલીસ અને બીજા ગુંડાઓના હાથે જે લાઠીચાર્જ ચલાવવામાં આવ્યો હતો અને જેના પરિણામે ઘણા જૈન પુરૂષ સ્ત્રી તથા બાળકોને સખ્ત ઇજા થવા પામી છે. તે સામે અમો સખ્ત વિરોધ જાહેર કરીએ છીએ તથા પોતાનો શાંતિપૂર્વક વિરોધ કરનારા ઉપર આવા નીચ હુમલા કરવા કરાવવામાં આવે તે એક જૈન મુનિ અને તેમના ધર્મિષ્ઠ ગણાતા ભક્તો માટે અમો ઘણું શરમાવનારૂં માનીએ છીએ

ઉપલી બાબત સંબંધમાં ગાયકવાડ સરકારના દીવાન ઉપર નીચે મુજબનો તાર મોકલવામાં આવેલ છે:—

'પાટણમાં મુનિ રામવિજય સામે કાળા વાવટાથી વિરોધ દર્શાવતા ઘણા માણસો ઉપર રાજ્યની પોલીસે લાઠીચાર્જ" કરી જે સખ્ત ઇજા કરી છે તે સામે અમારો મજબુત વિરોધ છે. રામવિજયને તેની સગીર બાળકોને દીક્ષા આપવાની પ્રવૃત્તિ માટે પોતાના પક્ષના માણસોને જબરજસ્તી કરવા ઉશ્કેરવા માટે તથા જૈનોમાં અંદરો અંદર વિક્ષેપ કરાવવા માટે દરેક સમજુ જૈને વખોડી કાઢેલ છે. પોલીસ કૃત્યની તપાસ કરવા તથા આવા વિરોધ પ્રદર્શનમાં બીન દરમ્યાનગીરી રાખવા અમારી નમ્ર વિનંતિ છે. મહેરબાની કરીને રામવિજયની નુકશાનિકારક પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ મુકો.

લી.

સેક્રેટરી ભા. જૈન યુવક સંઘ

## ભણકારા

વાયરલેસ ટેલીગ્રાફ જણાવે છે કે સાત આઠ હજાર રૂપીઆ આપી બે પંખીડા ખરીદાયા છે અને જેઠ વદી ૫ ના રોજ એ ખરીદાએલા પંખીડા મોક્ષ સુંદરીને વરવા સાધુ સ્વાંગ સજવાનાં છે. બાળક પંખી નાસી છુટશે તો મોટા પંખીની ઓછી કીંમત અંકાશે? સમાજ ચેતે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# ભાવનગરના સંઘે બાળદીક્ષા માટે કરેલા ઠરાવો.

## યુવક સંઘે દેશીરાજ્યોને બાળદીક્ષા માટે અટકાવવા કાયદા ઘડવા કરેલા તારોનું આવેલું શુભ પરિણામ.

આજથી બે વરસ ઉપર મુંબઈના જૈન યુવક સંઘે દેશી રાજ્યોને બાળદીક્ષા અટકાવવા કાયદો કરવા કરેલા તારોનું સુંદર પરિણામ આવેલું જાણી યુવક સંઘની મહેનતની સફળતા માટે આનંદ થાય છે. ભાવનગરના એક આગેવાન કુટુંબમાંથી સોળ વરસના નાના બાળકને દીક્ષા માટે નસાડી લઈ જવાના કારણે ભાવનગરના સંઘે નાની ઉંમરનાને દીક્ષા નહીં આપવાનો ઠરાવ કરેલા છે અને પત્રોકામાં પ્રગટ થાય છે તે ઉપરથી સમજાય છે કે ભાવનગર સ્ટેટના ચીફ એક મીસ્ટર પટ્ટણી સાહેબે બે વરસ પહેલાં ભાવનગર સંઘને મુંબઈના યુવક સંઘ તરફથી આવેલા તારનો હવાલો આપી જૈન સંઘમાં એક ઠરાવ કરવા ભલામણ કરી હતી પણ તે વેળાને સંઘના આગેવાનોએ એ ભલામણના કાગળને ફાઈલે ચડાવી નિરાંતે કાંઈજ બન્યું ન હોય તેમ માન બેઠા હતા. આજે બે વરસે સંઘના આગેવાનો બાળક દીક્ષાના હિમાયતીઓ ઉંઘતી આય છે ત્યારે આગેવાનો પોતાનું ઘર બળતું હોવાથી જાગે છે. અને સામે વખતે મૌન છોડે છે અને નામદાર પટણી સાહેબની ભલામણનો ઉપયોગ કરે છે. અને તેવા કોનફરન્સના દીક્ષાના ઠરાવને મજબુત બનાવવા કાઠીઆવાડમાં જૈન ધર્મના રાગી અને અભ્યાસી તરીકે આગ લેખાતા ભાવનગરના સંઘને ધન્યવાદ ઘટે છે અને બીજા શહેરો અને ગામોને બાળદીક્ષા સંઘની અને માતાપિતાની આજ્ઞા શીવાય નહીં આપવાના ઠરાવો કરવા અમો ભલામણ કરીએ છીએ. બાળદીક્ષા પરિક્ષા વિના અપાતી દીક્ષા પૈસાઓ આપી વેચાતા લીધેલાને અપાતી દીક્ષાઓના પરિણામે સાધુ સંસ્થામાં જે ભયંકર સડો અને જૈન સમાજમાં ભયંકર કલેશનું વાતાવરણ ઉભું કર્યું છે. એ વિરૂદ્ધ મોટો પોકાર મોટા નાના ગામોના સંઘોએ ઉઠાવવાની જરૂર છે. સંઘની સત્તાનો ખ્યાલ એવા પોપજીઓને આપવાની જરૂર છે, જો સમાજને સમાજની સ્થીતિનું ભયંકર ભાન હોય, જો સમાજને લાગુ પડેલો ભયંકર ચેપ સમાજને કઈ સત્યાનાશીમાં નાંખશે એ વીચાર હોય તો સમજુ અને શાણા સમાજના આગેવાનોને પોતાના ગામોમાં બાળદીક્ષા વિરૂદ્ધના ઠરાવો કરવાની અને એવા ઠરાવનું પાલન ગમે તે ભોગે ગમે તેવી પ્રતાપી વ્યક્તિ સામે કરવાના ઠરાવ ઉપર આવવાની વિનંતી કરવાની ફરજ સમજીએ છીએ. આશા છે કે સમાજ જરૂર તેનું પાલન કરશે.

# મુંબઈમાં આત્મારામજી મહારાજની

## ઉજવાયલી જયંતિ.

આજ રોજ પાયધોની ગોડીજી મહારાજના દેરાસરના ઉપાશ્રયમાં શેઠ મોહનલાલ ભગવાનદાસ સોલીસીટરના પ્રમુખપણા નીચે પુજ્ય આચાર્ય મહારાજશ્રી આત્મારામજી મહારાજની જયંતી ઉજવવા જૈનોની જાહેરસભા મળી હતી. પ્રમુખશ્રીએ શરૂઆતમાં મહારાજ સાહેબે સત્યની જે શોધ જુદા જુદા પુસ્તકો પ્રગટ કરીને તથા એ પુસ્તકોનો જૈનેતર પ્રજાએ અને ખાસ કરી યુરોપીઅન પ્રજાએ અભ્યાસ કરી મહારાજ પ્રત્યે જે પુજ્યભાવ બતાવ્યો હતો એનું સુંદર વર્ણન કર્યું હતું. હીંદુસ્થાનની સરકાર તેમના સમયના વિદ્વાનોમાં અગ્રણીય વિદ્વાન તરીકે તેમને માન આપતી હતી વેદનું પુસ્તક બહાર પાડી એક પ્રત તેમને ભેટ આપી તેમની વીદ્વતાની પીછાન કરી હતી. એ પુસ્તકનો મહારાજશ્રીએ અભ્યાસ કરી મનન કરી તેઓશ્રીએ બીજા પુસ્તકો બહાર પાડવામાં તેનો ઉપયોગ કર્યો હતો. ધર્મના સીદ્ધાંતનું રહસ્ય બરોબર સમજવા સાથે બીજા ધર્મના રહસ્યને યુક્તીસર સમજી પ્રતિસ્પર્ધીના ધર્મના પ્રમાણોથી તેનું ખંડન કરતા અને તેમાં વિજય મેળવતા. પંજાબમાં તેઓએ ભગીરથ પ્રયત્ન કરી જૈનેતરોને જૈન ધર્મની રૂચી કરાવી જૈનધર્મમાં લાવ્યા હતા પુસ્તકના આગે સ્થપેલા કોર્ટના ઝગડામાં તેઓ માન સહીત વિજય પામ્યા હતા. આવા એક સમયધર્મી મહાનપુરૂષની જયંતી પ્રસંગે આપણે તેમના ગુણોનું અનુકરણ કરવા પ્રયત્ન કરવો. ભાઈ મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ જણાવ્યું કે મહારાજ સાહેબના સમયમાં ઘણે ભાગે બાળબોધથી વાંચન મનન થતું હતું. સંસ્કૃતનો ઘણોજ અભાવ હતો અને એટલે સુધી કે તેમના વખતમાં જેને આખાય સંસ્કૃત કહેવાય એવા સમજનારાનો અભાવજ હતો. પૂર્વ આચાર્યનું રચીત એક સંસ્કૃત પુસ્તક વાંચવાનો અથાગ પરીશ્રમ લેવા છતાં તેઓશ્રીએ જણાવ્યું હતું. કે આ પુસ્તકમાં સંપુર્ણ કરવાની મારામાં શકતી નથી. એવા જમાનામાં એ એ સમયને અનુસરીને હીંદી ભાષામાં જુદા જુદા પુસ્તકો બહાર પાડયા **અજ્ઞાન તિમિર** ભાસ્કર જયન્ત તત્વ પ્રકાશ વગેરે આવા પુસ્તકો હિંદી ભાષામાં બહાર પાડી પંજાબ મારવાડ યુ. પી. કલકત્તાના જૈનોને જૈન ધર્મ પ્રત્યે રૂચી કરાવવા પ્રયત્ન કર્યો એમના વખતનો જમાનો અને હાલનો જમાનામાં ઘણો ફેર છે અત્યારે ધર્મ પ્રત્યે રૂચી થયું છે. સંસ્કૃત માગધી પ્રકૃત સમજનારાઓ મળી આવે છે. અને તે બહુ પ્રમાણમાં એ ભાઈઓનો સહકાર જો થાય તો ઘણુ કામ થઈ શકે આ સમય આગળ વધવાનો છે.

ભાઈશ્રી ઊમેદચંદ બરોડીયા એ જણાવ્યું કે એ સમયમાં મહારાજ સાહેબે ઉંડી દીર્ઘ દ્રષ્ટી વાપરી જૈનોના મોટા ભાગનો ઉગ્ર વિરોધ સહન કરી ચીકાગોમાં મળેલી સર્વ ધર્મ પરીષદમાં બેરીસ્ટર વીરચંદ રાઘવજી ગાંધીને મોકલીને વ્યવહાર ઉંડી દીર્ઘ દ્રષ્ટી જૈનધર્મ ઉપરનો અથાગ પ્રેમ અને વિરોધતા સહન કરવાની અડગતા આજ સુધી એમના પ્રત્યે આજના જમાનાના સરકારી પુરૂષોનો પણ પુજ્યભાવ ઉત્પન્ન કરે છે.

ભાઈ લલુભાઈ કરમચંદે જણાવ્યું કે ભાઈ વીરચંદ ગાંધીને ચીકાગો સર્વ ધર્મ પરીષદમાં જૈન તરીકે મોકલ્યા હતા તેવીજ સર્વ ધર્મ પરીષદ હાલમાં ભરવાની છે અને એમાં જૈન ધર્મને આમંત્રણ મળ્યું નથી પ્રયત્ન કરતા મળવા સંભવ છે.

ભાઈ શાંતીલાલ પંડીતે સમયને અનુસરતું વિવેચન કરી પ્રમુખશ્રીએ ઉપસંહાર કરી મહારાજશ્રી આત્મારામની જય બોલાવી સભા વિસર્જન કરી હતી.

# જૈનો વાંચો અને ચેતો:—

[ ઐતિહાસીક રાસ સંગ્રહ (વિજય તિલક સુરિ રાસ) ઉપરથી તારણ કાઢનાર:—એક જૈન. ]

—ગતાંકથી ચાલુ—

હવે વિજયદેવસુરિ સ્વતંત્ર થયા તે પછી સંખેશ્વરમાં ખંભાત અને અમદાવાદના સંઘો એકઠા થયા હતા, તેમની પાસે બે સાધુ મોકલીને કહેવડાવ્યું કે "તમે પાટણ આવો." સંઘોના આગેવાનોએ કહ્યું કે અમે પાટણ આવી શકીશું નહી, અગર વિજયદેવસુરિ ચાણસમે આવે, તો ત્યાં બધા એકઠા થઇ વિચાર કરીએ. સંખેશ્વરના અંદર એકઠા થએલા સંઘોના હુકમ સાંભળી વિજયદેવસુરિ પાટણથી રવાના થઇ ચાણસમે આવવા તૈયાર થયા તે વખતે શુકન સારા થયા નહી તો પણ ચાણસમે આવ્યા. સંઘની સાથે તેમણે વીચાર કર્યો કે સાગરોને લેવા કે કેમ? છેવટે એ ઠરાવવામાં આવ્યું કે અમદાવાદમાં બધાએ એકઠા થવું અને ત્યાં મિચ્છામિદુક્કડં દેવરાવવો.

વિજયદેવસુરિ પાટણ આવ્યા. સંઘો વીખરાઇ પોત પોતાના સ્થળે પહોંચ્યા વિજયદેવસુરિએ પાટણમાં આવીને (ગચ્છ નાયકનું અભીમાન ચઢી ગયેલું હતું તેથી) સાગરોને તેડાવ્યા અને ચૈત્ર અમાવાસ્યાનું મુહુર્ત કઢી સાગરોને ખુલ્લી રીતે લઇ લીધા. દરેક સ્થળે કહેવડાવ્યું કે સાગરો સાથે મેળ કરી દીધો છે.

(મારા જૈન દૈસ્તો, અત્યારે આપણા જૈન શાસનમાં સાગરો અને રામવિજયો વીગેરે એકઠા થયા છે તે વીજયો અને સાગરોનું ભલું ચહાવા માટે નહી પણ નવો ગચ્છ સ્થાપવો છે માટે સાગરો અને રામવિજયો દોસ્તી કરીને નવો સંઘ શાસન (હિંદ સેતાન) રસિક ઉંહેં રેંથી નાખનારા જૈનોને) સંઘ સ્થાપવા માટે મોટી તૈયારીઓ ચાલી રહી છે. ઇતિહાસ સાક્ષી પુરે છે કે વિજયદેવસુરિને વિજયસેનસુરિ પછી સોમ-વિજય વાચક નંદિવિજય વાચક વીગેરે એ એકઠા થઇને ગચ્છ નાયક તરીકે સ્થાપ્યા છતાં વિજયદેવસુરિએ ગચ્છ નાયક હોવા છતાં પોતાના મોટા શીષ્ય સમુદાયનો વીચાર નહી કરતાં પોતાના આપેલા ઠરાવ "અમદાવાદમાં એકઠા થવું" કહીને શાકારણથી સાગરોને એકદમ પાટણમાં જઇને સંઘમાં લઇ લીધાં ગચ્છ નાયકના તોરમાં અને અભીમાનમાં ભવીષ્યનો વીચાર નહી કરતાં એટલું તો સ્પષ્ટ થાય છે કે વિજયદેવસુરિની ઇચ્છા પોતાના શીષ્ય સમુદાયથી વીરોધ કરી પોતાના વીચારો સાગરો સાથે મળતા હોવાને લીધે પોતાનાથી વીરૂદ્ધ વીચારો ધરાવનારા પ્રત્યે સમભાવ ગુમાવી નવો ગચ્છ સ્થાપવાની થઇ હશે.)

અમદાવાદ અને ખંભાતના શ્રાવકોએ વાત જાણી એટલે તરતજ ખળભળાટ મચી ગયો. અમદાવાદના સંઘે વિજયદે-વસુરી ઉપર એક પત્ર લખ્યો તેમાં જણાવ્યું કે:—

"તમે સાગરો પાસે મિચ્છાદુક્કડં દેવરાવ્યા સિવાય, તેમને બધાને લીધા તે ઠીક કર્યું નથી. આપણે જે ઠરાવ કર્યો હતો તે તમે પાળ્યો નહી. હવે અમેતો ગુરૂવચન પ્રમાણેજ ચાલ-નારા. (અહીંયાં ગુરૂ એટલે વિજયહીરસુરિજી). અમારો દોષ કાઢશો નહીં. હજુ પણ એ ગુરૂ વચનને અનુસરીને દરેક કાર્ય કરશો તોજ તમારી સાથે ગુરૂ વ્યવહાર રાખીશું, નહીં તો અમે માનીશું નહી, તે વાત નિશ્ચયપૂર્વક સમજજો." ઉપરના પત્રની હકીકત સોમવિજય ઉપાધ્યાય, મેઘવિજયવાચક, નંદિ-વિજયવાચક, અને ધર્મવિજય એમણે પણ મળીને લખ્યો. વિજયદેવસુરિ નીચે પ્રમાણે જવાબ આપે છે:—

"મારે જે કરવું હતું અને મારા મનમાં આવ્યું તે કરી દીધું છે. તેમાં તમને કંઇ પુછવાની જરૂર નહોતી કારણકે એ મારી સત્તાની વાત છે."

(સત્તારૂપી અફીણ પીને બેઠેલા બીચારા પામર ગચ્છનાયક વિજયદેવસુરિના મનમાં આવ્યું તે કરી દીધું અને તેથી મારા જૈન દોસ્તો રામવિજય અને આનંદ સાગરો સત્તાના કેફમાં ભાન ભુલે તે સ્વાભાવીક છે કારણ કે વિજયદેવસુરિતો સત્તા-ધરાવતા હતા પણ બીચારા દીક્ષના ભોળા હોવા છતાં તેમને તે વખતે સંઘને હાડકાનો માળો નહી કહેતાં લખ્યું કે મારા મનમાં આવ્યું તે કરી દીધું ત્યારે સાગરો અને વિજયો ખતાખાઇ થએલા માલુમ પડે અને કહે કે જૈન સંઘ એટલે પહેલો શ્રમણ સંઘ અને તેમાં પણ શાશન રસિક સંઘ તેના અંદર શાશનના ઠોગે બેસનાર રામવિજયો અને સાગરો જામનગર—પાટણ, વઢવાણ, લીંબડી અને હવે પછી ભાવનગરના સંઘોને હાડકાના માળા તરીકે કહે— અધર્મી કહે તો જૈન દોસ્તો તો ગભરાતા નહી કારણકે જ્યારે જ્યારે સત્તાની વાતો થઇ છે ત્યારે નીગ્રંથ ગુરૂ હોવાનો ડોળ ઘાલી અંધીગુરૂ સત્તાના કેફમાં બની સુરિ અને ઉપાધ્યાય જેવા નામો ધારણ કરવા છતાં સાધુ ધર્મથી પતીત થએલા તે શ્રાવક અને શ્રાવીકા જાકે શ્રમણ અને સાધ્વીઓનું આ સત્તાના કેફઉપર શી રીતે ભાનુ કરશે તેતો જ્ઞાની જાણે કારણકે આનન્દ-ઘનજી કહી ગયા છે કે "ગચ્છના ભેદ બહુ નયણ નીહાળતાં તત્વનીવાત કરતાં નલાજે—ઉદર ભરણાદિ નીજ કાજ કરતાં થતાં મોહ નડીયાં કલીકાલ રાજે.")

વિજયદેવસુરિ માટે અમદાવાદના સંઘે એકઠા થઇને જ્યારે વિજયદેવસુરિનો કાગળ લખ્યો ત્યારે ચાર ઉપાધ્યાયોએ સંવત ૧૬૭૨ ના વૈશાખ સુદ ૧૩ ના દિવસે દરેક ગામોના સંઘોને એક પત્ર લખ્યો આ પત્રમાં વાચક મેઘવિજય, સોમ-વિજય, ભાનુચંદ વાચક, નંદિવિજય વાચક, વિજયરાજ વાચક, અને ધર્મવિજય તથા બીજા ઘણા મુનીઓની સંમતિ મેળવ-વામાં આવી આ પત્રમાં આ પ્રમાણે જાહેર કરવામાં આવ્યું કે:—

હિરવિજય સુરિજીની સમક્ષ ઘણા ગામોના સંઘની રૂબરૂમાં બારબોલ અને બીજી કેટલીએક શાસ્ત્ર વિરૂદ્ધ કરેલી પ્રરૂપણાઓ માટે સાગરે માફી માંગી મિચ્છામી દુક્કડં દીધો હતો. સાગરે તે ઠરાવોનું ઉલ્લંઘન કરીને "સર્વજ્ઞ શતક" ગ્રંથ બનાવ્યો. તે પણ શાસ્ત્ર વિરૂદ્ધ હોવાથી વિજયસેનસુરિએ તેમને દૂર કર્યો અને સર્વજ્ઞ ગ્રંથને અપ્રમાણીક ઠરાવ્યો તે ગ્રંથને વાંચશે પંચાવશે તેને ગુરૂની આજ્ઞા બહાર ગણવામાં આવશે. વીગેરે વીનતી પહેલા જણાવ્યા પ્રમાણે સાગરોને ગચ્છ બહાર વિજયસેનસુરિએ કીધા છે છતા વિજયદેવસુરિએ ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પશ્ચાતાપ કરાવ્યા સીવાય વિજયદેવસુરિએ ગચ્છમાં લઇ લીધા છે. ગચ્છના સુવિહિત સાધુઓનો મત છે કે સાગરો અને સાગરોને આશ્રય આપનારાઓ સાથે અમારે કોઇપણ જાતનો સંબંધ નથી, અગર સાગર પક્ષવાળા ગુરૂનું

જુઓ પાનું ૪

# રામવિજયની પાટણમાં પધરામણી

## સ્વાગતમાં નીકળેલા કાળા વાવટાનું જંગી સરઘસ આખરે ચાલેલું લાઠીરાજ.

ઘણા વખતથી પાટણ આવવાના કોડ પુરા કરવા આખરે રામવિજયજીએ અમદાવાદમાં તા. ૧૬-૪-૩૧ ની સવારે એક ઝેરી વ્યાખ્યાન આપી પાટણ તરફ પોતાના પગલા ફેરવ્યા. ધીણોજ મુકામે પાટણના જૈન યુવાનોના એક ડેપ્યુટેશને મહારાજને પાટણ નહી પધારવા માટે તથા પાટણની ચાલુ પરીસ્થીતીનો વીચાર કરી પાટણની સુલેહ શાંન્તીનો ભંગ નહી કરવા માટે સમજાવ્યા તથા એક લેખીત પત્ર પણ આપ્યો રામવિજયજીએ પોતાની હંમેશ ટેવ મુજબ હસીને તિરસ્કાર કર્યો અને પોતાની બહાદુરી હાંકતા જણાવ્યુ કે " હીંદુસ્તાનના એક લાખ યુવાનો ભેગા થાય તો પણ હું ડરી જાઉં તેમ નથી " બરાબરી જવાબ નહી મળવાથી એ પત્ર જાહેરની જાણ માટે બહાર પાડવામાં આવ્યો.

જેઠ સુદી ૭ નો દીવસ પાટણ પ્રવેશ માટે મુકરર કરવામાં આવ્યો પણ આ ત્યાગી વૈરાગીને મંગળવાર શુભ નડવાથી બીજની સાંજના ઉતારા માટે શહેર બહાર બગલાની સેંધ ચાલી. સ્ટેશનના રસ્તે આસરે જૈન જૈનેતરના પોણો ડઝન બંગલા હોવાં છતાં આ સાહેબના માટે એક પણ બંગલો નહી મલવાથી ત્રીજની સવારે પાટણ આવ્યા. તથા અનાથ-આશ્રમમાં સાંભળવા પ્રમાણે રૂપીઆની સારી રકમ ભેટ આપી ભક્તોએ તેમાં મુકામ કરાવ્યો.

રામવિજયજીના સ્વાગત માટે ધ્વજા, પડદા, બોર્ડો, વીગેરે સામાન કે જે વિહાર દરમ્યાન સાથે ફેરવવામાં આવે છે તે અગાઉથી પાટણ આવી પહોંચ્યો. સારી હાજરી સામૈયામાં બતાવવા માટે રાધનપુર, વઢવાણ, જામનગર, અમદાવાદથી માણસોને બોલાવવામાં આવ્યા. આણુરમાંથી પણ લગભગ બસોથી અઢીસો માણસો આવ્યા. પુજા કરવાને દેરાસરમાં જતા હોઈએ અને કોઈ સાધુ આવવાનું સાંભળવામાં આવે તો પુજા પડતી મુકીને પણ સામૈયામાં જવુ જોઈએ એવું શાસ્ત્ર ફરમાન છે એવો ઉપદેશ આપી ચંદ્રસાગરે ભક્તોને તૈયાર કર્યા.

બીજી બાજુથી પાટણના યુવાનોએ આ અભીમાની, ઝઘડાખોર, ગાંધીજીના સ્વદેશીના નીંદક વગર નોતરે પાટણમાં આવતા આ નામીચા રામવિજયના લાયક સ્વાગતની પુરતી તઈયારી કરીનાખી. કાળા સુત્ર બોર્ડો કાળી ધ્વજા પતાકા જગ્યાએ જગ્યાએ બાંધીદીધા "રામવિજય પાછા જાઓ"ના લેખો ભીતે ભીતે લાગી ગયા. ધીણોજ મુકામે મળેલા જવાબથી " શાસનને એકદમ સળગાવી મુકો" અરીહંતની માફક શત્રુઓને હણી નાખો " વીગેરે ચંદ્રસાગરના હીંસક ઉપદેશથી, અમદાવાદમાંના રામવિજયના બાપરૂથી તથા વગર નોતરે ખાસ ઝગડામાં ગ્યાસલેટ નાખીને તેને વધારવા માટેજ પાટણ આવતા હોવાથી જેમ જેમ આ અભીમાની રામવિજયના પગલા પાટણ તરફ આગળને આગળ વધવા માંડયાં તેમ તેમ અહીંના લોકોમાં અજબ જાગૃતી આવવા માંડી.

જેઠ શુદ બીજની રાત્રે શ્રી સંઘ એકઠો થયો. લાંબી વાટાઘાટ પછી પાટણના શ્રી સંઘ ઉપર કરેલા આક્ષેપોના લીધે તથા શ્રી સંઘનું અપમાન કરેલુ હોવાથી રામવિજયના સામૈયા તથા વ્યાખ્યાનનો સર્વાનુમતે બહીષ્કાર જાહેર કરવામાં આવ્યો તેમની સાથે કોઈપણ જાતનો સંબંધ નહી રાખવા માટે આ ઠરાવની લોકોને જાણ માટે પત્રીકા ફેરવવામાં આવ્યો.

### જેઠ શુદ ત્રીજની ચકચાર પ્રભાત.

અરૂણે સોનાની કુંચીવડે પુર્વ તરફનો દરવાજો ઉઘાડયો અને સુર્ય દેવતાએ પ્રભાતની જાણ કરી જે પ્રસંગની રાહ જોવાતી હતી. તે પ્રસંગ આવી પહોંચ્યો. અપૂર્વ ઉત્સાહ સાથે બાળકો, યુવાનો, અને પ્રૌઢો હાથમાં કાળા વાવટા લઈને આવવા માંડયાં એક કલાકમાં તો આ સંખ્યા હજારે ઉપર થઈ ગાંધીજીના નિંદક અને સ્વદેશીના વિરોધી આ અહંગ પેસાડીને સારી રીતે લોકો જાણતા હોવાથી જૈનેતરોની પણ સારી સંખ્યા ઉતરી પડી રીતસર સરઘસ ગોઠવાયાબાદ હવામાં કાળા વાવટા ઉરાડતા આ સરઘસ ગામમાં ફરી વધતી જતી સંખ્યા સાથે સરઘસ ગામ બહાર રામવીજયના ઉતારે (અનાથ આશ્રમે) પહોચ્યું. "રામવિજય પાછા જાઓ"ના કાન બહેરા બની જાય તેવા બુલંદ અવાજે થયેલા પોકારો રામવિજયના કાન સોંસરા નીકળી ગયા ત્યાંથી સરઘસ ગામમાં આવ્યું અને રસ્તાની બંન્ને બાજુએ લાઈનબંધ કાળા વાવટા રાખી રામવિજયના સરઘસના સ્વાગત માટે રાહ જોતા સૌ ભાઈઓ ઉભા રહયા.

જુઓ પાનુ ૫

---

ત્રીજા પાનાનું ચાલુ

(એટલે વિજયદેવસુરિનું નહી પણ વિજયસેનસુરે અને વિજય-હીરસુરિનું સમજવું) વચન માને તો તે અમારી સાથે ભળે જો વિજયદેવસુરિ સાગરોને ગુરૂની આજ્ઞા પાળનારા ગણીને ભેગા લે તો ખુશીથી અમો વિજયદેવસુરિને વાંદીને તેમના સાથે વ્યવહાર રાખીશું." ઠરાવની નકલો દરેક ક્ષેત્રોમાં મોકલી અને સાધુ-ઓને આદેશ કરી દીધા.

નંદિવિજય વાચકે જાહેર કરી દીધું કે હું ગુરૂવચનને માનવા વાળો છું તો મારી સાથે રહેવાની ઇચ્છા હોય તો મને સાથ આપો તેથી સાગરો ઘણાજ ગુસ્સે ભરાયા અને તેથી સાગરોએ કોરટનો આસરો લઇને તેમને એટલે નંદિવિજય સોમવિજય વીગેરે ને નુકશાન પહોંચાડવાનો ઇરાદો કર્યો.

(હિરતો તૈયાર રહેજો રામવિજયો અને સાગરો પણ તમારી સંઘ સત્તાને નાબુદ કરવા મથે છે. મરજીમાં આવે તેમ વર્તવાની શ્રાવકોના નાંણે કોરટોમાં જઇને સંઘ સત્તા ને નાબુદ કરવા માટે સાગર અને રામના અનુયાયી તમોને હેરાન કરે તો પણ તેવા કહેવાતા દંભી પાખંડી સંઘથી હોવા છતાં નિગ્રંથનો ડોળ ઘાલી રવિસાગર અને ભક્તીસા-ગરની બાપ વીતીઓ જાણીને પણ જો ભુલેચુકે કોરટમાં જઇને સત્તાનો પાયો મજબુત કરવા દોડીશ તો સંઘ સત્તા મજબુત નહીં થતાં ઢીલી થશે માટે પહેલાજ તે સાગરો અને રામના અનુયાયીઓને સંઘ સામે કોરટે જવ દો અને રક્ષણ માટે દરેક રીતે પાટણના સંઘની માફક બચાવ કરજો. તેમાંજ શ્રેય છે કારણ કે સોમવિજય વાચકે લખ્યું કે સાગરો કોરટનો આસરો લઇને નુકશાન પહોંચાડવાનો ઇરાદો કરે છે. તે ઇરાદો અમલમાં મુકે તે પહેલાં સોમવિજય વાચક આણદુલ્લાખાનને ( એટલે તે વખતના ગુજરાતના સુબાને કેવી રીતે ખુશ કરીને પોતાનું કામ કેવી રીતે કાઢે છે તે હવેથી ફુરસદ મળે બહાર પાડવામાં આવશે.

(અપુર્ણ)

આ ઉશ્કેરાઇ જતા માનવ સાગરથી ગભરાઇ જઇ રામ ભક્તોએ હોહાદેકાર કરી મુકી પોલીસ પાર્ટી બંદુકો અને લાઠી સાથે આવી પહોંચી મજબુત પોલીસ રક્ષણ નીચે વોલીંટીઅરોની કોર્ડનમાં ગોઠવાયા બાદ ડંકા નિશાનના રણકાર સાથે આ રામવિજયજીએ પાટણમાં પ્રવેશ કર્યો. પોલીસ પહેરા નીચે પાટણમાં આવવાનો આ પહેલોજ પ્રસંગ છે. જે પાટણના ઇતિહાસમાં રામવિજયના નામને કલંક લગાડતો રહી જશે પાટણ ઉપર જીત મેળવી તેને પોતાને તાબે કરવા આ સેનાધિપતિ રામવિજયે પ્રેમવિજય મેઘવિજય આદિ સપાર સાધુઓ સાથે પરદેશી ભાડુતી સેના સાથે પાટણમાં પ્રવેશ કર્યો

બીજી બાજુએથી હવામાં ઉંચા કાળા વાવટા જોતું જોતું તથા રામવિજય પાછા જાઓના પોકારો સંભળતું આ અભિમાની રામનું સરઘસ પોલીસ પેરા નીચે ધીમે ધીમે બજારમાં આવ્યું બોલાવવામાં આવેલા પરદેશીઓ સિવાય પાટણના એક નાના બચ્ચાંએ પણ આ સરઘસમાં ભાગ ન લીધો આવા આવા સખ્ત બહિષ્કારથી તેમજ કાળા વાવટાથી ઉશ્કેરાઇ જઇ આ રામ ભક્તોએ મગજનું સમતોલપણું ગુમાવ્યું સાજનમાંથી લાકડીઓ ઉછળી અને શાન્ત ઉભેલા કાળા વાવટાધારી યુવાનો ઉપર ફરીવળી શાન્તી અને સંયમથી આ લાઠીઓ ખાવામાં આવી સરઘસ આગળ વધ્યું અને રામ ભક્તોએ રામની હાજરીમાં સુખડીવટ અને કેસીવટ વચ્ચે બીજીવાર લાઠી ચલાવી આ રીતે બબ્બે વખત લાઠી જ ચાલવા છતાં આ હથીઆર વિનાના યુવાનોએ આ ગુંડાશાહીની લાઠીના પ્રહારો ઝીલી શાન્તી અને સંયમ સાચવી રાખ્યાં.

આટલું કરવા છતાં પણ જ્યારે કાળા વાવટાના દેખાવો ચાલુ રહ્યા ત્યારે તો આ રામભક્તોએ પોતાનો મિજાજ ગુમાવ્યો. પંન્યાસજી પહોંચતા પહેલા સરઘસ અટકાવી આ વાવટાધારી યુવાનોને ઘેરી લીધા અને છુટથી લાઠી ચલાવી ગુંડાશાહિ માટે નામીચા થએલા ચાણસ્માવાળાઓએ પોતાની શક્તિ આ લોકોના ઉપર લાકડી વાપરવામાં બતાવી. યંગમેન્સ જૈન સોસાયટીના વોલંટીઅરોએ પણ પોતાના હાથમાંની પીત્તળની પાઇપોથી તેમજ કમર ઉપરના ચામડાના પટ્ટાઓથી પોતાની બહાદુરી બતાવી.

રામવિજય, મેઘવિજય, પ્રેમવિજય, નગીનદાસ, છબાભાઇ આદી સઘળા ઉભા ઉભા આ સર્વ જોઇ રહ્યા હતા. પણ આ સઘળું બંધ કરવા કાંઇપણ હુકમ બહાર ન પાડયો કે પોતે કાંઇપણ મહેનત ન કરી પોલીસે ન છુટકે લાઠી વાપરી લોકોને વીખેરવા પ્રયત્નો કર્યા પણ બન્ને બાજુથી ઘેરાઇ ગએલા વાવટાધારી યુવાનોજ મોટાભાગે આ લાઠીના ભોગ થયા. પોલીસ ઓફીસર, સીટીફોજદાર, રા. આબેગાંવકરની કુનેહભરી સાવચેતીથી આખરે આ તોફાની રામટોળું વીખરાયું એટલેથી અટકી પહેલું સરઘસ આખરે ફોજદાર સાહેબના હુકમથી આગળ ચાલ્યું [ચાર માણસોની ધરપકડ કરવામાં આવી જેમાં બે વાવટા ધારી યુવાનો પણ સંજોગવસાત સપડાઇ ગયા પણ ફક્ત અટકાયત કલાકમાં. ફોજદાર સાહેબે છોડી દીધા] જૈન યુવાનોએ છેવટ સુધી મગજ ઉપર કાબુ રાખી પોતાનો સખ્ત વિરોધ બતાવી વિખરાઇ ગયા દશબાર યુવકો ઘાયલ થયા છે જ્યારે ત્રીસ ચાલીસ યુવકોને ઓછી વધતી ઇજા થયેલી છે. આટલું થવા છતાં આ રામ ભક્તોએ એક પણ દીલગીરીનો શબ્દ કહાડયો નથી

રામવિજયના આગમનના આ પ્રથમ દિવસેજ પાટણની પવિત્ર ભુમી ઉપર લોહી રેડાયા છે. તેના ચોમાસાના નિવાસ દરમ્યાન તેની પ્રવૃત્તિ કેવી ચાલશે તથા શું પરીણામો નીપજાવશે તે અત્યારે કોણ કહી શકે? જનતા તેની તરફ તિરસ્કારથી જોઇ રહી છે. પ્રભુ તેને સન્મતિ આપે અને પાટણમાં વધુ લોહી રેડાતા અટકે એજ ઓમ શાન્તિ.

# રાધનપુરની જૈન જનતા! સાવધાન!

## કહેવાતા મુની રામવિજય રાધનપુર પધારે છે

( લેખકઃ—શશીકાન્ત—મુંબઇ. )

પાટણમાં મુનિ રામવિજયની સામે અતી તીવ્ર વિરોધ હોવાને લીધે ત્યાં રહેવાનું તેમને માટે લગભગ અશક્ય થઇ પડયું છે. જેથી તેઓ શંખેશ્વરજી થઇને રાધનપુર જવાના છે એમ સંભળાય છે. રાધનપુરના સ્થાનીક જૈનો આ મહાત્મા (!) વિષે ઓછું જાણતા હોવાથી મારે રાધનપુરની જૈન જનતાને સાવધાન કરવાને માટે લાલબત્તી ધરવી પડે છે.

આ તેજ મુનિ રાજ છે કે જેમણે જૈન કોમમાં ઘેર ઘેર કલેશ કંકાસની હોળીઓ સળગાવી છે તેમનાં જ્યાં જ્યાં પનોતાં (!) પગલાં થયાં છે ત્યાં ત્યાં તેઓ હડધુત થયા છે, જેને માટે ભાવનગર, લીંબડી, વઢવાણ અને પાટણના તાજેતરના દાખલા મોજુદ છે પાટણમાં તેમની સામેનો વિરોધ કાળા વાવટાઓથી અને ભાષણોથી વ્યક્ત કરવામાં આવ્યો હતો. ત્યાંના સામૈયામાં કરવામાં આવેલો લાઠી ચાર્જ એ ખરેજ ખેદજનક બનાવ ગણાય આ દશ્ય નજરે જોનારા કહે છે કે લાઠી ચાર્જના વખતે આ કહેવાતા અહિંસાવાદી મહાત્મા હસતા જણાતા હતા, એટલુંજ નહિ પણ સાંભળ્યું છે કે એક દીવસ વ્યાખ્યાનમાં તેઓ એમ બોલેલા કે વાગોળીઓને એક લાઠી મારનારને એક ઉપવાસનું—બે લાઠી મારનારને બે ઉપવાસનું એ પ્રમાણે ફળ મળે. આ ઉપરથી એટલું તારણ જરૂર નીકળી શકે કે તેઓ ગુંડાશાહીમાં માનનારા છે અને તેઓ જુદો રામપંથ કાઢવા માગે છે.

પ્રાતઃસ્મરણીય પરમાત્મા મહાવીર સ્વામી છદ્મસ્થપણામાં અયુક્ત થવાના સંભવને લીધે કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પહેલાં વ્યાખ્યાન પણ આપતા નહોતા જ્યારે આ મુનિ વ્યાસપીઠ ઉપર બેસી હાથમાં ચાર પાનાં દેખાવનાં રાખી પોતાની જીભડી ઉપર કોઇપણ જાતનો કાબુ રાખ્યા વગર જેમ આવે તેમ હાંકે રાખે છે, અને તેમની વ્યાખ્યાન શૈલીમાં લટ્ટુ બની ગએલા લોકોની અંધશ્રદ્ધા અને અજ્ઞાનતાના ભોગે પોતામાં રહેલી સુંદર વ્યાખ્યાન શૈલીનો દુરૂપયોગ કરી રહ્યા છે. ભગવાનની પર્ષદાની અંદર ધર્મી અધર્મીઓ, આસ્તીકો, નાસ્તીકો, અરે અભવીઓ યાવત્ પશુપક્ષીઓ પણ આવતાં છતાં પણ શ્રોતાગણને મહાનુભાવ શબ્દથી ભગવાન સંબોધતા, જ્યારે આ મુનિ તેમણે માની લીધેલ ધર્મી અધર્મીઓને લડાવીમારી જુદા પાડે છે. શાસનપ્રેમીની તેમની વ્યાખ્યા ખાસ સમજવા જેવી છે. રામ—સાગર—લબ્ધિની ટોળીને જેઓ માને તે શાસનપ્રેમી પછી ભલે તેઓ જૈનધર્મના સિદ્ધાંતો મુજબ જરાયે વર્તતા ન હોય. અને રામ—સાગર—લબ્ધિની ટોળીની અયોગ્ય પ્રવૃત્તિ, ધર્મના નામે કરવામાં આવતાં ધતિંગો અને બાળહરણ અને છુપી અયોગ્ય દીક્ષાના વિરૂદ્ધ હોવાના કારણે તે ટોળીને ન માનનારાઓ, પછી ભલે તેઓએ સંઘો કાઢયા હોય, ઉજમણાં કર્યાં હોય, વર્ધમાન તપની ઓળીઓ કે માસક્ષમણ જેવા મહાન્ તપ કર્યાં હોય, પવિત્ર સિદ્ધક્ષેત્રમાં નવાણું કે ચાતુર્માસ કર્યાં હોય તોપણ આ ત્રીપુટીને નહિ માનવાના કારણે તેઓ હાડકાંનો માળોજ ગણાય, જાણે કે ધર્મી અધર્મીનું બિરૂદ આપવાનો ઇજારો આ ત્રીપુટીએજ રાખ્યો હોયની!

જુઓ પાનું ૬

પાંજરામાં પાનાનું ચાલુ

આ તેજ મુનિ છે કે જેમને માટે એમ કહેવાય છે કે તેઓએ મારવાડમાંથી પુસ્તકો છપાવવા માટે ભોળા મારવાડીઓ પાસે હજારો રૂપીઆ જ્ઞાન ખાતે ભરાવી તે પૈસા પોતાનું સ્વતંત્ર છાપું કહી યંત્રમાં હોમાવ્યા. જનો ૬'ઠ્ઠ ચટણી ખાય છે એ વગર વિચાર્યું બોલી જૈનોને જૈનેતર પ્રજાની અંદર શરમાવવું પડે એ સ્થીતિ ઉત્પન્ન કરનાર પણ આ મુનિજ હતા. વળી જૈનોનું અમે ભલું ન ઇચ્છી શકીએ એવાં વાક્ય ચાહપો બોલનાર પણ આ મુનિ પોતેજ હતા. જો કે અયોગ્ય દીક્ષા પ્રવૃતિમાં પોતાનાં અન્ય પ્રવૃતિઓમાં યાવત્ તેમની દરેક પ્રવૃત્તિમાં જૈનોનાજ પૈસાની તેમને જરૂર પડે છે.

જ્યારે મુનિરામવિજયના સમેયામાં કાળા વાવટાઓથી અને ભડકારાથી દરેક સ્થળે તેમનું સ્વાગત થાય છે ત્યારે મહાત્મા ગાંધીની માફક તેઓ વિરોધીઓને પ્રેમથી શા માટે જીતતા નથી? શું મહાત્માજી જેટલુ આત્મ બળ તેઓ ધરાવતા નથી? મહાત્માજીને કાળાં ફુલો આપનારાઓની પાસે તેમણે વધુ ફુલોની માગણી કરી, અને પોતાના વાક્યમાં લખ્યું કે તેઓ મારી તરફ સભ્યતાથી વર્ત્યા હતા, તેઓએ ન તો મારા શરીરને ઇજા કરી કે ન તો મારૂં અપમાન કર્યું. તેઓ મારતે તો મને મારી શકતે અથવા મારા શરીરને ઇજા કરી શકતે આ રીતે તેઓ એક લાખ વિરોધીઓને પ્રેમથી જીતીને પોતાના પક્ષમાં લઇ શક્યા. શું પ્રેમ, સમતા અને શાંતિની મૂર્તિ! જો મુનિ રામવિજય ગુણાનુરાગી બને તો તેઓ મહાત્માજી પાસેથી ઘણું ગ્રહણ કરી શકે તેમ આત્માને અધોગતીમાં લઇ જનાર કષાયોની ઓછાશ તેમજ સમતા શાંતિ, પ્રેમ આત્મબળ વિગેરે ઘણા ગુણો તેમની પાસેથી મેળવી શકે.

મુનિરામવિજયના કેટલાક અંધભક્તો પોતાની બુદ્ધિનો જરાયે ઉપયોગ કરતા નથી. અને મહારાજ સાહેબે આમ કહ્યું અને તેમ કહ્યું એવી વાયડી વાતો કરે છે. મુનિરામ-સાગર લબ્ધિની અયોગ્ય દીક્ષાના ફળરૂપે હાલમાં કેટલાક સાધુઓ (ફકત રામ-સાગરમાંથીજ) દીક્ષા છોડી સંસારમાં પાછા આવે છે. આના સંબંધમાં તે મુનિઓ તરફથી એમ કહેવામાં આવે છે કે દીક્ષા નહિ લેનાર કરતાં દીક્ષા લઇને ભાગનારાઓ ઉત્તમ છે. અંધ શ્રદ્ધાળુઓ પોતાના ગુરૂની આવી વાહીયાત વાતો પણ સાચીજ માની બેસે છે. કયા જૈન સિદ્ધાંતો આ હકીકતને ટેકો આપે છે. એ તેઓ જણાવશે? ખાસ અપવાદરૂપ માર્ગ ધોરી માર્ગ બનતો જાય છે એ સાધુ સંસ્થાની હેલના-હીણપત છે એની સર્વ જોખમદારી આ ત્રીપુટી ઉપર છે.

કેટલાક જૈન ભાઇઓ કહે છે કે સાધુની નીંદા કરનાર ભુંડા હાલે મરશે. બીલકુલ સાચું છે અને મારે પણ તે કબુલ છે. હું ઇચ્છું છું કે તે ભાઇ સાધુ શબ્દનો અર્થ કોઇ તટસ્થ વિદ્વાન (પછી ભલે તે વિદ્વાન સાધુ હોય યા શ્રાવક) પાસેથી શીખી લે! તેવા ભાઇને મારો સભ્યતા પૂર્વક એ પણ જણાવ્યુ છે કે સાધુના વેશમાં રહી શેતાનીયત કાર્યો કરનાર પાખંડી શેતાનોને પોષનારાઓ અને સાચા સાધુઓની અવગણના કરનારાઓ તેથીયે વધારે ભુંડા હાલે મરશે એ સિદ્ધાંત તમારે કબુલ છે યા નહિ? સાચા ખોટાની પરીક્ષાજ તમોને કયાં છે? કથીરને કંચન માની બેઠેલાઓ ગુરૂઓ જોયા કે વ્યાખ્યાન શૈલી? ગુરૂઓમાં અંજાઓ તો આત્માનું કલ્યાણ કરી શકશો. વ્યાખ્યાન શૈલીમાં નઅંજાઓ તમારી આંખ ઉપર પડળ વળી ગયાં છે તે દુર કરો અને વાણી તરફ ન જોતાં વિચારો, વર્તન, ખટપટો, ધમંડ દંભ, માયા, પાખંડ આદીનું બારીક નિરીક્ષણ કરો. અંધશ્રદ્ધારૂપ કાળાશ દુર કરો અને બુદ્ધિનો ઉપયોગ કરો તો તમારી આંખો સામે સાચો પ્રકાશ જણાશે. અને તમોને માલુમ પડશે કે અમારી અજ્ઞાનતાનો અને અંધશ્રદ્ધાનો કેવો દુરૂપયોગ થઇ રહ્યો છે. અમોને ખરી બુદ્ધિએ કેવા મુર્ખ અને પાગલ બનાવવામાં આવ્યા છે. પુર્વાચાર્યોએ પવિત્ર આગમો લખ્યાં પણ કોઇ મુનિરાજ કે મહાન્ ગીતાર્થ આચાર્યોએ પોતાના વ્યાખ્યાન છપાવવા છાપું કહાવ્યું કદી એ સાંભળ્યું છે? છતાં જૈન પ્રવચન છપાય છે તેની સામે તમે કદીયે પ્રશ્ન ઉઠાવ્યો છે? નજ ઉઠાવો, કારણ તેવો પ્રશ્ન ઉઠાવવામાં તમારી અંધશ્રદ્ધા આડે આવે છે. સો બસો વર્ષ પછી આજના જૈન પ્રવચનોને કોઇ પુસ્તક રૂપે છપાવી આગમ તરીકે મનાવશે તો તેનું શું પરિણામ આવશે તેનો વિચાર કરવાનું હું તમોનેજ સોંપું છું.

પુજ્ય મુનિ સંસ્થાની દીક્ષાની કે યાવત્ જૈન ધર્મની જો કોઇએ જાણ્યે અજાણ્યે નાલેસીહેલના કરાવી હોય તો તે આ ત્રીપુટી મુનિરાજોજ છે એવું મારૂં મન્તવ્ય છે. એટલુંજ નહિ પરંતુ તેમની અયોગ્ય પ્રવૃત્તિ અને ધતિંગોથી ભવિષ્યમાં પણ જૈનો ધર્મથી વિમુખ બનતો સંભવ હોવાથી આ ત્રીપુટી જૈન શાસનની સેવા: કરી રહી છે. એ વાત તેઓ સમજે અને પોતાની પ્રવૃત્તિમાં ઘટતો સુધારો કરે એમાં જૈન ધર્મને જૈન સમાજને અને સાધુ સંસ્થાને બધાને લાભ છે.

છેવટે રાધનપુરની જૈન જનતાને મારે જણાવવું જોઇએ કે સાધુનાં વેશમાં રહેલ કલેશ અને કંકાસની મૂર્તિ તમારા આંગણે આવે છે સવિ જીવ કરૂં શાસન રસીનો સિદ્ધાંત દેખાવમાં રાખીને સવિ જીવ કરૂં કલેશ રસીના કાર્યો કરનાર મુની તમારા આંગણે આવે છે. સુંદર વ્યાખ્યાન શૈલીના જોરે તમોને તે આડે રસ્તે દોરે એવો સંભવ છે. માટે હું લઘુ બની ધરૂં છું અને તમોને એક સ્વામીભાઇ તરીકે ચેતાવું છું કે તમોને મુર્ખ બનાવે તો મુર્ખ બનવાની ના કહેજો તમોજ શાસન પ્રેમી એમ કહી રાધનપુરમાં રહેતા અન્ય માણસોને હાડકાનો માળો કહી તમોને આપસ આપસ લડાવે તો ચેતી જજો અને લડવાની ના કહેજો શાણા અને સુજ્ઞ બની બુદ્ધિનો ઉપયોગ કરજો અને દુનીઆને દેખાડી આપજો કે હવે અને શાણી રાધનપુરની જૈન વસ્તી રામવિજયના પંજામાં ન ફસાઇ. ભાઇ ભાઇઓમાં લડવું, આખડવું, મારામારી કરવી અને તે પણ ધર્મના પવિત્ર નામે એ સુજ્ઞ માણસનું નહિ પણ પાગલોનું કામ છે. છેવટ ફરી પ્રેમથી વિનવું છું કે રાધનપુરના જૈનો! સાવધાન!

પરમાત્મા સૌને સદ્બુદ્ધિ આપે!

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે

Reg No. B 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૨૩ મો. | સંવત ૧૯૮૭ ના જેઠ વદ ૮ તા૦ ૮-૬-૩૧ | છુટક નકલ : ના આનો.

## ગોડીજીના દેરાસરના ટ્રસ્ટીઓનો જવાબ.

મુંબઇ, તા૦ ૧૧ મી માર્ચ ૧૯૧૧.

મેસર્સ એન સી. દલાલ એન્ડ કું૦ જોગ

મેસર્સ ઝવેરી એલ. મંછુભાઇ સવાઇચંદ અને બીજાઓ વકીલો.

વ્હાલા સાહેબો,

તમારા ગયા મહીનાની તા. ૨૬ મીના પત્રના સંબંધમાં અમારા અસીલો મેસર્સ મોહનલાલ હેમચંદ, નેમચંદ અભેચંદ, રતનચંદ તલકચંદ, કસ્તુરચંદ નાનચંદ, મોતીચંદ છ. કાપડીઆ, હીમતભાઇ ન્હાલચંદ અને મણિલાલ મોતીલાલને અમે મળ્યા છીએ અને તેમના તરફથી અમને નીચે મુજબ જવાબ આપવાની સુચના કરવામાં આવી છે.

આ ચેરીટીની સ્થાપનાના ૧૫૦ ઉપરાંત વર્ષોથી થયેલ હોવા છતાં આ ચેરીટીનું ટ્રસ્ટડીડ હજુ સુધી કરવામાં આવ્યું નથી એમ તમે કહો છો તે તદન બરોબર છે. અમે જણાવીએ છીએ કે જ્યારે આ ચેરીટી અસ્તિત્વમાં આવી ત્યારે ટ્રસ્ટડીડ કરવાનો જરા પણ વિચાર હતો નહિ અને આવી ચેરીટીઓમાં કોઇ ટ્રસ્ટડીડ કરવામાં આવ્યું નથી.

એમ છતાં પણ આપને વિશેષમાં એ પણ જણાવવું જોઇએ કે આ ચેરીટીઓની વ્યવસ્થા ટ્રસ્ટડીડના ધોરણેજ કરવામાં આવે છે, બધા હિસાબ રીતસર રાખવામાં આવે છે; અને ચેરીટીની બધી મીલકતનું રોકાણ સ્થાવર મીલકતમાં અથવા તો સરકારી સીક્યુરીટીમાં અથવા તો સોનુ યા ચાંદીમાં અથવા તો બેંકોમાં ફીક્સ્ડ ડીપોઝીટમાં કરવામાં આવે છે, અને દર વર્ષે કુલ હીસાબ 'વિજય દેવસુર સંઘ'ની મીટીંગ સમક્ષ રજુ કરવામાં આવે છે. વિશેષમાં અમે એ પણ જણાવીએ કે અમારા અસીલો રીતસરની યોજના તૈયાર કરવાનો અને તે કાયદેસર ગણાય તેવા યોગ્ય પગલાં લેવાનો વીચાર કરી રહ્યા છે.

અમે તમને જણાવીએ છીએ કે ટ્રસ્ટી મંડળની તેમજ સમસ્ત સંઘની સભાઓના બધા અહેવાલ રીતસર રાખવામાં આવે છે. અમને ટ્રસ્ટડીડ કરવાની બીલકુલ જરૂર લાગતી નથી પણ ઉપર જણાવ્યા મુજબ ટ્રસ્ટડીડના સર્વ તત્વો આવી જાય તેવી એક યોજના કરવાની છે. આ ઉપરથી તમે અમારી સાથે સંમત થશો કે રીતસરનું ટ્રસ્ટડીડ કરવાની ખાસ જરૂરીઆત નથી. મજકુર ચેરીટીના હીસાબો છપાવવા અને પ્રગટ કરવા સંબંધમાં તમે જણાવો છો કે મજકુર હીસાબો છપાતા નથી તે વાત તદન સત્ય છે પણું હીસાબો રીતસર અને નીયમીત રાખવામાં આવે છે અને દર વર્ષે સમસ્ત સંઘની સભા સમક્ષ રજુ કરવામાં આવે છે અને આ ચેરીટીમાં હીત ધરાવનારા કોઇ પણ પક્ષ તરફથી પુછાતા પ્રશ્નોનો બરોબર ખુલાસો કરવામાં આવે છે અને હજુસુધી ચેરીટીના વહીવટની વ્યવસ્થા તેમજ પ્રમાણીકપણા વિષે કોઇએ કદી પણ શંકા ઉઠાવી નથી. સંઘની સભામાં હીસાબ રજુ કરવામાં આવે છે ત્યારે સંઘના સભ્યોને પુરતી તપાસ કરવાનો કે સવાલો પુછવાનો પુરતો અવકાશ મળતો નથી એ પ્રમાણેના તમારા અભીપ્રાય માટે અમે મળતા થતા નથી ખરી રીતે અત્યાર સુધીમાં અમારા અસીલોએ આ સંબંધમાં કોઇપણ જાતની ફરીયાદ સાંભળી નથી. સમસ્ત સંઘની સભા મળે ત્યારે તેની સમક્ષ હીસાબ છપાવવાને લગતી બાબત રજુ કરવા સામે અમારા અસીલો ને કોઇપણ જાતનો વાંધો નથી અને જો સંઘ અમારા અસીલોને કોઇ હુકમ કરશે યા સુચનાઓ આપશે તો તેઓને તે મુજબ અક્ષર સહ અમલ કરવાને કોઇ જાતનો વાંધો રહેશે નહિ.

વહીવટની ગેરવ્યવસ્થા સંબંધમાં અથવા તો વહીવટદારોની ગલતીઓ સંબંધમાં તમારા અસીલોએ કરેલો આક્ષેપ બહુ ગોળ ગોળ આપવામાં હોઇને તેનો કાંઇપણ જવાબ આપી શકાય નહિ અને ઇચ્છીએ છીએ કે અમારા અસીલોને જવાબ આપવાની બરોબર તક મળે એટલા માટે ગેરવહીવટ કે ગલતીઓ સંબંધમાં તમારા પત્રમાં વધારે ચોક્કસ હકીકતો રજુ થવી જોઇતી હતી અત્યારે તો તમારા અસીલે કરેલા આક્ષેપોનો સદંતર ઇન્કાર કરે છે એટલોજ ઉત્તર બસ છે.

અમારા અસીલોએ પન્યાસ રામવિજયજીના અમુક શિષ્યોને આ ચેરીટીના મકાનમાં આવવાના અને રહેવાની રજા આપી છે તે પ્રકારની તમારી ખબર સાચી નથી. આ બાબતની વધારે વિગતવાર તપાસ કરતાં અમને માલુમ પડે છે કે ટ્રસ્ટી મંડળે અથવા તો કોઇપણ ટ્રસ્ટીએ તે શિષ્યોને તેવી રજા આપી નથી અને અમને એમ કહેવામાં આવ્યું છે કે આ પ્રમાણેની તમારી ખબર સાચી નથી. માત્ર એક ટ્રસ્ટી મુંબઇથી દુર હોઇને તેની પાસેની માહીતી અમે મેળવી શક્યા નથી પણ અમને ખાત્રી છે કે આવી રજા આપવાની જવાબદારી કોઇ પણ ટ્રસ્ટી લે નહિ. અમે એ પણ તમને જણાવીએ કે આ સંબંધમાં કોઇ પણ જાતનો ઠરાવ કરવામાં આવ્યો નથી. ભીન્ન ભીન્ન પક્ષો તરફથી પરસ્પર વિરોધી અરજીઓની નોંધ લેવામાં આવી છે અને ટ્રસ્ટી મંડળે એક સંસ્થા તરીકે કોઇપણ બાજુનો પક્ષ લીધો નથી અને અમે આશા રાખીએ છીએ કે આ હકીકતથી તમારા અસીલોને બોર્ડ ટ્રસ્ટી મંડળના પક્ષ સંબંધી પુરતો સંતોષ થશે.

વધુ માટે જુઓ પાનું ૪ થું.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# યુવાનો કે જરીપુરાણા બુઢા બાવાઓનું મંડળ. ?

## શાસન સેવા કે ચેલાઓની ફેકટરી-ભસ્મગ્રહ પુછડું પછાડે છે ?

### સોસાયટી સમેલનના સ્વાગતના ભાષણની આછી સમાલોચના.

સારા સૌરાષ્ટ્રમાંથી પોતાના બનેલા (?) પગલાંના પ્રભાવે વિદાયગીરીનું માન મેળવી ચુકેલા અને ત્યાર બાદ અમદાવાદમાં ભરાયેલા પેલા કહેવાતા શ્રી એલ ઇન્ડીયા (?) યંગ મેન્સ(?) જૈન સોસાયટી સમેલનનું અધિવેશન ભરાઇ ગયું. સ્વાગતાધ્યક્ષ અને પ્રમુખના ભાષણો વંચાઇ ગયા. સોસાયટીની ગત વર્ષની કાર્યવાહીથી વાકેફગાર વ્યક્તિઓને એ ભાષણો અને કાર્યવાહી છેકજ નિરસ અને નિરાશાજનક (જેણે આશા રાખી હોય તેને) લાગ્યાં. ભાષણમાં સ્થાને સ્થાને મેમ્બરોની ભિન્ન કારકિર્દીની ભવ્ય આત્મપ્રશંસા ગવાઇ તેમના મુમુક્ષુપણાના, સાક્ષરતાના અને સર્વ જીવ ઉપરના પરોપકારિપણાના અમાપ બણગાં ફૂંકાયા. જે સંસ્થાએ છેલ્લા ચાર વર્ષમાં ચાર ડઝન સાધુઓ બનાવ્યા અને હજુ ઘણું ડઝનને પાછાં ઘર ભેગાં કર્યા-એમાંજ એના કાર્યની ઇતિશ્રી થઇ જાય છે. એ સંસ્થામાં નથી સકલ હિન્દના સમસ્ત યુવાનોનું પ્રતિનિધિત્વ કે નથી તેમાં યુવાનોની હાજરી કેવળ ધર્માન્ધ, અજ્ઞાન અને 'ઝુલ્ફાનેવાળાઓનું' જરીપુરાણું મંડળ-જેમાં સમાજના કોઇ પણ કાર્ય કરવાની ધગશ, ઉત્સાહ કે જોમ વિદ્યમાન નથી, જેને વૃદ્ધાવસ્થાનો શિથિલ અને પ્રાણનાશક ઝેરી પવન લાગેલો છે, જે વૃદ્ધ અને અશક્ત હોઇ બીજાની લાકડીએ દોરવાઇ રહી છે, જે ટુંકમાં કહીએ તો અમુક સાધુની અનિષ્ટ અને શાસન વિઘાતક આકાંક્ષાઓને પોષવા તેનું દલાલ મંડળ બની ચેલાઓ પુરા પાડવાની ફેકટરીરૂપ બની રહી છે. જે આવા શાસન-નાશક સાધુઓને ખુશ રાખવા જૈન સંસારમાં ભયંકર દાવાનળ સળગાવી રહી છે. જૈન સમાજમાં પક્ષાપક્ષીનું ભયંકર ઝંઝાવાત ઉભું કરી ધર્મના નામે અધર્મનો ફેલાવો કરી રહી છે, એવા અસત્ય નામધારી મંડળના ગત વર્ષની કાર્યવાહી તપાસતાં માલુમ પડે છે કે તેણે સ્થાને સ્થાને સારા હિન્દમાં ગાળીપ્રદાનો, ઝઘડાઓ, પક્ષા પક્ષીઓ અને સંક્ષેપમાં સમાજ અને ધર્મના અધઃપતનનું જમ્બરમાં જબ્બર પ્રચાર કાર્ય કરેલું છે. આ ચાર વર્ષ પહેલાં સમાજ પોતાની પ્રાચીન ઉન્નત સ્થિતિ ઉપર નહોતો એ વાત ખરી, તેને પુર્વની જાહેજલાલી પ્રાપ્ત થયેલી નહોતી એ વાત પણ સાચી છતાં સમાજમાં એક સંપી હતી, આંતર વિગ્રહ ન હોતાં અને ભાઇ ભાઇઓ વચ્ચે કલહ અને વૈમનસ્ય નહોતાં. પરંતુ જ્યારથી ખાસ કરીને રામવિજય અને એવા અન્ય સાધુઓએ યેનકેન પ્રકારેણ પોતાની ટોળકી વધારવાની ઘેલછા અને સ્વચ્છંદ વૃત્તિ ધારણ કરી અને શાસનનો નાશ કરવા આવી સોસાયટીઓ જમાવી ત્યારથી સમાજ અને ધર્મના સત્યાનાશના ડંકા વાગી રહ્યા છે. જૈનેતરોમાં પ્રતિષ્ઠાની હાનિ અને નિન્દા થવા લાગ્યા છે. અને સમાજના સાચા કાર્યકરોને ઉતારી પાડી સમાજની પ્રગતિનું કાર્ય ચેંકરી નાંખી સમાજને અધોગતિની ગર્તામાં ધકેલવા માંડયો છે. ભવિષ્યમાં સમાજ અને ધર્મનો જો નાશ ઉપસ્થિત થશે તો તે આવા ક્ષુલ્લક, સ્વાર્થપટુ અને અહંભાવી સાધુઓ અને તેના ચેલાઓ-ટોળીજ થશે એમાં રંજમાત્ર શંકાને સ્થાન નથી.

સ્વાગત મંડળના પ્રમુખે ઘણું ટુંકામાં બતાવ્યું છે. ઉદ્દેશો બતાવવા છે કાંઇ અને કાર્ય કરવાં છે કાંઇ શાસ્ત્રોમાં શ્રદ્ધા અને તીર્થ રક્ષાનો ઉદ્દેશ જે સર્વ જૈનોને માન્ય હોઇ શકે તેના ઓઠા નીચે ચેલાવર્ધક ફેકટરી ચલાવવી અને સમાજની ઉન્નતિના કાર્યો કરનારાને ભાંડવા આ કઇ જાતની મનોદશા ? શ્રી મહાવીર સ્વામીએ અવસર્પિણી કાલ સંબંધી ભવિષ્ય ભાખેલું તે શું ખરૂં પડતું જાય છે ? અથવા તો આ બધું ભસ્મગ્રહના પુંછડાનું જોર છે ?

તેમની ગત વર્ષની કાર્યવાહીની નોંધ તરફ દ્રષ્ટિપાત કરતા મુખ્યતઃ જણાશે કે તેમણે વડોદરાની ધારાસભામાં આવેલા અયોગ્ય દીક્ષા પ્રતિબંધના ખરડા સંબંધમાં એક નિવેદન તૈયાર કરેલું, ભારતવર્ષના એકસો ગામોમાં પુજા ભણાવી, આંગીઓ રચાવી અને ત્યાંના શ્રાવકસમુદાયને તે વાંચી સંભળાવી (જાણે કે તેમની હયાતી ન હોત ભગવાનની પુજા કોણ ભણાવત ? આંગીઓ અદ્રશ્ય થાત !) પોરબંદરની સાધ્વી બાબતમાં અયોગ્ય દીક્ષાનું સમર્થન કરી કલહ વધાર્યો; સાધ્વીઓ અને સાધુઓના કેસો લડયા (સમાજના નાણાં યોગ્ય રસ્તે વેડફ્યાં !) કોઇ અન્ય સંસ્થાએ ખોલેલ જૈન સાહિત્ય પ્રદર્શનમાં પોતાની જાહેરાત કરવા ગયુ ચિત્રો મુકીને સાહિત્ય પ્રદર્શનને સફળ (કે વિફળ ?) બનાવ્યું અને ઉપરે સમાજને અવળે માર્ગે દોરી દીક્ષાનો ડંકો (?) વગાડવાની ઉદ્ઘોષણા કરી.

છે આમાં કોઇ પણ ઠેકાણે તીર્થની ઉદ્ધારણાનો પ્રશ્ન છણ્યો ? જ્ઞાનપ્રસારની વાત ચર્ચાઇ ? સમાજ અને ધર્મની સુધારણાના તેને પરમોન્નતિના શિખરે લઇ જવાના જ્વલંત હિતા સૂચનો થયાં કે દ્રષ્ટિબિંદુઓ રજુ થયાં ? આ સર્વ ધોઇ લને બદલે ગતવર્ષમાં આપણે અડતાલીસ ચેલા મુંડયા, આ વર્ષે આપણે અઠ્ઠાવનની સંખ્યાએ પહોંચવુંજ જોઇએ અને આપણા રસ્તામાં વિઘ્ન કરે તેને દરેકાઇ પ્રયત્ને દાબી દેવા-એટલીજ વાત કરીને વિખેરાયા હોત તો જરૂર સમાજને સત્ય વસ્તુસ્થિતિનું દિગ્દર્શન થાત, અને સંસ્થાનું પ્રમાણિકપણું સાબિત થાત. તેને બદલે પરસ્પરમ્ પ્રસ્તુન્વન્તિ અહોરૂપમ્ અહો ધ્વનિઃનો મુદ્દો રજુ કરીને છુટા પડયા તેમના ઉદ્ગારો તો સાંભળો કરો—"છેલ્લા ચાર વર્ષમાં અહોરાત્રિ (એક મિનિટ પણ ઉંઘ આવી નથી ?) શાસનની સેવા (?) કરી શાસન સેવક (!) સંસ્થાનું બિરૂદ મેળવી ચુકેલી (તેમની કોઇએ આપેલું) તેની શાસનસેવા જગજાહેર છે. (અરે વિશ્વની બહાર ફેલાતી જાય છે) આપણે બધાએ શાસન સેવાની મંત્રણાઓ કરી શાસનના પ્રત્યેક અંગની સેવાની યોજનાઓ ઘડી કાઢી તેનો યથાશક્તિ અમલ કર્યો છે તે આપણે સારી રીતે જાણીએ છીએ. (સ્વપ્નું આવ્યું હશે !) આ શબ્દોમાં કેટલી બધી આત્મ પ્રશંસા છે અને સત્યથી વેગળી બીના રજુ થઇ છે ?

ભાષણનો એક તૃતીયાંશ ભાગે આવી આત્મપ્રશંસા અને વાહિયાત ઉદ્દેશોની ગણનામાં પુરો થાય છે. બીજો તૃતીયાંશ અમદાવાદની પ્રાચીન જાહોજલાલીના વર્ણનમાં રોકાય છે અને બાકીનો તૃતીયાંશ પોતાના સ્વધર્મી બન્ધુઓને ગાળી પ્રદાનમાં અને થાડા તર્જના કુતરાંની માફક સોસાયટીને માથે પ્રજુમતી આરે જવાબદારીની ગણત્રીમાં ખલાસ થાય છે.

તેમના વચનામૃતો કેવા અસત્ય આક્ષેપોથી અને અહંભાવથી ભરપુર છે તેનો નિહાળો 'જૈન શાસનની સામે બે સુરા અવાજો નીકળી રહયા છે, શાસ્ત્રોની સામે બંડ ઉઠાવવાની પ્રવૃત્તિઓ આદરી કુવામાં પડી પોતાનો વિનાશ કરાઇ રહયો છે. મુમુક્ષુ આત્માઓના આત્મવિશુદ્ધિના એ માર્ગમાં પાંચ પ્રમાદને વશ થયેલા, તત્વની અજાણ જૈન કુટુમ્બમાં જન્મ લેવાથી પોતાનામાં જૈનત્વની ગંધ ન હોવા છતાં જૈનત્વ છે એમ માનનાર તથા અઢારે પાપ સ્થાનક સેવતા કેટલાક અજ્ઞાની આત્માઓ વિઘ્નો નાંખવા અગર અંકુશ મુકવા તૈયાર થયા છે." આવા વાહિયાત અને બેશરમ વચનો પ્રમુખના મોઢામાં શોભે છે ? આ શબ્દોથી એવો ભાસ થાય છે કે પ્રમુખ સાહેબ અને તેમની આ ટોળકી તદન અપ્રમત્ત દશામાં છે, તત્વની સંપૂર્ણ પરિ જાણકાર છે તેમના હાડેહાડમાં જૈનત્વ ઠસી ઠાંસીને ભરેલું છે, એક પણ પાપ સ્થાનકથી દૂર નાસનારા છે, શાનથી પરિપૂર્ણ છે. ટુંકમાં તેઓ સિદ્ધ, શુદ્ધ, મુક્ત સ્વરૂપ કેવળી આત્માઓ છે. શી ધૃષ્ટતા ! શો નર્યો દંભ ! આ ટોળકીના પામર જનો તદન દયાને પાત્ર છે, કારણકે તેઓ કયી સદીમાં વસે છે તેનું તેમને ભાન નથી. ધુવકની દૃષ્ટિએ સર્વત્ર શાંતી અને અંધકારજ છે. પ્રભુ ! પ્રભુ ! અમારા આ મુમુક્ષુ બન્ધુઓથી અમને બચાવો !

તેમના ભાષણમાં ડગલે ડગલે સુધારકો અને બુધ્ધિમાનો નાફ્રતા કરેલું પ્રદર્શન થાય છે. "શાસન સામે ઝેરી પ્રચાર થઇ રહયો છે. આક્રમણો થઇ રહયાં છે, શાસનની હેલના થઇ રહી છે. તેનો પ્રતિકાર કે મહાનુભાવો ! અને બતાવો."—આમ જણાતી અંતમાં સોસાયટીના લાગતા વળગતાઓને તેમણે જે અમુલ્ય ઉપદેશ આપ્યો છે તે જરૂર સોસાયટીના સભ્યોએ અમલમાં મુકવા જેવો છે—"જૈનધર્મના નામે કોઇ પોતાનો સ્વાર્થ સાધવાની ઇચ્છા ન રાખે, મનગમતી રીતે મ્હાલવા અગર સ્વચ્છંદને પોષવા શાસ્ત્ર નિરૂંધ મનગમતી પ્રવૃત્તિઓ ન આદરે, વાણીના વિલાસથી સરલ પ્રકૃતિના મનુષ્યોને આજી દઇ તેમના જીવનને આવકુળ કરાવી દેવાની પેરવીઓ ન કરે." વગેરે સોસાયટીના લાગતા વળગતાઓ અને તેમના માની લીધેલા સંઘુઓ આટલું અમલમાં મુકે—એટલે અયોગ્ય દીક્ષાનો પ્રચાર કરીને પોતાની સાઢર-જમાત વધારવાનો સ્વાર્થ સાધવાની ઇચ્છા ત્યાગે, મનગમતી રીતે મ્હાલવા, શાસ્ત્રોને ઉંચા મુકી પુસ્તકના આશ્રય વગર યદ્દા તદ્દા બકવાદ કરવાનું છોડી દે, વાણીના વિલાસથી બિચારા ભોળાં બાળકોઓને-અજ્ઞાન જૈનોને આંજી અવળે રસ્તે ચઢાવવાનું બંધ કરે, શ્રાવક ધર્મમાં દદ કરી તેમનો વિનાશ કરાવી તેમનો ભવ હરાવી દેવાની પેરવીઓ ન કરે તો અવશ્ય પ્રમુખના વચન પ્રમાણે શાસનનો વિજય વાવટો ફરકે સોસાયટીના બન્ધુઓ ! કાંઇ વિચારશોકે ? તમારા પ્રમુખના વચનો માન્ય કરશોકે ? સમાજ અને ધર્મમાં તમારા કલહો ક્યારે બંધ થશે કે ? અને આ મહિત તેમજ પરહિત સાધશો કે ?—લેકિન વો દિન કહાં કે મીયાંકા પાવમેં જુ"—કભી ભી નહિ ૐ શાન્તિઃ ! શાન્તિઃ !

# રામવિજય સામે વિરોધના ઠરાવો.

—(૦)—

અમદાવાદ જૈન યુથ લીગની એક કાર્યવાહક સભા તા. ૨૫-૫-૩૧ ને સોમવારના રોજ ઝવેરી મુળચંદ આશારામ વૈરાટીના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા :

(૧) અમદાવાદ જૈન યુથ લીગના માજીમંત્રી શ્રી શાન્તીલાલ સોમચંદ શાહનું અવસાન થયું છે. તે બદલ આ સંસ્થાની કા. વા. સમિતિ ખેદ દર્શાવે છે અને તેમના આત્માને શાંતિ મળો તેમ ઇચ્છે છે સાથે તેમના કુટુંબની દીલગીરીમાં દીલસોજી ભર્યો ભાગ લે છે.

(૨) મુનિ રામવિજયના પાટણમાં પ્રવેશ સમયે ત્યાંના શ્રી સંઘે પોતાના મોભા અને પ્રભુત્વની રક્ષા માટે જે પ્રયત્નો કર્યા તે બદલ તેમજ તે પ્રસંગે ધર્મીઓની હિંસક ભાવનાને વધાવી લીધી તે બદલ ત્યાંના શ્રી સંઘને મુબારકબાદી આપે છે અને જણાવે છે કે વડોદરા રાજ્યમાં ધોળે દિવસે આવા બનાવ બને તેની રાજ્ય ખબર ન લ્યે તો સુલેહ અને શાન્તિ જાળવવાનો દાવો કરનાર કોઇપણ સરકાર પોતાની સત્તા અસ્તિત્વમાં છે એમ પ્રજા માની શકે નહિ. તેથી રાજ્યના અમલદારો આ બનાવની તપાસ કરે અને યોગ્ય ગુન્હેગારને તે બદલ યોગ્ય નશ્યત કરે.

શ્રી ભાવનગર વિજયધર્મ પ્રકાશક સભાની તા. ૩૧-૫-૩૧ રવીવારના રોજ મળેલી જનરલ મીટીંગેનીચે મુજબ ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો હતો.

## ઠરાવ.

પાટણમાં મુનીશ્રી રામવિજયજીના પ્રવેશ સમયે તેમના આગમન સામે શાંત અણરોષ દર્શાવનાર જાહેર જનતા ઉપર ચાલેલા લાઠી પ્રહાર સામે આજરોજ તા: ૩૧-૫-૩૧ ના રોજ મળેલી શ્રી વિજયધર્મ પ્રકાશક સભાની જનરલ મીટીંગ પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે. અને દઢતા પૂર્વક માને છે કે મુનીશ્રી રામવિજયજીને પાટણના જૈન સંઘનું આમંત્રણ નહી હોવા ઉપરાંત મોટા ભાગનો વિરોધ છતાં પાટણમાં તેમનો પ્રવેશ થવાથી ઉપરનું ખેદજનક પરીણામ બનવા પામ્યું છે. માટે મુનીશ્રીને વિનંતી કરે છે કે તેઓ પોતાની અયોગ્ય પ્રવૃત્તિમાં સુધારો કરે.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## સારાભાઇ મગનભાઇ મોદી લોન-સ્કોલરશીપ ફંડ.

ઉપરોક્ત ફંડમાંથી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને અંગ્રેજી ચોથાથી સાતમા ધોરણ સુધી અભ્યાસ કરવા, દેશી અંગ્રેજી વૈદક શીખવા, તેમજ કળાકૌશલ્ય, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી, વીજળી, વિગેરેનું કામ શીખવા વગર વ્યાજે લોનરૂપે સહાય કરવામાં આવે છે. મદદ લેવા ઇચ્છનારે ઓનરરી સેક્રેટરીને ગોવાળીયા ટેન્કરોડ, ગ્રાન્ટરોડ, મુંબઇ લખવું.

## શેઠ મેઘજી સોજપાળ ઉચ્ચ ધાર્મિક શિક્ષણ સહાયક ફંડ સંબંધી વકતવ્ય.

ઉપર્યુંકત ફંડ સંબંધી યોજના થોડા દિવસ અગાઉ પ્રસિદ્ધ થઈ છે. તેના સંબંધે ઉહાપોહ કરતાં જે વિચારો અમોને ઉદ્દભવ્યા છે તે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની જનરલ કમીટીની જાણ અને યોગ્ય અમલ માટે રજુ કરીએ છીએ.

આવા સમયમાં ઉચ્ચ ધાર્મિક કેળવણી સંબંધી યોજના માટે રૂા. ૩૦૦૦૦) જેવી નાદર રકમ શ્રી વિદ્યાલયના કાર્યવાહકો સમક્ષ ધરવા માટે શ્રીયુત શેઠ મેઘજી સોજપાળને અમો અંતઃકરણ પૂર્વક ધન્યવાદ આપીયે છીએ. આવી ઉત્તમ દાનવૃત્તિનું અનુકરણ બીજા શ્રીમંતો કરે તો ધાર્મિક કેળવણીના પ્રશ્નો સહેલથી નિકાલ થઇ જાય હવે યોજના સંબંધી વિચાર કરીયે:—

યોજનાના ઉદ્દેશોનો વિચાર કરતાં એમ ચોકકસ જણાય છે, કે રૂા ૩૦૦૦૦) નું ફંડ આવા ઉદ્દેશોનો અમલ કરાવવાને ઘણું નાનું થઇ પડશે. કારણ ન્યાય તીર્થની પરીક્ષાઓ માટેજ વર્ગો કાઢવામાં આવે તોએ અને ધાર્મિક શિક્ષકનો પગાર પણ ન ગણીએ તોએ માત્ર ૧૦) વિદ્યાર્થીઓને માસિક ૨૫) લેખેની સ્કોલરશીપો આપી શકાય તેમ છે. એટલે એકજ વર્ષમાં દશ વિદ્યાર્થીઓથી પ્રથમાનો વર્ગ શરૂ થાય તો પણ બીજા વરસમાં પ્રથમાના પછીના દાખલ થતા વિદ્યાર્થીઓ માટે વૃત્તિ આપવાનું બની ન શકે કારણ બધી વૃત્તિઓ દ્વિતીય કક્ષામાં આવેલા વિદ્યાર્થીઓમાંજ ખલાસ થઇ જવા પામે એ સંભવિત છે. આવી સ્થિતિ હોવાને લઇને બીજી પરીક્ષાઓ માટે થાતો અર્ધ માગધીન અભ્યાસ માટે પ્રબંધ થવો અમોને અશકયવત્ લાગે છે.

આ યોજના સ્વીકારી લેતાં વિદ્યાલયની કાર્યવાહક સમિતિએ પુખ્ત પુર્ણ વિચાર કર્યો નથી એમ અમારું નમ્ર મંતવ્ય છે તે નીચેની બાબતો ઉપરથી સૌ કોઇને સ્પષ્ટ સમજાઇ જશે.

પ્રથમ તો ઉપર્યુંકત યોજના અત્યારના વિદ્યાલયના બંધારણ નીચેની બાબતોમાં વિરોધ કરે છે.

૧. યોજનાનો લાભ લેતો વિદ્યાર્થી પોતાના અંગત ઉપયોગ માટે વિદ્યાર્થી વૃત્તિ લઇ શકશે અને તે વિદ્યાલયના દેવા પેટે તે પૈકી કંઇ રકમ લઇ શકશે નહિ. જ્યારે ચાલુ બંધારણમાં વિદ્યાર્થીને ક્યાંયથીયે વૃત્તિ લેવાની મનાઇ કરવામાં આવે છે અને તેવી વૃત્તિ લેનાર, ઇચ્છનાર વિદ્યાર્થી ઉપર ચાંપતી દેખરેખ રખાય છે.

૨ અત્યાર સુધી ઉચ્ચ વ્યવહારીક કેળવણી લેવા ઇચ્છતા મેટ્રીક ધોરણ પાસ થએલા વિદ્યાર્થીનેજ વિદ્યાલયમાં સ્થાન હતું જ્યારે આ યોજનાથી કેવળ ગુજરાતી ભણેલા વિદ્યાર્થીને માટે આ યોજના માટે વિદ્યાલયમાંજ સ્થાન રહેશે; આ બે જુદી જુદી કક્ષાઓના વિદ્યાર્થીઓને એક સંસ્થાના આશ્રય તળે રાખવાથી શું પરિણામ આવશે તેનો ગંભીર પૂર્ણ વિચાર કરવો ઘટે છે જૈનોની શ્રેણીકરણીના તફાવતનો પણ વિચાર કરવો ઘટે છે આવા નાના વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં દાખલ કરવાથી સુપ્રીન્ટેન્ડન્ટની જવાબદારી પણ ઘણી વધુ થઇ પડશે તે તો નિર્વિવાદ છે. બંધારણમાં કયા વિદ્યાર્થી અને કઇ વયે દાખલ થઇ શકે તેનો ફેરફાર કરવો પડશે તે પણ ચોકકસ વાત છે.

૩ અત્યાર સુધી વિદ્યાર્થીઓ માટે ધાર્મિક વર્ગમાં હાજરી આપવી તે આવશ્યક હતું અને તે માટે ઘણોજ ભાર મુકવામાં આવેલો છે. જ્યારે આ યોજનાના વિદ્યાર્થીઓને તે અભ્યાસ કરવાની આવશ્યકતા ન હોય તે લઇને અમુક વિદ્યાર્થીઓ માટે ધાર્મિક વર્ગો અને બીજા માટે નહીં એવી સ્થિતિ થવાનીજ.

યોજનામાં સ્ત્રી વિદ્યાર્થીનીને દાખલ કરવા માટે કમિટીને આધીન રહીને નિર્ણય થઇ શકે તેમ છે તેને દાખલ કરવામાં આવે તો તેના માટે શો પ્રબંધ થઇ શકે તેમ છે તેનો વિચાર કરવા યોગ્ય છે

લી૦ બે બંધુઓ.

(અપૂર્ણ.)

## એક વધુ સાધુ સંસારી.

**મુનિશ્રી હીરવિજયજી જેમણે રામવિજયજી પાસે સુરત મુકામે દિક્ષા લીધી હતી તેણે સાધુ વેશ છોડયો છે. તેઓ મારવાડમાં ગામ બીજોવાના રહીશ હતા ને મૂળનામ હિમતમલજી હતું અયોગ્ય દિક્ષાના હિમાયતીઓ હજી પણ નહિ વિચારે.**

૧ લા પાનાથી ચાલુ.

તમે જણાવો છો કે ટ્રસ્ટી મંડળમાં એક નાદાર ટ્રસ્ટીને રાખવામાં આવ્યો છે. એ બાબતમાં અમે તમને જણાવીએ છીએ કે એ ટ્રસ્ટીએ તેની જગા ઉપરથી નાદાર થવા પહેલાં રાજીનામું આપેલું હતું અને એની નાદારીમાંથી એને છુટકો મળ્યા બાદ તેની ટ્રસ્ટી તરીકે ફરી નીમણુંક કરવામાં આવી છે. અને એટલું સ્પષ્ટ છે કે નાદારીને લીધે કોઇપણ ટ્રસ્ટી ફરીવાર ચુંટાવાની નાલાયકાત ધરાવતો નથી.

તમારા પત્રના છેલ્લાથી આગલા પેરેગ્રાફના ઉત્તરમાં જણાવવાનું કે સુલેહ શાન્તિનો કોઇપણ રીતે ભંગ ન થાય તેવી સંભાળ રાખવા માટે અમારા અસીલો બને તેટલી કોશીષ કરી રહ્યા છે અને ટ્રસ્ટી તરીકે અને તેમજ જૈન તરીકે તેમની જે ફરજ છે તે અનુસાર આવા શાન્તિના ભંગને અટકાવવાને બનતો પ્રયત્ન સેવી રહ્યા છે અને સૌને સંતોષ થાય તે પ્રમાણે આવી પરીસ્થીતીનો નીવેડો લાવવાની ઉમેદ રાખે છે.

અમારા અસીલોની આ બાબતની સાચી નિષ્ઠા અને કોઇપણ શંકા ન ઉઠાવી શકે તેવી તટસ્થતા સંબંધમાં અમે તમને ખાત્રી આપીએ છીએ.

આમ છતાં પણ તમારા અસીલો બીજા વધારે પગલાં લેવાનો કે એડવોકેટ જનરલ સમક્ષ આ બાબત રજુ કરવાનો ઇરાદો રાખતા હોય તો આ પત્ર તેને વંચાવવાની અને તમારા પત્રમાં કરેલી સુચનાઓ અને આક્ષેપો સંબંધમાં ખુલાસો કરવાની અમારા અસીલોને તક આપવાની અમે વિનંતી કરીએ છીએ. અમારા અસીલો એડવોકેટ જનરલ સમક્ષ બધી હકીકતો રજુ કરવાને બહુ ખુશી છે.

તમારા વિશ્વાસુ

સહી મોતીચંદ એન્ડ દેવીદાસ.

## ધી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયા

આ સંસ્થાનો સં. ૧૯૮૧ થી ૧૯૮૫ સુધીનો પાંચ વર્ષનો અહેવાલ અમોને મળ્યો છે. મજકુર અહેવાલ તેની તા. ૧૮-૧૧-૩૦ ને દિને મળેલી વાર્ષિક જનરલ સભામાં રજુ થયા પછી હમણાંજ પ્રસિધ્ધ પામ્યો છે.

સં. ૧૯૩૮ માં સ્થપાએલી આ સંસ્થાને હાલ ૪૯ મું વર્ષ ચાલે છે. આવતે વર્ષે તેને અડધી સદી પુરી થશે અને તેનો સુવર્ણ મહોત્સવ ઉજવવાનો પ્રસંગ આવશે. આશા છે કે આ જુનામાં જુની અને અનેક વખતે જૈન સમાજની પ્રતિનિધિ સંસ્થા તરીકે કાર્યો કરવાની પ્રતિષ્ઠા પામેલી સંસ્થાનો આવો આનંદદાયક મહોત્સવ તેને છાજે તેવી રીતે ઉજવવામાં આવશે.

જૈન સમાજમાં ત્રણ મહાસંસ્થા છે. (૧) શ્રી જૈનશ્વેતાંબર કોન્ફરન્સ, (૨) શેઠ આણંદજી કલ્યાણજી અને (૩) આ એસોસીએશન. પ્રથમની બે મહા સંસ્થાઓના કાર્યોમાં મદદ કરવાનો ઉદેશ આ એસોસીએશનના શરૂઆતના ઉદેશોમાં આપેજ કર્યો છે. તે બહુ અર્થસુચક છે. આ ત્રણે મહા સંસ્થાઓનો સહકાર સમાજને બહુ જરૂરી છે અને તે ચિરંજીવી રહે તેજ પ્રાર્થના છે.

આ એસોસીએશન સૌથી જુની એ વાત ખરી અને કોમની પ્રતિનિધિ સંસ્થા તરીકે તેણે અનેક વખતે કાર્યો બજાવ્યા તે પણ ખરૂ, પરંતુ જ્યાંસુધી પ્રથમની બે મહાસંસ્થાઓના બંધારણોની પેઠે આ એસોસીએશનના બંધારણમાં પ્રતિનિધિ તંત્ર દાખલ કરવામાં ન આવે ત્યાંસુધી, તે મહાસંસ્થામાં આજ સુધી તેની ખામી રહી છે અને રહેશે. જૈન સમાજના જુદા જુદા મંડળો કોઇ પણ વ્યવસ્થાપૂર્વક આ એસોસીએશન સાથે જોડાય યાતો સર્વ મંડળોનું ફેડરેશન બાંધી તે મુજબ આ એસોસીએશનનું બંધારણ સુધારવામાં આવે તોજ પ્રતિનિધિ તંત્ર સંપાદન કર્યું કહેવાય. આખા સમાજની વતી કામ કરનાર સંસ્થાએ કોઇપણ પ્રકારનું પ્રતિનિધિ તંત્ર સ્વીકાર્યેજ છુટકો છે. નહીં તો ભવિષ્યમાં આખા સમાજની વતી તે કામ કરી શકશે નહીં. અને કરશે તો સમાજ તરફથી વાંધાઓ ઉઠાવવામાં આવશે અને તેમ થયે એસોસીએશનની પ્રતિષ્ઠાને ધકો પહોંચશે. ના૦ વાયસરોયને માનપત્ર આપવાના સવાલને અંગે આવો વિરોધ એક વખત જોસથી કરવામાં આવ્યો હતો. આવો પ્રસંગ ફરીથી ન બને તે માટે, અગાઉથી ઉપાયો લેવા જરૂરી છે. પ્રતિનિધિ તત્વ સિવાય કે મેમ્બરોની જબરી સંખ્યા સિવાય કોમનો એકત્રિત અવાજ રજુ કરવા જતાં અનેક અંતરાયો આવવા સંભવ છે માટેજ પાણી પહેલાં પાળ બાંધી લેવી યોગ્ય છે.

આ એસોસીએશને એક વખત લાંબી નિંદ્રા લીધેલી અને ૧૯૧૨ માં તેનો પુનરૂધ્ધાર કરવામાં આવ્યો અને શેઠ રતનચંદ તલકચંદ માસ્તરે તે વખતે સંસ્થાના સેક્રેટરી તરીકે સારી સેવા બજાવી હતી. પાછળથી તેમણે રાજીનામું આપેલું પરંતુ એસોસીએશનના ઉત્સાહી સેક્રેટરી શેઠ મગનલાલ ફુલચંદ શાહ વિલાયત જવાના હોવાથી ગત વર્ષે તેમની જગાએ શેઠ રતનચંદ તલકચંદ માસ્તરને ફરીથી નીમવામાં આવ્યા છે. સેક્રેટરી પદ એકવાર ફરીથી સ્વીકારી એસોસીએશનની વધુ સેવા કરવાનું બીડું શેઠ ર. ત. માસ્તરે ઝડપ્યું છે તે ખુશી થવા જેવું છે. તેમનો આગલો અનુભવ આ સંસ્થાની પ્રગતિ વધારવામાં જરૂર મદદ કરશે.

## ઇતિહાસની નજરમાં આપણે.

ઇતિહાસમાંથી-હમણાં જે ઇતિહાસ ઉપલબ્ધ છે તેમાંથી-આપણી કોમને માટે બે વાત તરી આવે છે. બીજી કોમની સરખામણીનો આ પ્રશ્ન નથી, પણ આપણી શુદ્ધિનો અને આપણે મેળવવાના જ્ઞાનનોજ આ પ્રશ્ન છે. ઇતિહાસ આપણી કોમના બે વર્ગ પાડે છે. વેપારી જૈનો અને મુત્સદી જૈનો. અલબત એક વર્ગ જરૂર એવો નીકળે-નીકળે છે કે જેમાં બે વર્ગનો મેળ હોય, પણ એ ત્રીજા વર્ગમાંનો વેપાર તરફ ઢળનાર, કે વેપાર ખાતર મુત્સદી બનનાર, મુત્સદી વા મુત્સદીપણાને મદદરૂપ વેપાર ખેડનાર વ્યાપારી એમ જેવી વ્યક્તિ તેવીરીતે તેને પણ ઉપલા બે વર્ગમાં વહેંચી દેવાય.

વેપારી જૈનોમાં કાકુ, માણેકચંદ શેઠજી ઝવેરી (જે વેપારી મુત્સદી હતો) અને એવાં નામો આપણને જરૂર સાંભરી આવે છે. જગત શેઠને માટે પણ હજી ઇતિહાસ એવોજ છે એમ હમણાં સુધી માન્ય છે. પણ શ્રી સુશીલે તેનાપર નવો પ્રકાશ પાડયો છે. પણ તે એક કથાની નજરે. વળી એમાં ઐતિહાસિક પુરાવો સબળ દલીલોથી આપવો જોઇએ તે અપાયો નથી, કારણકે ઇતિહાસમાં નોખી નોખી ઘણીક નવલિકાઓ બની ગઇ છે. છતાં એમાંથી કાંઇક નવીન ઇતિહાસ સાંપડે તેમ છે.

વળી જૈન પત્રમાં એકવાર જૈન વ્યાપારીઓએ હિંદના મહા વિગ્રહોમાં-જેવાકે કર્ણાટકના વિગ્રહો, પંજાબના વિગ્રહો વગેરેમાં-સરકારને સાથ દીધાનો લેખ પ્રગટ થયાનું સ્મરણમાં છે. આજ પણ આપણે બ્રાહ્મણ એક વેપારીકોમ તરીકે આપણે દેશને બહુ વફાદાર નીવડીએ છીએ એ વાત સાચા જૈનને સાફ સાફ નકારવી પડે તેમ છે.

પણ એકલા મુત્સદી જૈનત્વનો ઇતિહાસ એથી તદ્દન ઉજળો જઇ એની ઉજાસ કોઇપણ કોમના ઇતિહાસને ઢાંકી જાય એવી છે. સાચી વાતતો એ છે કે કોઇ પણ મુત્સદી જૈન દેશને કે ધર્મને બેવફા નીવડયાનું એકે ઉદાહરણ હાલ તો ઇતિહાસપોથીમાં નોંધ્યું નજરે પડતું નથી. ચંપકશાહ, સજ્જન, વિમળ, ઉદયન, મુંજાલ, શાંતુ, વાગભટ્ટ, આહડ, આહડ વસ્તુપાલ, તેજપાલ, ભામાશાહ, હેમુ, ટોડરમલ, કર્મસિંહ રત્નસિંહ, ભંડારી અને એવા અનેક જૈનવીરોએ મુત્સદ્દીગીરીમાં ધર્મને તેમજ દેશને વફાદાર રહીને જૈનત્વને ઉજળું કરી બતાવ્યું છે

આજ પણ જે જૈનો વ્યાપારી છતાં વ્યાપારીમટી મુત્સદ્દી જીવન (રાજકીય જીવન-ધર્મ સમજીને, ધાર્મિક દ્રષ્ટિયે) જીવી જાણે છે તે રાષ્ટ્રની તેમજ ધર્મની સબળ સેવા સાધી રહ્યા છે પણ એવા જૈનો હજી આપણી કોમમાં બહુ નથી. એટલે એટલે આપણો એ ઉજળો વારસો અણુવપરાયો, વ્યાજખાધ ખાતે પડી રહ્યો છે. આપણે એ વ્યાજખાધ કે 'દા'ડે ઓછી કરીશું ? એ મુડીને ક્યારે વધારશું ? મુડીમાંથીજ ખાવું ને વ્યાજખાધ ખમીને જીવવું-એવો જીવનવ્યાપાર કરવો એવું જીવન જીવવું એ જૈનોને જગનાવારસોને, વીરપુત્રોને પાલવે ખરૂં કે ?

લી૦ પોપટલાલ પુંજાભાઇ શાહ.

---

આવી મહત્વની એસોસીએશનના કામકાજનો રીપોર્ટ ત્રણ ત્રણ વર્ષે કે પાંચ પાંચ વર્ષે બહાર પડે તેના કરતાં પ્રતિ વર્ષે તે સમાજ આગળ રજુ કરવામાં આવે તો તે વિશેષ લાભદાયી નીવડવા સંભવ છે. સંસ્થામાં કંઇક વધુ ચૈતન્ય સ્ફુરે અને પારસી પંચાયત ફંડનો દાખલો લઇ જૈન પંચાયત ફંડને વધારી જૈન કોમના અનેક જરૂરી કામો કરવા અને ખાસ કરીને જૈનોમાં વધી પડેલી બેકારી દુર કરવા આ સંસ્થા તત્પર બને તેવી આશા જૈન સમાજ રાખે છે અને આ આશા ફળીભુત કરવા સંસ્થાના કાર્યવાહકો જરૂર ઘટતો પ્રબંધ કરશે એવી અમારી નમ્ર સુચના છે.

# 'જૈન' સંજ્ઞા ધારીને જવાબ.

તા. ૩-૬-૧૯૩૧ ના રોજ મુંબઇ સમાચારમાં "જૈન" નામધારી વ્યક્તિ લખે છે કે દુનીયાના ઘણા પંડીતો, વખત અને નાણાંના અભાવે, થોડા સમયના વાંચનથી પંડીત થઇ જાય છે અને પોતાના પેટભરવાના ધંધામાંથી જે થોડીક પળો ચોરીલેવાય, તેમાં પોતાની પંડીતાઇનો પ્રકાશ આપી, દુનીયાના મહેતાજી થઇ જવાની અભીલાષા રાખે છે—

કેટલીક અનેકાંત પ્રભાકર મંડળ, સામા પક્ષની દલીલો સાંભળવા તૈયાર રહે છે, પોતાના સીદ્ધાંતોના ખુલાસા આપવા તત્પર રહે છે અને ધીરજથી કામ લેવા તૈયાર રહે છે.

શાસ્ત્રાર્થ કરવામાં કાંઇપણ ખોટું નથી; બલ્કે શાસ્ત્રાર્થ ન થાય તો સત્ય અને અસત્યના ભેદ નહી સમજાય.

જૈનશ્વેતાંબર ફીરકામાં સીદ્ધાંતો અને માન્યતાઓ સંબંધમાં મોટા મતભેદો પડયા છે અને તે દૂર કરવા માટે શાસ્ત્રાર્થ એક રામબાણ ઉપાય છે વિગેરે.

"જૈન" દોસ્ત સાચુ કહે છે કે દુનીયાના ઘણા પંડીતો પેટ ભરવાના ધંધામાંથી જે થોડીક પળો ચોરી લેવાય તેમાં પોતાની પંડીતાઇનો પ્રકાશ આપી, દુનીયાના મહેતાજી થઇ જવાની અભીલાષા રાખે છે. જૈન દોસ્ત આમાં તમારૂં સ્થાન આવી શકે કે કેમ તે બાબત જનો અને બીજા સુજ્ઞ પંડીતો ઉપર મુકુ છું કારણકે શાસ્ત્રાર્થ કરવાની ભલામણ કરનાર જૈન શાસ્ત્રાર્થ કરીનેજ સત્યાસત્યનો નીર્ણય કરવા માંગે છે ત્યારે જૈન દોસ્ત સીદ્ધસેન દિવાકરસૂરી નીચે મુજબ કહે છે તે માટે ખુલાસો આપશો ખરો ?

"મંદ, અલ્પાભ્યાસી પણ જો શાંત ચિત્તવાળો હોય છે તો તેનું વચન અખંડનીય થાય છે. તેથી ઉલટું બહુ અભ્યાસી પણ જો અશાંત ચિત્ત હોય છે તો તે પુરૂષોમાં ઉપહાસ પાત્ર બને છે. તેટલા માટે સભ્યોના મનમાં સ્થાન મેળવવા તત્પર બનારે શાસ્ત્ર કરતાં પ્રશમના વિષયમાંજ સૌ સારો પ્રયત્ન કરવો જોઇએ.

શાસ્ત્ર જાણનાર વિદ્વાન જો શાંત હોય તો તે એકલો છતાં પણ પોતાનો પક્ષ સાધે છે. પરંતુ વાકયોની લાળ ચાટનારા અનેક વીદ્વાનો એકઠા થઇને કલહ પ્રધાન એવી કરોડો કોટીઓથી પણ પોતાનો પક્ષ સાધી શકતા નથી.

અમારા વચ્ચે તે કથા થવાની છે તેમાં મારે આ જાતિઓ (અસત્ય ઉત્તરો) યોજવાના છે આવા પ્રકારની ચિંતાથી નિદ્રાહીન થઇ વાદી રાત્રિને વખતે વચન અને મુખની કસરત કરે છે.

પામર જનોનાં ચિત્તને આકર્ષવા માટે પિશાચ જેવા અને કઠોર વચન બોલવા માટેજ જેઓના મુખ તત્પર હોય છે એવા ધુર્ત જનોએ કલહને મીમાંસાના (શાસ્ત્રાર્થના અથવા ધર્મના) નામમાં બદલી નાંખ્યું છે.

સર્વ શાસ્ત્રકારોનો એ મત છે કે અહંકાર એજ દુઃખનું મુળ છે છતાં તેજ—અહંકારનો આશ્રય લઇ વાદી તત્વની પરીક્ષા કરવા ઇચ્છે છે.

તેથીજ બીચારો પામર "જૈન" શાસ્ત્રાર્થ કરીને દેવ દ્રવ્ય—આગમોની ચર્ચા—યોગ્યાયોગ્ય દીક્ષાની ચર્ચા કરવા માંગે છે પણ તે બીચારો પામર જૈનને ખબર કયાં છે કે તેના પક્ષમાં શાસ્ત્રાર્થ કરનારા શાસ્ત્રાર્થજ લઇને બેઠેલા છે. તેના પક્ષમાં શાસ્ત્રાર્થ કરનારમાં વીનય ગુણનો છાંટો તો હોય કયાં ? બાળજીવોને એટલે જેમને ધર્મનું જ્ઞાન ઓછું છે તેવા બાલ જીવોને ઉંધે રસ્તે દોરવી જવાં નવો ગચ્છજ સ્થાપવો હોય-શાસન રસિક સંઘની જમાવટ કરવી હોય તેની સાથે શાસ્ત્રાર્થ થાયજ કેવી રીતે તેનો ખુલાસો જૈન શામાટે છુપાવી રાખે છે ? હજુ પણ જૈનને ચેતવણી આપવામાં આવે છે કે શાસ્ત્રાર્થ કરીને દેવદ્રવ્ય—દીક્ષાનો ઝઘડો વીગેરેનો નિર્ણય નહી લાવી શકાય પણ જો તેના પક્ષના ઝઘડાખોરો પોતાની પ્રવૃતીઓ છોડી વિજયનેમીસુરિજી પાસે જઇને વીનય સાથે વીચારની આપલે કરે અને સુધારકોને વિજયનેમીસૂરિ બોલાવે એટલે તરતજ સુધારકો ત્યાં જઇને રીતસર વાતાઘાટ કરીને ફેંસલા લાવી શકે તેમ છે. વળી પૈસાદારોને પોતાના પક્ષમાં સાથે રાખી-શાસ્ત્રાર્થના ખાબુચીયામાં ફુદીને સત્ય બોલવુ હોય તો "જૈન" અને તેના પક્ષવાળાઓ ખાબુચીયામાં કુદી લે અને સાથે સાથે નોંધી લે કે સીદ્ધસેન દીવાકરસૂરિજી કહે છે કે:—"શુષ્કવાદી કુકડા અને તેતરની પેઠે પૈસાદારોનું રમકડું બની પોતાના શત્રુઓને બાળકો ( એટલે શાસ્ત્રનું ઓછું જ્ઞાનવાળા ) મારફત ઉપહાસ અને લઘુતા પ્રાપ્ત કરાવે છે."

જા દોસ્ત, જૈન, જા તું અને તારો પક્ષ શુષ્કવાદી કુકડા અને તેતરની પેઠે જૈન સમાજના પૈસાદારોને રમકડાં બનવી—શાસ્ત્રોની અંદરથી અર્થ કાઢવા શાસ્ત્રાર્થના ખાબુચીયામાં કુદી બાળકો મારફત ઉપહાસ અને લઘુતા પ્રાપ્ત કરાવ. સુધારકો એવા મુર્ખા નથી કે તારા જેવા પામર જૈનની જાળમાં ફસાઇ જાય. જૈન દોસ્ત ઉંડે મનમાં નોંધ લે કે સુધારકોને નવો ગચ્છ સ્થાપવો નથી. ભગવાન મહાવીરનો જૈન સંઘ ઠરાવો લાગ્યો કે હવે જુના પુરાણા વીચાર વાળાઓએ સાસન રસિક સંઘ સ્થાપ્યો અને બીજા શહેરોમાં સ્થાપવા પ્રયત્ન કરે છે. જૈન દોસ્ત તારાજ શહેરમાં શહેરાસરમાંથી કુતી લઇ જઇને જૈનોનું નાક કપાવનાર તારા શાસન પ્રેમીને શાસ્ત્રાર્થ કરીને સત્ય કયાં નથી સમજાવતો કે બીજાઓને સલાહ આપવા નીકળ્યો છે કે પોતાના પેટ ભરવાના ધંધામાંથી જે થોડીક પળો ચોરી લેવાય, તેમાં પોતાની પંડીતાઇનો પ્રકાસ આપી દુનીયાના મહેતાજી થઇ જવાની અભીલાષા રાખે છે તું તારૂં તો સંભાળ. તુંજ પોતે પેટ ભરવાના ધંધામાંથી થોડીક પળો ચોરી લઇને મુંબઇ સમાચારના પાનામાં અકડાઇએ જૈન તરીકે લખે છે અને જૈન ધર્મનો જાણે ઉંડો અભ્યાસ હોયને તેવો ડોળ કરીને જગતના ચોકમાં તારી પંડીતાઇ બતાવે છે. તારા પગ તળે બળતું છે તે જોતો નથી અને શાસ્ત્રાર્થમાંજ સત્યાસત્યનો નિર્ણય રહેલો છે તેવા ખાબુચીયામાં કુદીને બીચારા થોડા ભણેલા જીવોને શાંત સ્રોતમાંથી અશાંતતાની અને ક્રોધની જવાળામાં ભભુકવા મીઠા શબ્દો લખી તૈયાર થયેલો છે. તેથીજ આ કલમ બહાર પાડવાની ફરજ પડી છે. દોસ્ત, જૈન સમજીસ તો ઠીક, નહીં તો શાસ્ત્રાર્થને બાળકનું રમકડું બનાવીસ તેની નોંધ લેજે.

લી. પંચ પરમેષ્ટી આરાધક જૈન.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચકલાવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે

Reg. No. B 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. અંક ૨૪ મો. | સંવત ૧૯૮૭ ના જેઠ વદ ૦)) તા૦ ૧૫-૬-૩૧ | છુટક નકલ : ૦॥ આનો. |

# સંકેત ઠગોના કાવત્રાનું બહાર આવેલુ પોગળ.

## જૈન સમાજ સમજે અને વિચારે.

### દિક્ષાના હીમાયતીઓ જુઠી સહીથી લેખો લખી જૈન કોમને કેવીરીતે ફસાવે છે તેનો સચોટ દાખલો.

મુંબઇ, જૈન યુવકસંઘ પત્રીકામાં મે દિક્ષા કેમ છોડી તેનો એકરાર લખી મોકલ્યો હતો–તે આવ્યા પછી દીક્ષાના હીમાયતીઓએ ઘણી દોડાદોડી કરી અને મને પણ ઘણું સમજાવવા પ્રયત્ન કર્યો પણ તેઓ નિષ્ફળ ગયા. પછી મારા નામની સહી મુંબઇ સમાચાર તા. ૧૧-૬-૩૧ માં લખે છે કે "હું દીક્ષા વિરોધીઓની જાળમાં કેમ ફસાયો" તે લેખ મેં લખ્યો નથી છતાં પણ મારા નામથી ખોટી સહી કરી જે લેખ લખ્યો છે તેના માટે તે પત્રકાર અને લખનાર બન્ને જવાબદાર છે. લેખ લખનાર પોતે કે તેની ટોળી સમજી શકે છે કે રતીલાલ ખેડાવાળા મુંબઇ સમાચારને પુછનાર નથી અને પુછે તો મુંબઇ સમાચાર જવાબ આપે તેમ નથી તેમજ રતીલાલ પાસે પૈસા નથી તો ખોટી સહીથી લેખો લખીએ તો કોણ પુછનાર છેઃ તેથી દીક્ષાના હીમાયતીઓ જૈન કોમને ખોટીરીતે અને ઉંધે રસ્તે દોરવવા જે પ્રયત્ન કરી રહયા છે તેથી જૈન કોમની જાણ માટે આ ખુલાસો લખુ છું. વળી જૈન યુથ લીગ કે જૈન યુવક સંઘ વાળાઓએ મને કાંઇ પણ ફસાવવા પ્રયત્ન કર્યો નથી પરંતું જે જાતી અનુભવ થયો તેજ એકરાર મેં બહાર પાડયો છે.

લી૦

રતીલાલ અમૃતલાલ ખેડાવાળા.

સહી દ. પોતે તા. ૧૧-૬-૩૧

**ગ્રાહકોને સુચના.**

સવીનય લખવાનું કે શ્રી જૈન યુવકસંઘ પત્રિકાના અંક ૨૪ માથી વી. પી. શરૂ કર્યાં છે, માટે દરેક ગ્રાહક મહેરબાની કરી સ્વીકારી લેશે, બીજું હમારા કોઇપણ ગ્રાહકને પત્રિકાના અંગે જે કંઇપણ ખાસ ફરીયાદ કરવી હોય તો વ્યવસ્થાપકને ઓફીસમાં મળવું અથવા લેખીત ખબર આપવી જેથી ઘટતું કરવામાં આવશે. ઓફીસ ટાઇમ સ્ટા. ૧–થી–૫.

વ્યવસ્થાપકઃ–મોહનલાલ ચંદુલાલ.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

श्रीमद् हरिभद्रसूरि.

## લીગ ઓફ નોર્ધન (?) નો બળાપો.

ભાવનગરના શ્રી સંઘે અયોગ્ય દિક્ષા સામે જે ઠરાવો પસારકર્યા તેથી કહેવાતા શાસન પ્રેમીઓની છાવણીમાં તરખાટ ફેલાયો હતો. બોટાવાળા રતીલાલના ખુલાસાએ તેમાં વધારો કર્યો હતો. ગમે તેટલાને દિક્ષા આપીએ. ને ગમે તેટલા આંકડાની વૃધ્ધિ ગણાવે પણ તેટલા વંદન કરનારા હવે રહે તેવો સંભવ નથી. જમાનો એવો આવે છે કે ચારિત્રની પુજા થશે પણ વેષની પુજા ભુલાતી જવાની છે. વેષના ઓઠાં નીચે સમાજ હવે ઉતરાય તેમ નથી તેમ જાણીને ભાવનગરના સંઘ સામે ઠરાવ કરવા લીગ ઓફ નોર્ધન (?) નામની સંસ્થાનો આશ્રય લેવો પડયો છે. નોર્ધન શું તેતો જણાવેલ નથી કદાચ નોર્ધન કંઇક નીજ હોય નહિ નામ ગમે તેવા રાખો લોકો જેમ વેષથી છેતરાવાના નથી તેમ નામોથી ભોળવાય તેમ નથી. લીગ ઓફ નોર્ધનની કારકીર્દી શું છે? તેણે સમાજની શું સેવા બજાવી છે કે તે ભાવનગરના સંઘના સામે ધુળ ઉડાડે છે. ભાવનગરના સંઘના શેઠ પોતે મુનિ રામવિજયજીના સામૈયામાં હાજર હતા નહિ પણ મોટા દેરાસરમાંથી પ્રભુ પુજા કરીને તેઓ બહાર નીકળતા હતા તે વખતે દાક્ષિણ્યતાથી સાથે થઇ ગયા હતા છતાં તેમની હાજરીથી રામવિજયજીને ભાવનગરમાં બહુ માન મળ્યું એમ બહાર હાંકવામાં આવતી હતી. હવે વીર શાસનના મોરલીએ નાચતી લીગ ઓફ નોર્ધન પાસે તેજ સંઘપતિની સહીથી પ્રસિદ્ધ થયેલા ઠરાવોને શાસ્ત્ર વિરૂદ્ધ કહેવામાં આવે છે. ને હવે ભાવનગરના સંઘને કહેવાતો સંઘ કહેવામાં આવે છે. ચોક્કસ વાત શાસ્ત્ર વિરૂદ્ધ છે તે કહેવાનો ઇજારો લીગ ઓફ નોર્ધન કોની પાસેથી મેળવ્યો છે? પાટણનો સંઘ કહેવાતો ગણ્યો જામનગરનો સંઘ ગણ્યો છે. હવે ભાવનગરનો સંઘ કહેવાતો ગણ્યો બાકી બીજા સંઘો માટે જજમેંટ બહાર પડયું નથી. પણ જે છોકરાના પ્રસંગમાંથી આ ઠરાવ કરવાની ભાવનગરના શ્રી સંઘને જરૂર પડી છે તે સગીર છે. એટલુંજ નહિ પણ તેના માતા પિતાની સંમતિ વગર તેને ઉપાડી લેવામાં આવ્યો છે ને તે ઉપડાવનારાને તેને સંતાડનારાના નામો બહાર આવ્યા વગર રહેવાના નથી તે વખતેજ જણાશે કે નોર્ધન લીગના ટોળાનાજ તે માણસો છે. નોર્ધન લીગ સગીર છોકરાને ભગાડવા બાબત કેમ ચુપ છે. આમાં વાલીની સંમતિ પણ નથી તો તે દિક્ષા કેવી ગણાય તે બાબતમાં કેમ બીજો ઠરાવ સાથોસાથ કર્યો નથી? શાસનપ્રેમી ટોળાઓના ન્યાયના કાટલાં વિચિત્ર પ્રકારનાજ હોય છે સમાજ તેને હવે સારી પેઠે પીછાણે છે. પહેલે પાને આપેલો રતીલાલનો ખુલાસો તે હકીકતને વધારે પુષ્ટિ આપે છે પ્રપંચ કેવું ખેલે છે. તે હવે સમાજ સારી રીતે સમજી શકશે મુંબઇ સમાચારમાં આવતી જૈન ચર્ચાઓ ખબરોને માટે વિશ્વાસ રાખવો કે કેમ તે વિચારવાનું કામ અમે સમાજને સોંપીએ છીએ.

## દેવ–દ્રવ્ય.

——(०)——

એ પૂર્વ–યુગના મહારથીઓએ લખેલું 'દેવ–દ્રવ્ય તો દેવના માટેજ વપરાય, દેવના દેવાતન અખંડ રાખવા માટેજ ઉપયોગ થાય'

સાચું, એટલા માટેજ તો તેનું નામ 'દેવ–દ્રવ્ય પડ્યું' છે. દેવના સ્થુળ સાધનો તમામ માણસોની કૃતિ છે. માણસોમાંના જેણે પોતાનો આત્મા રેડયો છે તે દેવના સાચા પુજારી છે. પુજારી તે દેવના સાચા દેવાતન છે.

એટલા માટે કહેવાય છે કે 'દેવનું દેવાતન તો પુજારીમાં છે' પુજારી આજે ભૂખે રઝળે છે, તેના પાસે ધંધો નથી ધંધા કાજે સાધન સામગ્રી નથી માળા કે આસન ખરીદવાય કોડી નથી એ દેવના દ્રવ્ય રક્ષવા માટે કોઇ સાધન સંપતિ રહયા નથી પુજારી ઘણું પુજા કરે છે. પણ જીવન માત્ર પેટનો ખાડો કેમ પુરશું તેની ચિંતનમાં છે. તેની પુજા એ કેવળ વળગણ અને વ્યવહાર માત્ર છે. પુજારીને દુઃખ શાના હોય? પણ આજે પુજારીમાં દેવાતન નથી. દેવ–દ્રવ્યની કોટી કોટી સમૃધ્ધિ ભાળે છે અને નથી. છે તો તે કુપાત્રે પડી છે, એ અઢળક લક્ષ્મી અકળાય છે અને પાપાચાર સાથે અકળાય છે અને નથી તો શી રીતે કે એમાંનો મોટો સંગ્રહ અધર્મ અન્યાય અને અનાચારમાંથી પ્રાપ્ત થયો હોય છે. લોભીએ અને અન્યાયોપાર્જિત દ્રવ્યના સાધનો તે દેવ–દ્રવ્ય કેમ કહેવાય? જેમ જે કન્યા જ્ઞાનપૂર્વક અને યોગ્ય ઉંમરે પરણી નથી તે લગ્નજ ન કહેવાય તેમ જે દાન આપુકની ભક્તિનું ના હોય તે શુધ્ધ દાન કેમ કહેવાય? ઘણું દ્રવ્યતો શુદ્ધ માનવીના કબજામાં છે તે ઘણી ખાઇ કુપકમાં ફરે છે કોઇ પોતાને 'ટ્રસ્ટી' કહેવડાવે છે પણ તેને રખોપુ આવડતું નથી, તેનાથી રખોપુ થઇ શકે તેમ નથી. કેટલાક દ્રવ્યથી સારો અને નરસો વેપાર થાય છે. કેટલુંક કતલખાનામાં રોકાયું છે અને કેટલુંક સારા વ્યાજ કાજે પાપીઓને ત્યાં પડયું છે. કેટલુંક સરકારી લોનોમાં અને મીલશેરો વિગેરેમાં રોકાઇ પડયું છે.

વ્યાજની આવક કરતાં પાપકર્મની આવક અનેક ગણી વધે છે.

ભલે ત્યાંથી આવ્યા છતાં તે દેવના દ્રવ્યો છે. તે બધા દ્રવ્યો સમાજ પાસેથી સમાજના આબાલવૃધ્ધ સૌ પાસેથી લખ્યા છે, ધર્મ અને દેવને નામે મળ્યા છે. શ્રાવક શ્રાવીકાઓએ પોતાના સુખ–વૈભવને તરછોડી તેમાંથી હિસ્સો આપ્યો છે.

ત્યારે શું? સાધુ સાધ્વીઓએ કંઇ નહિ આપ્યું?

એ દ્રવ્ય શું આપે બિચારા! પણ તેમના ઘણાંએ એ શ્રાવક શ્રાવીકાઓને આશા અને શ્રદ્ધા આપેલા કે એ દ્રવ્યો અનેક ગણા થઇ પાછા તમારા પાસેજ ઢળવાશે.

સુખી દુઃખી બધાએ દ્રવ્ય આપ્યા. અન્યાય કરનારાઓએ પણ પોતાના પાપના નિવારણ કાજે વધારે પ્રાયશ્ચિત કર્યા, એ આશાએ કે તેમના પાપો ક્ષય થશે. દ્રવ્ય આપે, દ્રવ્ય આપો.

આજે આ બધા દ્રવ્યો જયાં ત્યાં રઝળાય છે. કતલખાને ચડે છે.

# શેઠ મેઘજી સોજપાળ ઉચ્ચ ધાર્મિક શિક્ષણ સહાયક ફંડ સંબંધી વક્તવ્ય.

— ગતાંકથી પુરૂં. —

ઉપર્યુક્ત ચાર રીતે ચાલુ બંધારણ સાથે યોજનાને વિસંવાદ થાય છે. તેમ કરવું ઇષ્ટ છે કે નહિ તે પ્રશ્ન વાંચકોની બુદ્ધિને સોંપી તેના પરિણામોનો વિચાર કરીયે.

વિદ્યાલયમાં રહેતા વિદ્યાર્થીઓ માટે સમાજને સરેરાસ વિદ્યાર્થી દીઠ રૂા. ૫૦૦) ખર્ચ આવે છે તે વિદ્યાલયના રિપોર્ટ વાંચવાથી સૌ કોઇને વિદિત થશે. આપણે આ યોજનાના ત્રણે વર્ગોમાં ભણવાનાં વિદ્યાર્થીઓની સરેરાશ સંખ્યા માત્ર ૧૫) નીજ ગણીએ તોએ સંસ્થાને દશવરસનો તેમના માટેનો ખર્ચ રૂા. ૧૫×૩૦૦×૧૦=૪૫૦૦૦) થવા જાય છે, અને દાતાના રૂા. ૩૦૦૦૦) વિદ્યાર્થીવૃત્તિઓ તથા શિક્ષકોના પગાર માટે ગણીયે તો દશ વરસની ઉપર્યુક્ત યોજના ન્યાયતીર્થની ત્રણ કક્ષાઓ માટેજ અમલમાં મુકતાં રૂા. ૭૫૦૦૦) નો ખર્ચ થવા પામે. ઉપર્યુક્ત ખરચ આ યોજનાને વિદ્યાલય સાથે જોડવીએ તો થાય છે. જ્યારે આટલી રકમમાંતો શ્રી પાલીતાણા જૈન બાલાશ્રમ કે જૈન ગુરૂકુળ પાલીતાણા કે એવી કોઇ બીજી સંસ્થા સાથે જોડવામાં આવે તો અમારી નમ્ર માન્યતા મુજબ આટલાજ ફંડમાં હમેશને માટે પચીસ વિદ્યાર્થીઓનો સમાવેશ રહેલાઇથી થઇ શકશે. કઇ સ્થિતિ પસંદ કરવા લાયક છે તેનો વિચાર વાંચકોને સોંપીયે.

ઉપર્યુક્ત યોજના વિદ્યાલયની સાથે સંકળાવવાથી તે યોજનાના વિદ્યાર્થીઓને અંગે વાર્ષિક રૂ. ૪૫૦૦) નો નવો ખર્ચ આવી પડશે અને તેટલાજ પ્રમાણમાં ઉચ્ચ કેળવણી લેતા વિદ્યાર્થીઓના શિક્ષણપર કુટારો આવશે અમોને માલુમ છે તેમ અત્યારે પણ વિદ્યાલયના વિદ્યાર્થીઓની ચાલુ સંખ્યા નભાવવામાં પણ વાર્ષિક રૂ. ૧૨૦૦૦) ની ખોટ આવે છે અને ઘણીયે અરજીઓ સમાસના અભાવે નપાસ કરવી પડે છે. યોજના સ્વીકારાતાં કાંતો આટલા વિદ્યાર્થીઓ રાખીએ ને નવો ઉમેરો ન કરીયે તોએ ખાધમાં વધારો થશે અથવા તો ચાલુ વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઘટાડવી પડશે. આથી પરિણામ એ આવશે કે આવા કફોડા સંજોગોમાં ગરીબ માબાપોથી વિદ્યાર્થીઓની ઉચ્ચતર કેળવણીનો ભાર સહન થશે નહીં અને પરિણામે એ અમુક વિદ્યાર્થીઓને ઉચ્ચ કેળવણીના અભ્યાસથી વંચિત રહેવું પડશે. અત્યારની મુખ્ય જરૂરીયાત તો વ્યાવહારિક કેળવણીનો પુરેપુરો લાભ આપણને મળે તે માટેના દરેક સાધનો વિકસાવવામાં છે. નહીં કે માંડમાંડ ઘણા ભોગોને અંતે સ્થપાયેલી સંસ્થામાં લાભ લેતી વિદ્યાર્થીઓની સંખ્યા આકસ્તરી રીતે ઘટાડવામાં. વિદ્યાલયની કમિટી આવી ઉલટી સ્થિતિ થાય એમ ઇચ્છે છે?

રખેને કાર્યવાહકો એમ ખ્યાલમાં હશે કે વિદ્યાલયના ચાલુ વિદ્યાર્થીઓજ આ યોજનાનો પુરેપુરો લાભ લેશે તેમને આ યોજનામાં દાખલ કરાવવામાં કેટલી જોખમદારી રહે છે તેનો પણ પુરો ખ્યાલ કરવો ઘટે છે. બે જુદી પરીક્ષાઓ માટે અભ્યાસ કરતાં વિદ્યાર્થીની માનસિક શક્તિ બે વિભાગમાં વ્હેંચાતા વ્યાવહારિક શિક્ષણમાં જે ઉચ્ચું ધોરણ વિદ્યાર્થીઓએ હાલ સુધી જાળવ્યું છે તે કદાપિ નહીં જળવી શકાય એ સ્વભાવિક છે. વળી કેટલાક વિદ્યાર્થીઓ તો કેવળ વૃત્તિની લાલચથીજ જોડાશે અને બહુ બહુ તો પરિક્ષા માટે નપાસ થતાં તે વૃત્તિના પૈસા લોન તરીકે ગણાશે એટલે આપવું દેવું વધશે એમાં કંઇ વાંધો નથી તેમ માની પોતાની જરૂરીયાતો પોષવા માટે આ ઉત્તમ સાધન છે તેમ માની યોજનાનો દુરૂપયોગ કરશે એવો સંભવ છે.

ઉપર્યુક્ત પરિણામોનો વિદ્યાલયની સામાન્ય સભામાં યોજના રજુ કરવામાં આવે ત્યારે પુખ્તપણે વિચાર કરવામાં આવે એમ ઇચ્છીએ.

હવે આ યોજના સ્વીકારવી યા ન સ્વીકારવી તે મેનેજીંગ કમીટીની સત્તાનો સવાલ છે કે નહિ તેનો વિદ્યાલયના બંધારણ પરથી ખ્યાલ લઇએ.

બંધારણનો છેલ્લો નિયમ સ્પષ્ટ રીતે જાહેર કરે છે કે "આ ધારાધોરણોના નિયમોમાં મુળ મુદ્દાને અડચણ ન આવે તેવા આંતર વહીવટને અંગે ફેરફારો મેનેજીંગ કમીટી કરી શકશે અને સાધારણ જનરલ વાર્ષિક સભા વખતે તેવા ફેરફારો રજુ કરવામાં આવશે. **આ સંસ્થાના ઉદ્દેશને અસરવલ આવે તેવો ફેરફાર ધારાધોરણ કે વહીવટમાં મેનેજીંગ કમીટી કરી શકશે નહિ."** આ નિયમ ઉપરની યોજનાને લાગુ પાડીએ તો આ યોજના સ્વીકારવામાં ધારાધોરણનો મહત્વનો ફેરફાર આવશ્યક હોઇ મેનેજીંગ કમીટી આ યોજના સ્વીકારી શકતી નથી. પણ જનરલ કમીટીજ સ્વીકારી શકે છે.

અમો મેનેજીંગ કમીટીને નમ્રતાપુર્વક નીચેના સવાલો પુછીએ છીએ.

૧ યોજના શ્રી વિદ્યાલયના બંધારણ મુજબ સ્વીકારવામાં આવી છે કે બંધારણની બહાર જઇને સ્વીકારવામાં આવી છે?

૨ બંધારણ મુજબ સ્વીકારવામાં આવી હોય તો તે છેવટને માટે સ્વીકારવામાં આવી છે કે જનરલ કમિટીની બહાલીને આધીન?

---

જે રાજાઓ પ્રજાના 'ટ્રસ્ટી' થવાને બદલે માલીક બને છે તેના સામે પ્રજાકેરી કોપે છે દેવ-દ્રવ્યનો 'ટ્રસ્ટી' હજુ ઉંઘે છે?

કેટલાક તો દેવના માલીક થઇ બેઠા છે અને દરશનની ના કહે છે અરે! જૈન સમાજ તું આ બધું ક્યાં સુધી સાંખીશ.

સંઘ અને સમાજ તો પચિસમો તિર્થંકર છે. એ સંઘના અંગ-ઉપાંગો આજે નવ-ચેતન માગે છે. એ તિર્થંકરનો સ્થુળ દેહ ટટાર થવા પ્રયત્ન કરે છે. પેલા આપખુદીના ઇજારદારો એ સાંખી શકતા નથી.

કારણ? તેને નવયુગના નવા ટ્રસ્ટીઓને લગામ સોંપવી ગમતી નથી.

સમાજને સુશક્ત અને સુસંગઠીત કરવા એ દ્રવ્યોને ખેંચી કાઢો, જે સંઘે, સમાજે અને સમુદાયે એ બધા દ્રવ્યો એકઠા કર્યા છે, તેને તેનો સુયોગ્ય અમલ કરવા અધિકાર છે, જે સંઘે એ ટ્રસ્ટીઓ નિમ્યા છે તે સંઘને ટ્રસ્ટીઓ ફેરવવા અધિકાર છે. જે દેરના દેવાનો અર્ધનગ્ન, અર્ધભુખ્યા પડ્યા છે, તેના કાજે સમાજ આંખ નજ મીંચી શકે? સમાજ લાંબો કાળ ગુલામીમાં ન રહી શકે. દ્રવ્ય લાંબો કાળ ન મુંઝાઇ રહે! દેવ-દ્રવ્યનો નિર્ણય સંઘ જલ્દી કરે—અસ્તુ.

લાલચંદ જયચંદ વોરા.

૩ જનરલ કમિટીની બહાલીને આધીન સ્વીકારવામાં આવી હોય તો તેવી બહાલી મળ્યા પહેલાં તે પ્રગટ કરી, તેને માટે વિદ્યાર્થીઓની અરજીઓ મેળવવા માટે જાહેર ખબર આપી શકાય ખરી ?

૪ બંધારણ બહાર જઇને સ્વીકારેલામાં આવી હોય તો તેમ કરેલું વાજબી ગણાય ખરું ?

૫ મેનેજીંગ કમિટીનું ઉપર્યુક્ત કાર્ય જનરલ સભાની સત્તાની અવગણના કરે એમ કેમ ન ગણી શકાય ?

૬ બંધારણમાં આવશ્યક ફેરફારો યોજના સ્વીકારતાં કરવા પડે તેમ છે તે સ્વાભાવીક રીતે દશ વર્ષની મુદત મારેજ કરવા પડશે એ સ્થિતિ ઇચ્છવાજોગ છે ?

ઉપર્યુક્ત સવાલોના જવાબ ભલે મેનેજીંગ કમીટી ન આપે પણ બંધારણ પ્રિય કહેવાતી મેનેજીંગ કમીટીએ ઉપર્યુક્ત યોજના જનરલ કમિટીની બહાલી માટે મુકવી જોઇએ એતો બંધારણ જોતાં સ્પષ્ટજ છે.

છેવટે આ યોજના સંબંધે અમારી નમ્ર સૂચનાઓ શીશી છે તે પણ લખી નાખીએ.

યોજનાના સ્વરૂપમાં જરાપણ ફેરફાર કર્યા વિના તેને અમલમાં મુકવી હોય તો અમારા નમ્ર મંતવ્ય મુજબ કાંતો વિદ્યાલયના અંગ તરીકે મુંબઇ બહાર કોઇ નાના શહેરમાં તેટલીજ રકમમાં ઉપર જણાવ્યા મુજબ હંમેશને માટે પચીશ વિદ્યાર્થીઓને લાભ મળે તેમ એક જુદી સંસ્થા ઉચ્ચ ધાર્મિક કેળવણી માટે ઉપાડો અને તેને દાતાના પૈસા તથા વિદ્યાલયને આ યોજનાને અંગે થતો ખર્ચ તે સંસ્થાને દર વર્ષે આપો એટલે ૧૦ ને બદલે ૨૫ વિદ્યાર્થીઓને લાભ મળશે અને કાર્ય ૧૦ વરસને મારેજ ન રહેતાં હંમેશનું રહેશે અથવા તો કોઇ કેળવણી વિષયક સંસ્થા જેવી કે પાલીતાણા જૈન બાલાશ્રમ યા ગુરૂકુળ કે તેવી કોઇ સંસ્થાને આ ફંડનો લાભ આપો તેઓજ તેનો પુરો ઉપયોગ કરે અને વીરતત્વ પ્રકાશક મંડળની શીવપુરીની પાઠશાળાની જેમ ન્યાયતીર્થ અને વ્યાકરણ તીર્થની પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરે.

અમારા અંગત અભિપ્રાય મુજબ તો આ યોજનામાંજ નીચેના ફેરફારો કરી તેને વિદ્યાલયના અંગ તરીકે વિદ્યાલયમાંજ અમલ કરવામાં આવે તો વધુ ઇષ્ટ છે. અમારી નમ્ર સૂચના એટલીજ છે કે ન્યાયતીર્થ વ્યાકરણતીર્થ જેવી પદવીઓ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે તો સમાજ પાસે શ્રી વીરતત્વ પ્રકાશક મંડળ તરફથી ચાલતી શીવપુરી પાઠશાળા છેજ પરંતુ અમારી દૃષ્ટિ મુજબ સમાજની ધાર્મિક કેળવણી માટેની સાચી જરૂરીયાત તો એજ છે કે આપણા અમૂલ્ય ગણાતા આગમ ગ્રંથો અથવા તો બીજા પ્રખર આચાર્ય મહારાજોના અમૂલ્ય જુના ગ્રંથો પાશ્ચાત્ય પદ્ધતિથી સંશોધન કરાવી અને તેને વિદ્યાલયદ્વારા ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરાવો આ યોજના માટે વિદ્યાલયમાંથી પાસ થયેલા અથવા તો બહારના સારી ડીગ્રી ધરાવતા યોગ્ય ગ્રેજ્યુએટોને યોગ્ય વેતન વાળો વૃત્તિ આપી તેઓ પાસે અત્યાર સુધી સંશોધિત ન થયેલા ભંડારોમાં ઉધઇ ખાતા અમુલ્ય સાહિત્યના રત્નોનું સંશોધન કરાવો અને તેનો ગુજરાતી ભાષામાં ઓછી કિંમતે સાર્વત્રિક પ્રચાર થાય તેમ કરો. આથી આજકાલ ધર્મના નિમિત્તે સહજ થઇ પડતા ઝઘડાઓનો પણ સહજે નિકાલ થઇ આવશે અને સામાન્ય જૈન જનસમૂહ જે સાચી ધાર્મિક કેળવણીથી સર્વાંશે વિમુખ છે તેમ ગણાય તેને તેનો પુરેપુરો લાભ મળતાં તેમની સારાસાર વિવેક બુદ્ધિ ઠીક કેળવાશે તે પણ કઇ જેવો તેવો લાભ નથી.

ઉપર્યુક્ત વિચારો દર્શાવવામાં આવ્યા છે તેનો મેનેજીંગ કમિટી અને જનરલ કમિટી પુખ્તપણે વિચાર કરશે તો અમારો આ લેખ લખ્યાનો શ્રમ સફળ થયો માનીશું—

બે અભ્યાસી બંધુઓ.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને અને તેના જુના વિદ્યાર્થીઓ.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના જુના વિદ્યાર્થીઓ સંબંધમાં તે સંસ્થાના રીપોર્ટો શું કહે છે તે પ્રથમ જોઇએઃ—

**સંસ્થાનો આઠમો વાર્ષિક રીપોર્ટ, પાનું ૯. પ્રથમ બે ફકરાઃ—**

"સંસ્થામાંથી બહાર નીકળેલા લગભગ દરેક વિદ્યાર્થી સંસ્થા તરફ ઘણો સદ્ભાવ રાખે છે, સંસ્થા માટે પ્રેમ રાખે છે, કાર્ય કરવા ઉત્સુક્ત રહે છે. અને તેમાંનો સારો ભાગ આગળ જતાં સમાજ કે દેશ સેવામાં જોડાઇ આપણી ભાવનાને જરૂર પોષશે એવી પૂર્ણ આશા રહે છે. આ સંબંધમાં પરિશિષ્ટ (E) ખાસ વિચારવા લાયક છે. વાંચીજવા વિજ્ઞપ્તિ છે, આપ જો ઉપરના કોઇપણ વિદ્યાર્થીના સંબંધમાં આવશો અને આપ તેની સાથે વિદ્યાલય સંબંધી વાત કરશો તો આપને તેની લાગણી, આભાર અને વર્તનનો ખ્યાલ આવશે.

છતાં આ પુર્વ વિદ્યાર્થીઓને અને સંસ્થાને સંબંધ રહે એવી યોજના કરવાની જરૂર છે. તેના અનેક માર્ગો છે નિબંધ લખવાની હરીફાઇમાં જુના અને વર્તમાન વિદ્યાર્થીઓને જોડવા, મેળાવડા કરી સર્વને બોલાવવા, સમેલનમાં બહારગામથી પણ વર્ષમાં એકાદ વખત સર્વને એકઠા કરવા, પ્રીતિભોજનના પ્રસંગો ઉપસ્થિત કરવા, આ બાબતમાં યોગ્ય કરવા ભલામણ કરીએ છીએ. એમાં સંસ્થાને અનેક પ્રકારના લાભો છે હવે આપણે સારી સંખ્યામાં ગ્રેજ્યુએટો બહાર પાડી શકયા છીએ તો **તેઓમાંથી એક બેને વ્યવસ્થાપક કમીટીમાં બેસવાનો ચુંટણીથી હક્ક આપવા માટે પણ ઠરાવ કરવો યોગ્ય ગણાય.** આ સબંધમાં જનરલ કમીટી યોગ્ય વિચાર કરશે એવી અમારી સૂચના છે."

**સંસ્થાનો નવમો વાર્ષિક રીપોર્ટ, પાનું ૧૬.**

"સંસ્થામાંથી ગ્રેજ્યુએટ થઇ બહાર પડેલા વિદ્યાર્થીની સંખ્યા હવે મોટી થઇ છે. તે પરિશિષ્ટ F માંથી જણાશે. તેઓને એક મેમ્બર પોતા તરફથી ચુંટી **મેનેજીંગ કમીટીમાં મોકલવાનો હક્ક આપવો યોગ્ય છે એવી અમારી ભલામણ છે. એવા મેમ્બરથી આપણને ઘણો લાભ થશે.** વિદ્યાર્થી મેમ્બર પોતાના અનુભવનો આપણને લાભ આપી શકશે. આવો ઠરાવ આપણા ભાવી આશારત્નોને સંસ્થા તરફ આકર્ષણ કરતો રહેશે."

આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે સંસ્થામાંથી ગ્રેજ્યુએટ થઇ બહાર પડેલા જુના વિદ્યાર્થીઓને—પછી તે લોન વિદ્યાર્થી હોય કે પેઇંગ વિદ્યાર્થી હોય તે સર્વને મેનેજીંગ કમીટીમાં બેસવાનો હક્ક આપવાની ઇચ્છા, મેનેજીંગ કમીટીને ઘણાં

વર્ષો થવાં આવેલી છે. એમાં રહેલા લાભ પણ મજકુર ઉતારાઓ **કમીટીના શબ્દોમાંજ** બતાવે છે. આ ધારાઓમાં કોઈપણ જગ્યાએ આ હકકની ઉપર કોઈપણ જાતની મર્યાદાઓ મુકવાનો ઇસારો સરખો પણ કરવામાં આવ્યો નથી. આ ઉપરાંત જુના વિદ્યાર્થીઓના યુનીયન તરફથી પણ આવી માગણી કરવામાં આવી હતી.

જુનો વિદ્યાર્થી આ હકકની રૂએ મેનેજીંગ કમીટીનો મેમ્બર થવા માટે જનરલ કમીટીનો સભાસદ હોવો જોઇએ એટલી પણ મર્યાદા સંબંધી કયાંય પણ ઉલ્લેખ જણાતો નથી. અને આવી **ઉદાર ભાવનામાં** સંકુચિત મર્યાદાઓને સ્થાનજ કયાંથી હોય !! કારણ કે આવો હકક આપવાનો મુળ ઉદ્દેશ જુના વિદ્યાર્થીઓને સંસ્થાના કાર્ય તરફ આકર્ષી તેના વિકાસમાં વિશેષ રસ લેતા કરવાનો હતો. અને એ આવોજ ઉદેશ હોય તો પછી એ હકક ઉપર કોઇપણ પ્રકારની મર્યાદા મુકવાથી તેનું ગૌરવ અને સુંદરતા જતાં રહે છે ને સ્વમાન ધરાવતા વિદ્યાર્થીઓ એવા સંકુચિત અને મામુલી હકકનો લાભ લેતાં અચકાશે અને મુખ્ય ઉદેશ માર્યો જશે.

આમ છતાં, જ્યારે આવો હકક આપવાની તક આવી ત્યારે મેનેજીંગ કમીટીએ ઉમેર્યું કે આવી રીતે મેમ્બર થનાર વિદ્યાર્થી જનરલ કમીટીનો સભાસદ હોવો જોઇએ. જો કે આ શરત જરૂરી લાગતી નથી, કારણ કે ગ્રેજ્યુએટ થયા પછી, વિદ્યાલયનો મેમ્બર થવા માટે જુના વિદ્યાર્થીને પૈસાની છુટ હોયજ એમ માની શકાતું નથી. છતાં આ શરત સ્વીકારવા યોગ્ય છે કારણ કે તે આત્મભોગ સાથે સંસ્થા તરફનો પ્રેમ સુચવે છે.

પરંતુ જ્યારે આવા પ્રકારની દરખાસ્ત મેનેજીંગ કમીટી તરફથી જનરલ સભામાં આવી ત્યારે તે ઉપર એવો સુધારો મુકવામાં આવ્યો કે જુનો વિદ્યાર્થી જ્યાં સુધી **સંસ્થાનો દેવાદાર** હોય ત્યાં સુધી તે મેનેજીંગ કમીટીમાં બેસી શકે નહીં અથવા તો તેણે **પાંચ વર્ષમાં પોતાનું** દેવું ભરપાઇ કીધેલું હોવું જોઇએ ત્યારે તો લાગે છે કે સંકુચિત દ્રષ્ટિની હવે તો હદ થઇ. કારણ કે આવા સુધારાઓ.

૧. જુના વિદ્યાર્થીઓ પ્રત્યે અવિશ્વાસ સુચવે છે

૨. તેઓની સેવાની જાણે જરૂર ન હોય તેમ તેઓને દૂર હડસેલતા હોય એમ લાગે છે.

૩. વિશેષમાં એમ પણ તે સુધારાઓ સુચવે છે કે જલ્દી પૈસા કમાવાની શકિત એજ કેળવણીનો ઉદેશ અને એજ સમાજ અથવા સંસ્થાની સેવા કરવા માટેની લાયકાત.

૪. તે ઉપરાંત આવા સુધારા મુકનારાઓ સામાન્ય વ્યાપારી લોન અને કેળવણી માટેની લોન–એમાં રહેલો ભેદજ સમજતા ન હોય એમ લાગે છે

સૌ કોઇ મધ્યસ્થપણે જોનાર સમજી શકે છે કે આ બે પ્રકારની લોનમાં મોટો તફાવત છે. વ્યાપારી લોનમાં કમાવાનો ઉદેશ રહે છે જેથી તેના વ્યાજ અને ભરપાઇ ઉપરજ લક્ષ આપવામાં આવે છે જ્યારે કેળવણી લોનમાં, યુવાનો કે જે જૈનાચાર્ય શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજીના શબ્દોમાં ભવિષ્યની આશા, સમાજના દેશની દોલત, શાસનની શોભા અને સેવાના પુંજ છે. તેઓને મદદ કરી સુશિક્ષિત બનાવવાનો મુખ્ય ઉદેશ છે. અને જ્યારે સમાજ મોટે ભાગે કેળવણી હીન અનેક પ્રકારના કુધારા અને કુમાન્યતાઓમાં તલ્લીન અને સાધનહીન હોય ત્યારે તો કેળવણી પ્રચારનું કાર્ય એ મુખ ધર્મ થઇ પડે છે.

જ્યાં મદદની ભાવના રહેલી છે ત્યાં દેવું, કરજ એ શબ્દોનો ઉપયોગજ અસ્થાને છે.ભલે કાયદાની દૃષ્ટિએ વ્યાજબી હોય પરંતુ નૈતિક દ્રષ્ટિએ સંસ્થાને ભાગે અમુક પ્રકારના હક વાસ્તે લોન વિદ્યાર્થીને નાલાયક ઠેરવવા એ સંસ્થાના મુળ ઉદ્દેશોને ભુલી જવા જેવું છે.

ઉપર દર્શાવેલા કહેવાતા સુધારામાં એવી એવી વિચિત્રતાઓ રહેલી છે કે તે તેના પક્ષકારો સમજ્યાજ ન હોય એમ લાગે છે, નહીં તો આટલા જોર શોરથી તે સુધારો મુકાયોજ ન હોત

પ્રથમ તો, આ સુધારાની રૂએ પેઇંગ વિદ્યાર્થી (ભલે તે ૭ મહિના વિદ્યાલયમાં રહ્યો હોય કે લાંબો વખત રહ્યો હોય) ગ્રેજ્યુએટ થતાં બીન અંકુશે કમીટીનો મેમ્બર થઇ શકે છે પરંતુ લોન વિદ્યાર્થી લાંબો વખત રહ્યો હોય અને સંસ્થાના ઉપકારથી સંસ્થા સાથે જીદગી ભરના સંબંધથી બંધાયેલો હોય છતાં, પોતાનું દેવું કોઇપણ કારણે જલ્દી ભરી ન શકવાથી મેમ્બર ન થઇ શકે. પેઇંગ અને લોન વિદ્યાર્થી વચ્ચે કેટલો મોટો તફાવત !!! શું પેઇંગ વિદ્યાર્થીને આડકતરી રીતે અને દેખીતી રીતે સંસ્થામાં રહેવાથી આર્થિક લાભ થતો નથી? અને એ રીતે દેવાદાર નથી. ?

બીજી વિચિત્રતા તો એ લાગે છે કે આ સુધારાની રૂએ, સમાજની બીજી કોઇ ફ્રીસંસ્થાનો લાભ લીધો હોય તેવા ગૃહસ્થો કે જેમને તે સંસ્થાના નિયમ પ્રમાણે પાછું કાંઇપણ આપવાનું હોતું નથી, તેઓ સંસ્થાની વ્યવસ્થા માટે લાયક અને પ્રતિષ્ઠિત ગણાય પરંતુ વિદ્યાલયના લોન વિદ્યાર્થીઓ જ્યાં સુધી પોતાનું દેવું નથી આપી શકતા ત્યાં સુધી, ભલે પછી તે બધી રીતે કુશળ હોય, તો પણ નાલાયક ઠરે છે. ગુન્હો માત્ર એટલોજ કે તેઓએ વિદ્યાલયના નિયમ પ્રમાણે બનતી સગવડે, પોતાના અભ્યાસ માટે થયેલો ખર્ચ પાછો આપવા માથે લીધું છે. કેવો ન્યાય !!!

મુળ દરખાસ્ત ઉપરના સુધારાના પક્ષકારોમાંથી કેટલાક કહે છે કે આટલી શરત ન રાખવામાં આવે તો સંસ્થાની લોન જલ્દી ભરપાઇ થશે નહીં. તેઓ એમ માનતા હોય કે આવો મર્યાદિત હક આપવાથી, જુના વિદ્યાર્થીઓ મેમ્બર થવા જલ્દી પૈસા ભરી દેશે તો તેઓ ભુલે છે. કારણ કે દેવું વસુલ આપવું તે પોતાની કમાવાની શકિત ઉપર આધાર રાખે છે. અને નહીં કે આવો હક ભોગવવા. બીજું, કમાતાં છતાં, ભરપાઇ ન કરતા હોય તેવા વિદ્યાર્થીઓને પણ આ હકની લાલચ કંઇ અસર કરી શકશે નહી. અને લોન રીતસર વસુલ કરવાને ઘણી રીતો છે પણ આ હક અને લોનની ભરપાઇ વચ્ચે કોઇપણ જાતનો સંબંધ નથી.

અપૂર્ણ.

લી૦ એક જૈન.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## સારાભાઈ મગનભાઈ મોદી લોન-સ્કોલરશીપ ફંડ.

ઉપરોકત ફંડમાંથી ચંચળ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને અંગ્રેજી ચોથીથી સાતમા ધોરણ સુધી અભ્યાસ કરવા, દેશી અંગ્રેજી વૈદક શીખવા, તેમજ કળાકૌશલ્ય, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી, વીજળી, વિગેરેનું કામ શીખવા વગર વ્યાજે લોનરૂપે સહાય કરવામાં આવે છે. મદદ લેવા ઇચ્છનારે ઓનરરી સેક્રેટરીને ગોવાળીઆ ટેન્કરોડ, આન્ટરોડ, મુંબઇ લખવું.

# શ્રી રામવિજયજીની ચેલેંજનો સ્વીકાર

પાટણ, તા.-૭-૬-૩૧

શ્રીમાન રામવિજયજી,

આપે તા. ૧-૬-૩૧ ના રોજ આપના વ્યાખ્યાનમાં વ્યાસપીઠ ઉપરથી એક ચેલેંજ પાટણના જૈન તેમજ જૈનેતર જનતાને ઉદ્દેશીને ફેંકી છે કે જે આ મુજબ છે "દિક્ષા સંબંધે વિવાદ કરી યોગ્ય નિર્ણય કરવા એ સોલીસીટરો તથા બાર એટ-લૉ. તૈયાર હોય તો હું કોઇ પણ મધ્યસ્થની રૂબરૂમાં તૈયાર છું યોગ્ય નિર્ણય મુજબ હું મારી પ્રવૃત્તિનો ત્યાગ કરૂં અને કાં તે લોકો મ્હને અનુસરે. તમે એ લોકોને લખો. અને જાહેર છાપાઓદ્વારા ચેલેંજ કરે અને જો તેઓ ન આવે તો ખુલ્લું જાહેર પાડો કે તેઓ જુઠા છે."

અત્યાર સુધીમાં દિક્ષાની ચર્ચા અંગે હેન્ડબીલો, ટ્રેકટો, પુસ્તકો શાસ્ત્રોના આધારો સહીત બહાર પડી ગયા છે એટલે હવે શાસ્ત્રની ચર્ચા કરવા જેવું કાંઇ પણ બાકી રહ્યું હોય તેમ અમે માનતા નથી તેમજ સંવત ૧૯૬૮ માં વડોદરા મુકામે પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી વિજયકમળસૂરીજી મહારાજના અધ્યક્ષપણા નિચે પ્રાતઃસ્મરણીય પુજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજના વયોવૃદ્ધ જ્ઞાની અને અનુભવી, શાસ્ત્રજ્ઞ મહોપાધ્યાયજી, પ્રવર્તકજી, પંન્યાસો, અને મુની મહારાજાઓનો મળેલા સમેલનમાં જે જે ઠરાવો કરવામાં આવેલા તે શાસ્ત્રની મર્યાદા બહાર તો નહીજ કરવામાં આવ્યા હોય, તેમ આપ પણ કબુલ કરશોજ. સદરહુ સમેલનમાં થયેલા ઠરાવો પૈકીના ઠરાવ નં. ૨૦-૨૩ કે જે નીચે મુજબ છે તે આપશ્રીના ખ્યાલ બહાર તો નહીજ હોય.

### વડોદરા સમેલનમાં થયેલા ઠરાવો

#### ઠરાવ નં. ૨૦

જેને દિક્ષા આપવી હોય તેની ઓછામાં ઓછી એક મહીનાની મુદત સુધી યથાશક્તિ પરીક્ષા કરી તેના સંબંધી માતા, પીતા, ભાઇ, સ્ત્રી વીગેરેને રજીસ્ટર કાગળથી ખબર આપવાનો રીવાજ આપણા સાધુઓએ રાખવો તેમજ દિક્ષા લીધી તે આપણી પાસે જે વખતે આવે તેજ વખતે તેના સંબંધીઓને રજીસ્ટર કાગળથી તેની પાસે ખબર આપવાનો ઉપયોગ રાખવો.

#### ઠરાવ નં. ૨૩

આજકાલ કેટલાક સાધુઓ શીષ્ય કરવા દેશકાળ વિરૂદ્ધ વર્તન ચલાવે છે જેથી શાસનની હેલનાવખતના અનેક પ્રસંગો પ્રાપ્ત થાય છે તેમજ મુનીઓને કોઇ કોઇ વખત અનેક મુશ્કેલીમાં ઉતરવું પડે છે જેથી આ સમેલન આવી રીતે દિક્ષા લેનાર તથા આપનાર, અપાવનાર માટે અત્યંત નાપસંદગી જાહેર કરે છે કે આપણા સમુદાયના સાધુઓ પૈકી કોઇએ પણ આવી ખટપટમાં ઉતરવું નહી અને જે મુની આવી ખટપટમાં પડશે તેને માટે આચાર્યજી મહારાજ સખ્ત વિચાર કરશે.

સદરહુ ઠરાવો વયોવૃદ્ધ અને ગીતાર્થ એવા પરમોપકારી સ્વર્ગસ્થ આચાર્ય મહારાજ તથા મહોપાધ્યાયજી તથા તમારા ગુરૂ પ્રેમવિજયજી અને તેઓના ગુરૂ તથા આપના દાદા ગુરૂ કે જેઓની આજ્ઞામાં હાલ તમે વર્તો છો તે વિજયદાન સૂરીની હાજરીમાં સર્વાનુમતે થયેલા છે. એટલે તમારા અને અમારા પરમ ઉપકારી આચાર્ય દેવવિજય કમળસૂરીશ્વરજી તથા મહોપાધ્યાયજી શ્રી વીરવિજયજી કે જેઓના આપ પ્રશીષ્યના શીષ્ય છો. તેઓ અને મહાત્માઓ શાસ્ત્રના પારંગત તેમજ વયોવૃદ્ધ અને અનુભવી હતા એટલે તેઓશ્રીએ સર્વાનુમતે કરેલા ઠરાવો ઉપર શાસ્ત્રાર્થ કરવો ને તેઓશ્રીના શાસ્ત્રના જ્ઞાનની બુદ્ધિની હાંસી કરાવવા જેવુંજ છે અને તેઓશ્રીના જ્ઞાન અને બુધ્ધિ ઉપર શંકા કરવા જેવું છે અને તેથીજ તમે તેઓશ્રીના પ્રશીષ્યના પણ શીષ્ય અને અમે તેઓના દાસાનુદાસને તેઓશ્રીએ કરેલા ઠરાવો ઉપર શાસ્ત્રાર્થ કરવા જેવું કે વિવાદ કરવા જેવું રહેતુંજ નથી અને તે તમો તેમ અમોને ઇષ્ટ નજ હોય.

હવે તો ફકત એકજ મુદ્દો સ્પષ્ટ કરવાની જરૂરીઆત છે, અને તે એ કે સદરહુ ઠરાવ નં. ૨૦-૨૩ સદરહુ સમેલનમાં થયા હતા કે કેમ?

સદરહુ ઠરાવો નં. ૨૦-૨૩ થયા છે એમ સિધ્ધ થાય તો પછી બીજી ચર્ચાને સ્થાન રહેતુંજ નથી. એટલે અમે આપશ્રીની ચેલેંજનો બે રીતે સ્વીકાર કરીએ છીએ કે-

આપશ્રી સદરહુ ઠરાવો થયાજ નથી એમ સાબીત કરવા તૈયાર છો?

અમો સદરહુ ઠરાવો નં. ૨૦-૨૩ થયા છે એ સાબીત કરી આપવા યોગ્ય મધ્યસ્થની રૂબરૂમાં તૈયાર છીએ.

આપ સદરહુ ઠરાવ નં. ૨૦-૨૩ થયા છે એમ કબુલ કરતા હો તો પછી પાટણના શ્રી સંઘે કરેલા ઠરાવને શાસ્ત્ર વિરૂદ્ધ કહી શકોજ નહિ કારણ સદરહુ ઠરાવોને અનુસરીને સદરહુ ઠરાવોના તથ્ય મુદ્દાઓને દ્રષ્ટિ સન્મુખ રાખી સમેલનમાં થયેલા ઠરાવોને અમલમાં મુકવાની હાલની પરિસ્થીતિમાં જરૂર લાગવાથીજ પાટણના શ્રી સંઘે નીચે મુજબ ઠરાવ કર્યો છે.

### પાટણના શ્રી સંઘે કરેલો ઠરાવ.

હાલની પરિસ્થીતિ જોતાં પાટણમાં જેઓને દિક્ષા લેવી હોય તેઓએ એક માસ પહેલાં જાહેર છાપાઓમાં જાહેરાત કર્યાં પછી તેની યોગ્યતાની ખાત્રી થતાં સંઘની સંમતિ મેળવી દિક્ષા આપી શકાશે. આની વિરૂધ્ધ વર્તનાર અથવા તેમાં ભાગ લેનાર સંઘનો ગુન્હેગાર ગણાશે.

આ ઉપરથી જોઇ શકાય છે કે સમેલનમાં થયેલા ઠરાવ નં. ૨૦ તથા પાટણના શ્રી સંઘે કરેલા ઠરાવના મુદ્દાઓ નીચે મુજબ છે.

૧ વાલીવારસોની અનુમતી

૨ લાયકાતની પરિક્ષા

૩ પરિક્ષા માટે કમમાંકમ એક મહીનાની મુદત

આ પત્રનો જવાબ આપશ્રી પોતાની સહીથી તા. ૧૨-૬-૩૧ સુધીમાં રજીસ્ટર પોસ્ટ મારફત યાતો જાહેર પત્રિકા મારફત આપશો.

તા. ૧૨-૬-૩૧ સુધી આપશ્રી તરફથી જવાબ નહિ આવે તો અમને જાહેર કરવાની અનિવાર્ય ફરજ પડશે કે આપ ગુરૂઆજ્ઞાનો છડેચોક ભંગ કરી ભોળી અને અજ્ઞાન જનતાને પ્રભુ મહાવીરની આજ્ઞાના નામે કેવળ દલ સેવી અવળે રસ્તે દોરી રહ્યા છો. તા. મજકુર.

તા. કઃ—આ પત્રની અસલ કોપી રજીસ્ટર પોસ્ટથી શ્રી રામવિજયજીને મોકલવામાં આવી છે.

લી૦

શ્રી પાટણ જૈન યુવક સંઘ તરફથી શ્રી સંઘનો સેવક.

**કેશવલાલ મંગળચંદ શાહ.**

આ પત્રિકા મહોમદ અબ્દુર રહેમાને 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ચાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઈ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચકલાવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે

Reg. No. B 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. | સંવત ૧૯૮૭ ના અ. અષાઢ શુદ ૭ | છુટક નકલ : |
| અંક ૨૫ મો. | તા૦ ૨૨-૬-૩૧ | ૦॥ આનો. |


મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકામાં મેં દિક્ષા કેમ છોડી
તેનો એક કરાર લખી મોકલ્યો હતો તે ચાલતા
પણ દિક્ષાના [illegible]
કરી અને મને પણ [illegible] પ્રકરણ રૂપે
પણ તેમની [illegible] ગયેલા. પણ મારા ભાઈની સહી
મુંબઇ સમાચાર તા. ૨૨-૬-૩૧. માં છપાયેલ કે હું
દિક્ષામાં વિરોધપક્ષના ભાગમાં કેમ ફસાયો તે કેમ
મેં લખ્યો [illegible] છતાં પણ આવા [illegible] ખોટી
સહી કરી જે કેમ છપાવી લેવા માટે તે [illegible]
અને સમજાવું [illegible]
[illegible] રોકી રાખ્યું [illegible]
[illegible] મુંબઇ સમાચારને પૂછનાર [illegible]
અને પૂછી જો મુંબઇ સમાચાર [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] મેં [illegible]

લિ.

રતિલાલ. અમૃતલાલ.

સહી દ. પોતે તા. ૨૨-૬-૩૧

# મુંબઇ સમાચારનો અસત્ય આક્ષેપ.

(તંત્રી સ્થાનેથી.)

મુંબઇ સમાચાર પત્રના તા૦ ૧૯-૬-૩૧ ના અંકમાં તે પત્રના અધિપતીએ 'મેં દિક્ષા કેમ છોડી'? 'મી૦ રતીલાલ અમૃતલાલ ખેડાવાલાનો નોટરી પબ્લીક સમક્ષ ચોંકાવનારો ખુલાસો' 'જૈન યુવક સંઘ પત્રિકામાં પ્રગટ થયેલા બનાવટી પત્રો' એ મથાળા નીચે કેટલીક પ્રસ્તાવના બાદ રતિલાલ શાહની સહીનું મેસર્સ કાંગા એન્ડ કું. ના ભાગીદાર મી. પેસ્તનજી એમ. કાંગા સમક્ષ કરેલું સ્ટેટમેન્ટ પ્રગટ કર્યું છે. આ સ્ટેટમેન્ટનો સાર એ છે. કે મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકાના તા૦ ૨૫-૫-૩૧ અને તા૦ ૧૫-૬-૩૧ ના અંકોમાં ઉકત રતિલાલના પ્રગટ થયેલા પત્રો તેના પોતાના લખેલા નથી અને એ પત્રો અમે બનાવટી ઉભા કરી પ્રગટ કર્યાં છે. આ સંબંધમાં જણાવવાનું કે રતિલાલ જેવો સાધારણ માણસ ગમે તેવું સ્ટેટમેન્ટ કરે તે પ્રગટ કરવા પહેલાં મુંબઇ સમાચારના અધિપતિએ સભ્યતા ખાતર અમારી પાસેથી તે સંબંધમાં ખુલાસો માંગવો જોઇતો હતો. તેમ કરવાને બદલે એક જાહેર પત્ર સામે સત્યાસત્યનો કશો વિચાર કર્યાં સિવાય આવો આક્ષેપક ઉલ્લેખ કરવાની એક જવાબદાર પત્રકાર ધૃષ્ટતા કરે તે એક હીચકારૂં અને શરમાવનારૂં કૃત્ય છે. તે પત્રો સંબંધમાં અમે જાહેર જનતાને જણાવીએ છીએ કે તે દરેક પત્રની મુળ નકલ રતિલાલના હાથની લખેલી અમારી પાસે મોજુદ છે. જે જે કોઇને જોવી હોય તેને અમારી ઓફીસે આવી ખાત્રી કરવા અમે નિમંત્રણ કરીએ છીએ. તે પત્રો ઉપરાંત તેજ રતિલાલે તા૦ ૧૪-૬-૩૧ ના રોજ ખેડા વર્તમાનના પ્રતિનિધિને જે ઇન્ટરવ્યુ આપેલ છે. (જે તે પત્રના તા૦ ૧૭-૬-૩૧ ના અંકમાં પ્રસિધ્ધ થયો છે.) તે પત્ર તેની સહી સાથેનો અમોએ પ્રાપ્ત કર્યો છે. આ પત્રોમાંથી જાહેર જનતાની પ્રતિતી ખાતર અમો એક પત્રનો બ્લોક આજ રોજ પહેલે પાને પ્રગટ કરીએ છીએ.

બીજા પત્રો અને બીજી હકીકતો અમે આગળ ઉપર પ્રગટ કરીશું. આટલા ઉપરથી અમે આશા રાખીએ છીએ કે મુંબઇ સમાચારના અધિપતિએ એક પત્રકારને ન શોભે એવો આક્ષેપ કરવામાં જે અક્ષમ્ય ભૂલ અને અન્યાય કર્યો છે તે સંબંધમાં તેઓ યોગ્ય ખુલાસો બહાર પાડી અમને વધુ ચર્ચામાં ઉતરતાં અટકાવશે.

રતિલાલના પ્રસ્તુત સ્ટેટમેન્ટની વિગતોમાં જે અસત્ય અને છળ ભર્યાં છે તેની લંબાણ ચર્ચામાં હાલ ઉતરવાની જરૂર નથી. રતિલાલ એમ જણાવે છે, કે પોતે એક કોરા કાગળ ઉપર પોતાના હસ્તાક્ષરથી સહી કરી છે તેની ઉપર અમે બનાવટી લખાણ ઉભું કર્યું છે. આ પ્રમાણે તેને લખવું પડે છે તેજ તેના સ્ટેટમેન્ટનું પોલાણ સિધ્ધ કરે છે પણ વસ્તુતઃ અમારી પાસે 'દિક્ષા કેમ છોડી'? એ મથાળા નીચે પ્રગટ થયેલો આખો લેખ તેના પોતાના હસ્તાક્ષરથી લખાએલો પડેલો છે. આટલી હકીકતો રતિલાલને લગતા તરકટને ખુલ્લું પાડવા માટે બસ છે.

લી૦ ગાંધી જમનાદાસ અમરચંદ.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને અને તેના જુના વિદ્યાર્થીઓ.

– ગતાંકથી પુરૂં. –

લોનનો ઉદ્દેશ અને ભરપાઈ સંબંધમાં બંધારણમાં નીચે મુજબ કલમ છે:—

કલમ નં. ૭૭–ઉપર પ્રમાણે બોન્ડ કરાવી લેવાનો હેતુ વિદ્યાર્થીને પોતાની જાત ઉપર આધાર રાખવાનું શિખવવાનો પોતે જાહેર ખાતાની સખાવત પર આધાર રાખનાર છે એવો ખ્યાલ અભ્યાસ દરમ્યાન ન આવવાનો અને આ સંસ્થા પોતાના જોર ઉપર ભવિષ્યમાં ઉભી રહે એવી રીતે તેને પગભર કરવાનો છે. એ નિયમને અમલમાં મુકતાં, વિદ્યાર્થીની કમાણી, તેને પાળવાના કુટુંબીઓ અને બીજી જરૂરી બાબતો પર તે વખતના સેક્રેટરી યોગ્ય ધ્યાન આપશે અને એ નિયમનો અમલ બોજા રૂપ ન થઈ પડે તેમજ નરમાશનો ગેરલાભ ન લેવાય એ બાબત પર યોગ્ય લક્ષ રાખી બોન્ડની રકમ વસુલ કરવામાં આવશે.

એ ઉપરથી લોનનો હેતુ અને તે શી રીતે વસુલ કરવી એ સ્પષ્ટ છે એવો કયો વિદ્યાર્થી કૃતઘ્ન હોય કે જે આવી શરત મુજબ પોતાની લોન પાછી ન આપે !

કેટલાક ગૃહસ્થો એમ ધારે છે કે આટલી મર્યાદા ન રાખવામાં આવે તો, જતે દિવસે જુના લોન વિદ્યાર્થીઓ મેનેજીંગ કમીટીમાં આવી જાય અને પોતાનું દેવું માંડીવાળે. આ વિચારમાં અવિશ્વાસ અને ખોટા ભય સિવાય બીજું કાંઇ જોવામાં આવતું નથી.

પ્રથમતો, આમ ધારવામાં 'જુના વિદ્યાર્થી' પ્રત્યે તેઓ કેટલું માન (!!!) ધરાવે છે અને કેટલી શાબાસી (!!!) આપે છે ! આવી શંકા જો રાખવામાં આવતી હોય તો પછી બહેતર છે કે જે સંસ્થામાંથી આવા વિદ્યાર્થીઓ પાકતા હોય તે બંધ કરવી. પણ આ ખ્યાલ તદ્દન પાયા વિનાનો છે અને તે નબળા મનની કલ્પના છે. પહેલાંતો, આ અંકુશ વગર મેનેજીંગ કમીટીમાં ઘણા વિદ્યાર્થીઓ આવી જરી એ હાલમાં કોઇપણ રીતે શક્ય નથી. આ હકથી એકજ વિદ્યાર્થી મેનેજીંગ કમીટીમાં આવી શકે છે અને જનરલ ચુંટણીથી જોકે બીજા વિદ્યાર્થીઓ આવી શકે પણ હાલના સંજોગો જોતાં આ માનવું ભુલ ભરેલું છે. તેમ છતાં, કદાચ તેઓ સારી સંખ્યામાં આવે તોપણ લોનની પધ્ધતિને કોઇપણ પ્રકારની ધાસ્તી નથી કારણ કે એ બંધારણનો સવાલ છે અને તેમાં કાંઇ પણ મોટો ફેરફાર કરવાની મેનેજીંગ કમીટીને સત્તા છેજ નહીં એવા ફેરફાર જનરલ કમીટીજ કરી શકે છે. તો પછી આવી શંકા રાખવી અવ્યવહારૂ છે અને અમે ઇચ્છીએ છીએ કે આવા ખોટા આક્ષેપો કરીને લોન વિદ્યાર્થીઓ તરફ સમાજની અપ્રીતિ કોઇપણ સમજદાર વ્યક્તિ ઉત્પન્ન ન કરાવે.

આ અવિશ્વાસની પાછળ અમને તો ભયની દૃષ્ટિ ઘણી હોય એમ લાગે છે. મેનેજીંગ કમીટીનું કાર્ય નવા જુવાનીઆઓ પચાવી પાડશે એવુ સામો પક્ષ ધારતો હોય એમ જણાય છે. આમાં સત્ય હોય તો તે નવા જમાનાની નીશાની છે અને તેને તો આવકારદાયક ગણવું જોઇએ.

અન્તે વિદ્યાલયના હાલના કાર્યવાહકો બદલાયા વગર રહેવાના નથી. ધીમે ધીમે નવા કાર્યવાહકો આવવાનાજ અને તે પણ મોટે ભાગે જુના વિદ્યાર્થીઓજ. તેમના માતૃતુલ્ય સંસ્થાનો કારોબાર પાંચ પચીસ વરસે પોતાના હાથમાં જ લેવાના એ નિઃસદેહ વાત છે. તો પછી જુના વિદ્યાર્થીઓને સમાજ સેવાને તાલીમ આપનારી આવી તક–આપો હક શા માટે ઉદાર હાથે અત્યારેજ ન આપવો કે જેથી જૈન સમાજમાં આવી સારી પદ્ધતિઓથી સમાજસેવકોની સંખ્યા વધવા પામે અને કોમની ઉન્નતિ સહેલાઇથી થાય.

આટલી દલીલોથી મે. કમીટીની મુળ દરખાસ્તનું અતિ ઉપયોગી પણું સ્પષ્ટપણે સમજાશે એમ આશા છે. મે. કમીટીની આ દરખાસ્ત તદન વ્યાજબી હતી એટલુંજ નહીં પણ ઘણાં વર્ષો થયાં મેનેજીંગ કમીટીએ દર્શાવેલી ઇચ્છાઓનું તે મુર્તિમંત સ્વરૂપ હતું સંસ્થાના બંધારણમાં આવા સુધારાની આવશ્યકતા ઘણો વખત થયાં સ્વીકારાયેલી હતી અને તેને માટે ઘણીજ ઉત્કંઠાથી રાહ જોવાઇ રહી હતી તેમ છતાં આ મુળ દરખાસ્ત ઉપર જે મુખ્ય સુધારો મુકવામાં આવ્યો હતો તે સંસ્થાના મુળ ઉદેશથી તદન વિરૂદ્ધ અને સંસ્થાના હિતને હાનિકર્તા હતો આવો સુધારો શા કારણે કયા ઉદેશથી અને કયા લાભાર્થે કરવામાં આવ્યો હશે તેજ એક અણઉકેલ કોયડો છે.

છેવટે ઇચ્છીશું કે જુના વિદ્યાર્થીઓ અને શ્રી મહાવીર જૈન વિદ્યાલય વચ્ચે સારો સંબંધ અને સહકાર હંમેશ જળવાઇ રહે તેવી જલ્દી કોઇ યોજના હાથ ધરવામાં આવે.

લી૦ એક જૈન.

# જૈનો વાંચો અને ચેતો:—

—:o◯:0:◯o:—

[ઐતિહાસીક રાસ સંગ્રહ (વિજય તિલક સુરિ રાસ) ઉપરથી તારણ કાઢનાર:–એક જૈન.]

—ગતાંકથી ચાલુ—

(પુર્વાચાર્યો જેમને પોતાના આત્મ સાધનનીજ પડી હતી અને બાલજીવોને ધર્મના રસ્તે ચઢાવવાનીજ જેમની ઇચ્છા હતી તેવા પુર્વાચાર્યોએ આગમોની રચના કરી અને લખતા ગયા કે સાધુઓને રાજ ભય નથી તેમજ ચોર ભય નથી. સાધુઓ ફક્ત કષાયરૂપી ચોરો આત્મારૂપી રાજાને હેરાન કરે નહી તેનુંજ ધ્યાન રાખવાનું હોય છે. ઐતિહાસીક રાસાનું તારણ કાઢતી વખતે હવે મારે ખાસ ધ્યાન રાખવાનું છે કે જ્યાં જ્યાં ધર્મના નામે સાધુઓએ જાણી જોઇને કે અજ્ઞાનતાથી પ્રતિગો મેલી વાડાઓ બાંધ્યા છે તે વાડાઓ જૈનોને આત્મજ્ઞાન તરફ એટલે જૈનધર્મ પ્રત્યે પ્રેમ રાખવા શીખવે છે કે કેમ તે ખાસ ધ્યાન રાખી પૃથ્થકરણ કરવાની ઇચ્છા રાખું છું છતાં ભુલને પાત્ર બનું તો આ પત્રિકાના તંત્રી જેમ શાસ્ત્ર બાબામાં ખુલાસો જણાવશે અને ભુલને પાત્ર જો હોઇશ તો મારા આત્માને પુછીને તેમજ મારા ગુરૂની સલાહ લઇને હું જરૂર ભુલ સુધારીશ.)

પુર્વાચાર્યો કહી ગયા કે સાધુઓને રાજ ભય નથી તેમજ ચોર ભય નથી છતાં સોમવિજય વાચક સહનશીલતાની હદ

મોઝંગી અબદુલખાન તે વખતના ગુજરાતના સુબાને મળે છે. (જેમ અત્યારે ઘણી વખત બને છે કે શાસનપ્રેમી જેવા સુંદર નામો ધારણ કરવા છતાં, તેમના મનથી માની લીધેલા વિરોધીઓને શામ-દામ-દંડ અને ભેદના રસ્તે હંફાવવા પ્રયત્નો કરનાર સાધુ ધર્મ ઘણી વખત ચુકે છે અને જોઈએ છીએ કે અત્યારે સમતારૂપી સાગરની અંદર પોતાના આત્માનું કલ્યાણ કરી ભાવજીવોને ધર્મના રસ્તે લગાડનાર સાધુઓને પણ પુજ્યપાદ વાચસ્પતિ લબ્ધીસુરિ પણ સાધુ ધર્મને જાણી જોઈને અંગારમાં હોમે છે તે પણ ઐતિહાસીક પરીવર્તન સીવાય કાંઈપણ નથી. કારણ કે જ્યારે જ્યારે વાડાઓ ઉત્પન્ન થવાની તૈયારીઓ થાય છે ત્યારે સામા પક્ષને તોડે તોજ પોતાનો પક્ષ મજબુત થાય. જૈનસંઘ શબ્દ હવે કડવો લાગ્યો કે શાસન રસિકસંઘ સ્થપાયો-જૈન યુવકસંઘ પણ કડવો લાગ્યો કે જૈન યુવકમંડળ સ્થપાયું. ધન્ય છે સમજદારી હોવાનો ડોળ કરી મંડળ અને વાડાઓ નવા ઉત્પન્ન કરનારની બુદ્ધીને વધારો-વધારો વાડાઓ જૈનોમાં, કે જૈનોને છીન્નભીન્ન દશામાં હે સમણુ ડોળઘલુ સાધુઓ-જૈનો છીન્નભીન્ન થશે ત્યારેજ તેમની આંખો ઉઘડશે. વિજયહિરસૂરિ પછી વાડા બંધાય છે તેનો હેવાલ બાબત પુરતો વિચાર કરજો.

પટ્ટાવલી.

શ્રી વિજયદાનસૂરિ
- શ્રી વિજયહીરસૂરિ
  - શ્રી વિજયસેનસૂરિ
    - શ્રી વિજયદેવસૂરિ (દેવસૂર સંઘની સ્થાપના)
    - શ્રી વિજયતિલકસૂરિ (આણંદસૂર સંઘ સાખા થઇ)
    - શ્રી રાજસાગરસૂરિ (સાગર ગચ્છની ઉત્પત્તી)
- શ્રી વિજયરાજસૂરિ
  - શ્રી વિજયરત્નસૂરિ (રત્નશાખા એકામાં હોવાનું સંભળાય છે)

ઉપરની પટ્ટાવલીમાંથી જોઇ શકશો કે વિજયસેનસૂરિ પછીજ તેમના શીષ્યોએ ફાંટાઓને વાડાનું રૂપ આપી વાડા હતા તેના કરતાં વધાર્યાં-જૈનોમાં કલેશ એટલો વધ્યો કે અકબર બાદશાહના વખતમાં ૬૦ લાખ જૈનો કહેવાતા હતા તે દીવસે દીવસે આ વાડાઓએજ જૈનોને જૈનધર્મ પ્રત્યે પ્રેમથી વિરક્ત કરેલા છે. આવા ઝઘડાઓને લીધે ઘણાઓ જૈનધર્મ છોડી સ્વામીનારાયણમાં અથવા તો મુસલમાન થઇ ગયા છે તેમ ઇતિહાસ સાક્ષી પુરે છે.

હવે હું પ્રશ્ન પુછું છું કે રામવિજય અને આનંદ સાગરજીએ ત્રણ વર્ષમાં ઉપદેશ આપી ચાર છાપાઓ છપાવવા શરૂ કર્યા તે છતાં બીચારા-પામર પંતુજીએ ફકત ત્રણ વર્ષમાં તેમના સાગર-રામધર્મને ૭૫૦૦) જેટલીજ ટેકા આપે છે તે ૭૫૦૦) માંથી દુધપાકની લાલચ, સરમાસરની નોકરીઓની શરમને લીધે દબાણ વીગેરે ને બાદ કરીએ તો શાસન રસિક સંઘમાં અખિલ હિન્દના અંદર ૧૨૫ શાખાઓના બણગાં ફુંકનાર ઘણા શહેરો ઉપર કાળુ પરોવતાં છતાં કેટલા નીકળશે તેનો ખુલાસો નિષ્પક્ષપાત પણે વિજયનેમીસૂરિજી જો આપે તો જરૂર મુંબઈનો જૈન યુવક સંઘ ઉપકાર માનશે. ૭૫૦૦) સભ્યો તે હમો નથી કહેતા પણ સોસાયટી સમાચાર પ્રકાશે છે. તેમા બાળકો-સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે. શાસન રસિક સંઘ સ્થાપવો હોય રામ-સાગરમાં તાકાદ હોય તો સીસોટી વગાડીને કહેવામાં આવે છે કે અખીલ હિન્દમાં પરશી ૫૬ લાખ બાવાઓ છે તેમાંથી પાંચ હજાર બાવાઓને જૈન ધર્મનો ઉપદેશ આપી તમારા શીષ્યો વધારી અખીલ હિન્દમાં ખુણે ખુણે મોકલી જૈનો વધારો તો મુંબઇ જૈન યુવક સંઘ રામ-સાગરને કોટી કોટી વાર વંદન કરશે. બાકી જૈનોમાં ફાટ પડાવી બને તેટલા તાગડધીન્ના કરશો તો તમને પહોંચી વળવાની યુવકોને શકતી શાસનદેવ આપે તેમ જરૂર યુવક પ્રાર્થના કરશે. યુવક સંઘને ભગવાન મહાવીરના નામે નવી દુકાન માંડવી નથી.

અબદુલખાન (ગુજરાતનો સુબો) સોમવિજય વાચકને કહે છે કે:-"મારા લાયક કાર્ય હોય તે બતાવો, હું આપના દુશ્મનોને સખ્ત શિક્ષા કરીશ સોમવિજય વાચક કહે છે કે" અમારો એક ગુરૂભાઈ હતો તે ગુરૂ આજ્ઞાથી વિરૂદ્ધ થયો અને તેણે એક ગ્રંથ બનાવ્યો; જેમાં ગુરૂને ગાળો લખી છે. આ ગ્રંથને તેના પક્ષના કેટલાક લોકો વાંચે છે, તેથી અમારૂં દિલ બહુ દુઃખી થાય છે, માટે આપ જો કંઇ પ્રયત્ન કરીને તેઓને અટકાવો તો સારૂં."

અબદુલખાન પત્ર લખીને માણસ મોકલે છે. વિજયદેવસૂરિએ જણાવ્યું કે રાજ તરફથી માણસ બોલાવે છે એટલે તરતજ તે ચાર મોટા માણસોને મળ્યા. આણુસાણી દેવરાજ, નગર શેઠ દોસી વેણીદાસ, દોસી મનીઓ અને શાહ નાના વસુધા એ ચારને અમદાવાદ સોમવિજય વાચક પાસે મોકલ્યા. તે વણિકોએ વાચકને કહ્યું કે અમારૂં વચન માનીને આ વખતે વિજયદેવસૂરિજીને બચાવો. સોમવિજયવાચકે કહ્યું કે તે જો ગુરૂ વચનને માને તો એના પેંજે લાજ રહેશે. ચોમાસું ઉતરે વિજયદેવસૂરિ અમદાવાદ આવે-સાગરો પાસે મતું મારાવી મીચ્છા દુક્કડં દેવરાવી સંઘની અંદર લે તોજ વચન માન્ય થઇ શકશે.

તે ચારે શેઠીયાઓએ વિજયદેવસૂરિને ઉપરની હકીકત લખી વિજયદેવસૂરિ શેઠીયાઓએ લખેલી બીના કબુલ કરી. વિજયદેવસૂરિનો જવાબ સંઘ સમક્ષ અમદાવાદમાં વંચાયો. અને અમદાવાદનો સંઘ રાજી થયો અને પત્ર લખીને મેળ કરી દીધો છતાં વિજયદેવસૂરિ હૃદયનો ભેદ કાઢતા નથી અને કપટ રાખે છે. (કારણ કે ગચ્છભેદ કરવાની ઇચ્છા વિજયદેવસૂરિની થએલી હોવી જોઇએ એવો તેઓ આવથી સાંવત્સરીક પ્રતિક્રમણ કરવાનું તેમના વડવાઓને એવો વિજયહીરસૂરિ અને સેનસૂરિને સોંપ્યું હતી અને સાંવત્સરી પ્રતિક્રમણ કરવાથી બહારનો ડોળ બતાવી કરતા હોવા જોઇએ નહીં તો સાધુ થઇને સાધુતા સમજવાને શા માટે તેઓ ગુમાવે? ખરી વાત છે કે ગચ્છનાયકને ભગવાન મહાવીરે કદાચ સત્તા આપી હોય? કોઇપણ બાકિત શાસ્ત્રના ઉતારા બહાર પાડે તો સારૂં)

વધુ લખાણ હવે પછી ફુરસદ મળે બહાર પાડવામાં આવશે.

## ( ક્રાન્તિ ભ્રાતા. )

વિરશાસન પત્ર તા૦ ૧૨-૬-૩૧ ના રોજ ક્રાન્તિ ભ્રાતાને ખુબ ખ્યાલ રહે તેમ લખતાં લખે છે. ક્રાન્તિ ભ્રાતા એવકુફ બની ગયો છે. વિરશાસન પત્ર એવકુફનો ટાઈટલ આપી જાણે છે તેને માટે તેને ધન્યવાદ આપું છું અને સાથે છેવટની ચેતવણી આપી જણાવું છું કે ક્રાન્તિ ભ્રાતાના મત પ્રમાણે જીનેશ્વર દેવ શાસન તેમજ તેના વિતરાગ દેવ ઉપરના રસ્તે ચલાવનાર ગુરૂ સીવાય તેમજ વીતરાગ દેવના શાસનમાં આત્માનું કલ્યાણ કરનાર તેમજ વીતરાગ દેવના સાસનમાં જીવોને સમતા ભાવ ઉપર ચડાવનાર સીવાય જે જે સાધુના વેષમાં સાધુ હોય શ્રાવક હોય તે બધાએ ઇન્દ્રજાળીયા તરીકેજ સંબોધી શકાય.

વિરશાસન પત્ર ધ્યાન રાખ, જ્યાં પહેલાના કામો સાધુ વેષે થતાં હોય તેને સાધુ કહેવાયજ કેવી રીતે વિરશાસન પત્ર ધ્યાન રાખે કે શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયને સુરિના વેષમાં રહેનાર પંચમહાવ્રતધારી પહેલે અઢાર દીવસ સુધી કોટડીમાં રાખ્યા હતા તેમ દંતકથાથી સાંભળનાર બુદ્ધીસાગરજી પોતાના પુસ્તકમાં લખે છે કે શરૂઆતમાં શ્રીમદ્ યશોવિજયજીએ સાગરોનો આશ્રય લીધો હતો અને રાંદેરમાં થોડા વખત સુધી સાગરોના આશ્રયે રહ્યા અને જ્યારે આ ખટપટથી કંટાળ્યા ત્યારે દેવસુરિ ગચ્છનો આશ્રય લીધો અને શ્રીમદ્ યશોવિજયજી કંટાળી ગયા ત્યારે સંખેશ્વર પ્રભુનાં દર્શન કરી પોતાના હૃદયનો ઉભરો નીચે મુજબ બહાર કાઢે છેઃ—

પદ ત્રીસમું.

अब मोही ऐसी आयबनी श्री संखेश्वर जिनेसर मेरे तुं एक धनी ॥
कोपानल उपजावत दुर्जन मथत वचन अहनी । नामतुं जलधार सिहां सुख धारु दुःख हरनी ॥

શ્રીમદ્ કથે છે કે સંખેશ્વર પાર્શ્વનાથ ! મારા ઉપર એવી એવી બની છે કે શરણ્ય માટે તુંજ એક મારો ધણી દેખાય છે. વચન રૂપ અરણીકાષ્ટને મથીને દુર્જન લોકો કોપરૂપ અગ્નિ ઉપજાવે છે. આવી દશામાં તારા નામરૂપ જળની મેઘધારાજ દુઃખ હરનારી લાગે છે.

મોટા સૂરિના વેષમાં સાધુઓના વેષમાં ગચ્છને માટે ખટપટો ઉત્પન્ન કરનાર સાધુ કે સૂરિ તે સાધુ નથી પણ તે ધ્વાંક્ષજ છે અને વિરશાસન પત્રમાં ખરીધર્મની દાઝ હોય પેટભરાઓનું પેઢું શાન નીમીતે ઢુંઢીઓ લાવી ચડાવી ખાવા ના હોય તો નિસ્વાર્થપણે ખડ મેદાને અને તું અને તારો સેતાન રસિક સંઘ વિનય રાખતા સીખ વીનય રાખી તું-તારો ખુશામતિયા અને સાગરવિજય નેમીસૂરિજી પાસે જા અને વિનયથી તેમની સાથે જૈનોમાં સંપ વધે તેવા રસ્તા લે અને નહિ તો તારા જેવા ગચ્છની અંદર લગાડતા કુહાડાથી ક્રાન્તિકારો ગભરાય તેમ નથી. સંઘ બહાર કોને મુકવો તે તો વિચાર કર. બોલ્યા કે સંઘ બહાર એટલે આણે વિતરાગદેવે પરવાનોજ ના આપ્યો હોય તને અને તારા લોભાણુ ઝઘડાખોરોને, તારા જેવા ઝઘડાખોરોને પહોંચી વળવાને માટે ક્રન્તિકારો ખડે પગે ઉભેલા છે અને જરૂર દરેક વિતરાગદેવના શાસનમાં રહેનાર સાધુ-સાધવી શ્રાવક અને શ્રાવીકાને વિનંતી કરીએ છીએ કે વિરશાસન પત્ર એ ભગવાન મહાવીરના નામે પેટ ભરાઓનું પેઢું છે તેના દાખલા મોજુદ છે અને તેથી જૈનો જો ગચ્છના નામે ઝઘડામાં પડશો તો ગુમાવશો તમારૂં આત્મ કલ્યાણ. ક્રાન્તિકારો પેટભરા પેઢીઓને પહોંચી વળવા સમર્થ થાય તેમ પ્રાર્થના કરી છેવટમાં વીરમું છું.

લી૦ ક્રાન્તિ ભ્રાતા જૈન.

## રતીલાલ દિક્ષા પ્રકરણ.

બેઠા વર્તમાનના પ્રતિનિધિ સમક્ષ બેઠાના બે ગ્રહસ્થોની રૂબરૂમાં રતીલાલે જે એકરાર કર્યો છે તે નીચે મુજબ.

સવાલ—'મુંબઇ સમાચાર' ના તા. ૧૧ મીના અંકમાં તમારી ( રતીલાલ ) સહીથી પ્રગટ થએલો "જૈન સમાજ સાવધાન" વાળો લેખ સત્ય છે ?

જવાબ—ના, તે હકીકત તદ્દન ખોટી છે, અને મારી ખોટી સહી કરી કોઇએ "મુંબઇ સમાચાર"માં લખી મોકલેલો હોવો જોઇએ.

સવાલ—આ બાબતની ખબર તમે મુંબઇ સમાચાર"ના તંત્રીને આપી છે ?

જવાબ—હા.

સવાલ—તા. ૧૪ મીના "જૈન"ના અંકમાં ૪૨૭ માં પાના પર તમારી સહીથી જે ખુલાસો પ્રગટ થયો છે તે સત્ય છે કે ?

જવાબ—હા.

સવાલ—ત્યારે પ્રથમ 'મેં દીક્ષા કેમ છોડી' એ લેખ તમારી સહીથી પ્રગટ થએલો તે વાત તો ખરી છે ને ? તે લેખતમેજ મોકલેલો ને ?

સવાલ—ત્યારે પ્રથમ 'મેં દીક્ષા કેમ છોડી' એ લેખ તમારી સહીથી પ્રગટ થએલો તે વાત તો ખરી છે ને ? તે લેખ તમેજ મોકલેલો ને ?

જવાબ—હા, તે બાબત તદ્દન સાચી છે અને હજુ પણ તે બાબતના લખાણને હું અક્ષરે અક્ષર વળગી રહું છું.

ઉપરની વાતચીત જે ગ્રહસ્થો સમક્ષ થઇ છે, તે એકરાર ઉપર રતીલાલની સાથે બે ગ્રહસ્થોની શાહીદી તરીકે સહીઓ છે જેની અસલ નકલ અમારી પાસે મોજુદ છે.

———(૦)———

## સમય-ધર્મના સીધ્ધાંતો.

૧ સમાજમાં જડ ઘાલી બેઠેલ રાક્ષસી રીત-રીવાજોને તિલાંજલી દઇ સમાજહિતને સન્મુખ રાખી નવિન સુધારા યોજવામાંજ સાચી સમાજ-ઉન્નતિ સંભવી શકે !

૨ બાળલગ્ન, વૃદ્ધવિવાહ, કન્યાવિક્રય, મરણુ પાછળના જમણો અને હાથકુટના ભજવાતા ગંદા ફારસો આદી અનેક કુરઢીઓને જડમુળથી ઉખેડી દેંકી દેવામાંજ સાચી સમાજ ઉન્નતિ સંભવી શકે !

૩ લગ્ન આદી સામાન્ય પ્રસંગે હજારો બલ્કે લાખો રૂપીઆનો ધુમાડો કરવાની "રૈલાળ-વૃત્તિને" નાબુદ કરવામાંજ સાચી સમાજ-ઉન્નતિ સંભવી શકે !

૪ કન્યા કેળવણી તરફ અરૂચી ધરાવવાની જડ માન્યતા ને ફગાવી દઇ કન્યા કેળવણીના ઉચ્ચમાર્ગો ખોલવામાંજ સાચી સમાજ ઉન્નતિ સંભવી શકે !

૫ ધાર્મિક અને વ્યવહારીક કેળવણી પ્રત્યે દુર્લક્ષ આપતાં વડીલોએ પોતાની પ્રજાને કેળવણીના પંથે દોરવામાંજ સાચી સમાજ ઉન્નતિ સંભવી શકે !

૬ કંગાળ અને કફોડી સ્થીતિમાં જીવન ગુજારતા ભયંકર બેકારીના ભોગ બનેલ જૈન-બિરાદરોને ધંધાર્થે લગાડવામાંજ સાચી સમાજ-ઉન્નતિ સંભવી શકે !

( અપૂર્ણ. )

# દક્ષિણ મહારાષ્ટ્ર પ્રાંતિક પરિષદના પ્રમુખના દિક્ષા સંબંધી વિચારો.

આપણા જૈન સમાજમાં દીક્ષાના પ્રશ્ને જે ઉગ્ર સ્વરૂપ પકડયું છે તેની ચર્ચાઓ જોતાં નિરર્થક ઝગડાઓ પોષનારાઓનું એ કર્તવ્ય હોય એમ કહ્યા વીના ચાલતું નથી. આવા પ્રશ્નને અંગે મૌન રહેવું એ ઉચિત ન લાગતા એ સંબંધે કહેવાનું મન થાય છે કે પવિત્ર દિક્ષા અંગીકાર કરવા-કરાવવા સામે કોઇ પણ સાચા જૈનને વાંધો હોઇ શકે નહી; છતાં હાલ જે એક ન્હાનો પક્ષ ઉભો થયો છે. તે એક યા બીજા બ્હાને સાચા જૈનને ન છાજે તેવી રીતે યદ્વા તદ્વા ભાષણો અને લખાણો દ્વારા પ્રગતિ ઇચ્છનારાઓ પ્રત્યે પોતાના રોષના પોટલો ખાલી કરે છે. અને જૈન સમાજમાં ભારે અશાંતિનું વાતાવરણ પોષી રહ્યો છે. વસ્તુતઃ ઉપર જણાવ્યા મુજબ દીક્ષા સામે કોઇને વાંધો છે નહિ અને હોઇ શકે નહિ, પરંતુ જે મતભેદ જોવામાં આવે છે તે મુખ્યતયા દીક્ષા આપવાની નીતિ-રીતી અને પાત્રની યોગ્યાયોગ્યતા માટે જણાય છે. અને એમ હોય તો જે વિરોધ દીક્ષાઓના કેટલાક કિસ્સાઓમાં જોવામાં આવે છે તે સ્થાને છે એટલુંજ નહિ પરંતુ એવી અયોગ્ય દીક્ષાઓની પાછળ છુપાએલ ચેષ્ટા એ એક જૈન કોમને શરમાવનારી ને જૈનધર્મને હિણપત લગાડનારી ખરે જ કહેવાય અને તેટલા માટે જુનેરની કોન્ફરન્સમાં દીક્ષા સંબંધી નીચે મુજબ જે ઠરાવ થયો છે તે વ્યાજબી અને દીર્ઘદર્શી છે. ઠરાવમાં કહેવામાં આવ્યું છે કે 'દીક્ષા સંબંધી આ કોન્ફરન્સનો અભિપ્રાય છે કે દિક્ષા લેનારને તેના માતપિતાઆદિ અંગત સગાઓ તથા જે સ્થળે દીક્ષા આપવાની હોય ત્યાંના શ્રી સંઘની સંમતિથી યોગ્ય જાહેરાત પછી દીક્ષા આપવી!

આ ઠરાવ જૈન કોમનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ ધરાવનારી મહાસભાના ગત અધિવેશન સમયે હજારો બંધુઓએ એકત્ર મળી એકી અવાજે સર્વાનુમતે મંજુર કરેલ છે અને એ ઠરાવનું અક્ષરશઃ પાલન એ નિર્વિવાદ જરૂરીઆત છે. આ ઠરાવ થયા પછી તુરતમાંજ ભાવનગર રાજના ના. કાઉન્સીલ ઓફ એડમીનીસ્ટ્રેશનના પ્રમુખ સર પ્રભાશંકર પટણીની સલાહમણ ઉપરથી ભાવનગરના શ્રી સંઘે સર્વાનુમતે ઠરાવ કર્યો છે કે—"સગીર વયના છોકરા અથવા છોકરીઓને દીક્ષા આપવાનું શ્રી સંઘ અયોગ્ય માને છે"

જે સંયોગો વચ્ચે ભાવનગરના શ્રી સંઘે મજકુર વલણ અખત્યાર કરી ઉપરનો ઠરાવ કર્યો છે તે સંયોગો ત્યાંના શ્રી સંઘની બેઠકમાં નીચે પ્રમાણેનો બીજો ઠરાવ થયો છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે. તે ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે 'શા માણેકલાલ રાયચંદના સગીર પુત્ર પ્રતાપરાયને અહીંથી કોઇના શિખવવાથી દીક્ષા લેવા માટે નસાડવામાં આવેલ છે તો તેમને કોઇપણ ગામના કે શહેરના સંઘે કે કોઇપણ સાધુ મહારાજે તે નાની ઉમરનો હોવાથી તેમજ તેના મા-બાપની રજા નહિ હોવાથી ભાવનગરના શ્રી સંઘની સંમતિ સિવાય દિક્ષા આપવી નહી અને દરેક ગામ અને શહેરના સંઘને વિનંતી કરવામાં આવે છે કે મજકુર પ્રતાપરાય જે જગ્યાએ હોય ત્યાંના સંઘે ભાવનગર શ્રી સંઘ ઉપર લખી મોકલવા મહેરબાની કરવી" આવા સંયોગોમાં અપાતી દીક્ષાઓ એ આજના સમાજની દુર્દશા, છિન્નભિન્નતા અને કુસંપોનું મુખ્યત્વે કારણ છે. આ વસ્તુસ્થિતિમાંથી ઉગરવા માટે અને કુસંપ દુર કરવા માટે જરૂર માલમ પડશે કે દીક્ષાને અંગે થએલા ઉપરોક્ત ઠરાવોનું પાલન થવું જરૂરી છે અને તે થશે ત્યારેજ જુદા જુદા સંઘોમાં શાંતિ પ્રસરશે.

—(૦)—

## શિષ્ય મોહ.

લુવારની પોળના એક શ્રાવક લખી જણાવે છે કે— અમદાવાદમાં લુવારની પોળના ઉપાશ્રયમાંથી પન્યાસ મોતિવિજય મહારાજનો એક બાળ શિષ્ય લગભગ ૧૨ થી ૧૩ વર્ષની ઉમ્મરનો ગયા અઠવાડીયામાં વેષ છોડીને નાશી ગયો તેને જૈન સમાજનો ઉધ્ધાર કરવા માટે આનન્દસાગરે ફરીથી ઓઘો આપી પોતાની સાથે રાખેલો છે. (તે સાધુએ પોતાનો જુનો ઓઘો વાડામાં નાખી દીધો હતો) જૈન સમાજ દીક્ષાનો વધુ એક નમુનો જુઓ શાસ્ત્રના જાણુંગ ફુંકનાર આનન્દસાગરનો કેવો મજાનો શીષ્ય મોહ?

---

**લેખકોને જવાબઃ**—રા. રા. કાંતિલાલ બોગીલાલ. તમારા કાગળની હકીકતની બાબતમાં જણાવવાનું કે તે બાબતની વધુ તપાસ કરવામાં આવે છે.

## ગ્રાહકોને સુચના.

સવિનય લખવાનું કે શ્રી જૈન યુવકસંઘ પત્રિકાના અંક ૨૪ માથી વી. પી. શરૂ કર્યાં છે, માટે દરેક ગ્રાહક મહેરબાની કરી સ્વીકારી લેશે, બીજું હમારા કોઇપણ ગ્રાહકને પત્રિકાના અંગે જે કંઇપણ ખાસ ફરીયાદ કરવી હોય તો વ્યવસ્થાપકને ઓફીસમાં મળવું અથવા લેખીત ખબર આપવી જેથી ઘટતું કરવામાં આવશે. ઓફીસ ટાઇમ સ્ટા. ૧-થી-૫.

પ્રેસની તથા બીજી અનુકુળતા ખાતર મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા હવેથી દર મંગળવારે પ્રગટ થશે.

વ્યવસ્થાપકઃ—મોહનલાલ ચંદુલાલ.

---


# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## સારાભાઇ મગનભાઇ મોદી લોન-સ્કોલરશીપ ફંડ.

ઉપરોક્ત ફંડમાંથી મંઝળ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને અંગ્રેજી ચોથીથી સાતમા ધોરણ સુધી અભ્યાસ કરવા, દેશી અંગ્રેજી વૈદક શીખવા, તેમજ કળાકૌશલ્ય, ડ્રોઇંગ, હીરાઘસી, ઇજનેરી, વીજળી, વિગેરેનું કામ શીખવા વગર વ્યાજે લોનરૂપે સહાય કરવામાં આવે છે. મદદ લેવા ઇચ્છનારે ઓનરરી સેક્રેટરીને ગોવાળીયા ટેન્કરોડ. ગ્રાન્ટરોડ, મુંબઇ લખવું.


આ પત્રિકા મહોમદ અબ્દુર રહેમાને 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. અંક ૨૬ મો. | સંવત ૧૯૮૭ ના અ. અષાડ શુદ ૧૫ તા૦ ૩૦-૬-૩૧ | છુટક નકલ : ૦।। આનો. |

## એક મેળાવડો.

—(૦)—

### સ્ત્રી કેળવણીનાં સન્માન.

—:*:—

શ્રીમતી વિદ્યાગૌરી મુળચંદ કાપડીઆને બી. એ. ની છેલ્લી પરીક્ષા ઉત્તીર્ણ કરવાને માટે અભિનંદન આપવાનો એક મેળાવડો શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સોલીસીટરના પ્રમુખપણા નીચે માંગરોળ જૈન સભાના હોલમાં રવિવાર તા. ૨૮-૬-૩૧ ના દિવસે થયો હતો. શ્રી. વિદ્યાબ્હેન લાડુઆ શ્રીમાળી જ્ઞાતિના હોઇને આ પ્રસંગ તે જ્ઞાતિ તરફથી યોજવામાં આવ્યો હતો. અને જૈન જૈનેતર બાઇ બ્હેનોની સારી હાજરી હતી.

શ્રી. મોતીચંદભાઇએ શ્રી. વિદ્યાબ્હેનને અભિનંદન આપતાં કેટલીક પ્રાસંગિક બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. વિદ્યાબ્હેને યુનીવરસીટી સેટલમેંટ નામે જે ગૃહ ઓળખાય છે તેમાં રહીને અભ્યાસ કર્યો છે. આપણા વિદ્યાર્થીઓ માટે આપણી પાસે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સંસ્થા છે અને પ્રાંતના કેટલાક શહેરમાં જૈન વિદ્યાર્થી ગૃહો છે ત્યારે ઉચ્ચ શિક્ષણ લેવા ઇચ્છા ધરાવતી બહેનો માટે આવી કાંઇ સગવડ નથી. આ પ્રશ્નનો ઉકેલ આપણે કેમ લાવી સકીએ તે માટે હું આપ સૌનું લક્ષ ખેંચું છું. સ્ત્રીએ કેટલું શિક્ષણ લેવું? ગૃહમાં તેનું સ્થાન શું? જીવનયાત્રામાં તેનો ફાળો કેવો અને કેટલો હોઇ શકે? વિગેરે પ્રશ્નો ઘણીવાર ચર્ચાઇ ગયા છે. સ્ત્રીશિક્ષણ-માટે આજે વિરોધ નથી. હવે તો તેમના માર્ગમાં નડતી મુશ્કેલીનું કઇ રીતે નિવારણ થઇ શકે અને કેંદ્રસ્થાન ધરાવતા મુંબઇ શહેરમાં આપણે કન્યાશિક્ષણ માટે શું કરી શકીએ તે જોવાનું છે.

લાડવા શ્રીમાળી કોમને આપણે ભૂતકાળમાં ઘણો અન્યાય કર્યો છે. જૈનધર્મ વર્ણ અને આશ્રમમાં માનતો નથી. કોઇ પણ વર્ણનો સ્ત્રીપુરૂષ જૈન હોય તો તેઓ અરસપરસ ખાનપાન તથા લગ્ન વ્યવહાર રાખી શકે છે. મેં જૈન વિદ્વાનો તથા જૈન સાધુઓ સાથે ચર્ચા કરી છે પરંતુ તેમાં કોઇએ એ વ્યવહાર સામે વાંધો લીધો નથી. આપણા આ રાષ્ટ્રીય ઉત્થાન પછી આવતા પાંચ દશ વર્ષમાં આવડી હાલની જ્ઞાતિઓ રહેવાનીજ નથી માટે આપણી બધી પેટા જ્ઞાતિએ એકત્ર થઇ જવાની જરૂર છે.

ત્યારબાદ શ્રીમતી ગુલાબબ્હેન, શ્રી. હિંમતલાલ ગણેશજી અંજારીઆ, શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇ, શ્રી. જગજીવનદાસ મોદી, પંડિત લાલન, શ્રી. વીરચંદ પાનાચંદ વિગેરેએ પ્રાસંગિક વિવેચનો કર્યાં હતાં.

ગુલાબબહેને સ્ત્રીશિક્ષણને આગળ ધપાવવા ખુબ આગ્રહ કર્યો હતો. શ્રી. અંજારીઆએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની હિમાયત કરી હતી, પરંતુ આર્યસંસ્કૃતિને દ્રષ્ટિ સમીપ રાખવાની એટલીજ જરૂર બતાવી હતી. શ્રી. જગજીવનદાસ મોદીએ વિદ્યાબહેનનાં શીલ, ગુણ, સ્વભાવ અને સરલ પ્રકૃતિનો પરિચય આપ્યો હતો. શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇએ જણાવ્યું કે વિદ્યાબ્હેન ઉચ્ચ શિક્ષણ મેળવીને લાડુઆ જ્ઞાતિ તેમજ જૈન કોમનું ગૌરવ વધાર્યું છે ઉદયન મંત્રી વિગેરે એજ જ્ઞાતિમાં ઉત્પન્ન થયા હતા. શ્રી સાગરાનંદસૂરીએ લાડુવા શ્રીમાળીને "મોદકીય" કહ્યા છે તે ગંભીર ભૂલ છે. લાડવા શ્રીમાળી કાંઇ લાડવા ખાતા અથવા લાડવા ખાવાની ઇચ્છાથી જૈન થયા હતા તેવું નથી પરંતુ તેઓ લાટ દેશમાં રહેતા તેથી તેમાંથી લાડવા વ્યુત્પન્ન થયેલ છે.

પંડિત લાલને જણાવ્યું કે વિદ્યા બ્હેને પોતાના નામને સાર્થક કર્યું છે, અને હું તો ખરૂં અભિનંદન વિદ્યાબ્હેનને વિદ્યાભ્યાસમાં પ્રોત્સાહન આપનારે તેમના માતાપિતા તથા કુટુંબીઓને આપું છું.

શ્રી. વીરચંદ પાનાચંદ શાહે જણાવ્યું કે આપણા ગરીબ દેશમાં બેકારીને કારણે આજે શિક્ષિત વર્ગ વિશેષ દેખાય છે પરંતુ દેશની વસ્તિના પ્રમાણમાં આપણે ત્યાં ભયંકર નિરક્ષરતા પ્રવર્તે છે. વિદ્યાબ્હેન જેવા થોડાં ગુજરાતી ગ્રેજ્યુએટ બહેનો આપણી નજરે આવે છે પરંતુ તે સંખ્યા ઘણીજ થોડી છે. આજે જૈન સ્ત્રીસમાજ હજુ ઘણો અશિક્ષિત છે શ્રી. વિદ્યાબ્હેન જેવાં સુશિક્ષિત બહેનોની સહાય લઇને આપણે આપણા સમાજને કેળવી દેશના પ્રશ્નો બહેનો પાસે મુકવા જોઇશે અને તેઓના સહકારથી દેશ મુક્તિને માર્ગે વહેલો જઇ શકશે.

ત્યારબાદ શ્રી મોહનલાલ રતનચંદ પારેખે માનપત્ર વાંચ્યું હતું અને શ્રી વિદ્યાબ્હેને તેનો બહુજ સુંદર અને લાગણીની ભાષામાં જવાબ આપ્યો હતો. તેઓએ જણાવ્યું કે આપણા સમાજમાંથી ઉચ્ચ સ્ત્રીશિક્ષણ માટેની ટીકા તદન નાબુદ થઇ નથી. ટીકાની દરકાર કર્યા સીવાય માબાપોએ ઉચ્ચ આદર્શ લક્ષમાં રાખી પોતાની કન્યાઓને ઉચ્ચ શિક્ષણ આપવાની પરમ આવશ્યકતા છે. "સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ લીધા પછી ઘરકામ માટે નાલાયક બની જાય છે" આ આક્ષેપનો હું સદંતર ઇન્કાર કરૂં છું અને મારો અંગત અનુભવ પણ તેમ કહેવાને ના પાડે છે. જે વસ્તુ નેપોલીઅને કહી છે તેનું હું ફરી સ્મરણ કરાવું છું કે તમારે દેશને ઉન્નતિને પંથે લઇ જવો હોય તો તમારા દેશની કન્યાઓને સારૂં શિક્ષણ આપો.

ત્યારબાદ પ્રમુખને તથા વિદ્યાબ્હેનને હારતોરા આપ્યા હતા અને શ્રી પરમચંદ દીપચંદ પારેખ તથા શ્રી જગનલાલ મોતીચંદ સાહ તરફથી સૌ આમંત્રિત ગૃહસ્થોનો આભાર માન્યા પછી મેળાવડો વિસર્જન થયો હતો.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# મહાવીર જૈન વિદ્યાલય.

———(૦)———

આપણી આ કેળવણીની સંસ્થા સામે સખત મહારથી ઓનો વિરોધ ઘણા વરસથી ચાલતો હોવા છતાં તે સંસ્થા ચોક્કસ દિશાએ વિશેષ પ્રગતિ કરતી રહી છે. કેળવણીની આવી સંસ્થા સામે પોકાર કરનારાઓ ચોક્કસ તેમની માની લીધેલી ખામી ખાતર આવા પગલાં લે છે. પણ તેઓ આવી સંસ્થા સ્થાપવા માટે કોઇ પણ પગલાં ભરતાં નથી તેથી તો એમજ સમજી શકાય કે તેમને કેળવણીની સંસ્થાઓ સામેજ વાંધો છે કહેવાતી ખામી તો ફક્ત બાનારૂપ છે. જૈન કોમમાં કેળવણીનો ફેલાવો વધતો જાય છે ને આવી સંસ્થામાં લાભ લેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે. ચાલુ સાલના બરોબર આંકડા હાલ અમારી પાસે નથી પણ સાંભળવા મુજબ ઘણા વિદ્યાર્થીઓને જગ્યાને અભાવે નિરાસ થવું પડ્યું છે. સમાજે આ બાબતનો ખાસ વિચાર કરવાનો છે ને આવી સંસ્થાઓને પુષ્ટ રાખવાની તેમજ જે સ્થળે વિદ્યાલયો કે બોર્ડીંગો ન હોય ત્યાં સ્થાપન કરવા માટે કટીબધ્ધ થવાની જરૂર છે શાસન પક્ષ કહે છે કે વિદ્યાલયમાં અભ્યાસ કરનારાઓ ધર્મને ઉપયોગી નીવડતા નથી ધર્મનો દ્રોહ કરનારા હોય છે આવી વાતો ફેલાવવા પ્રસંગે તેઓ પાસે કોઇ આધાર હતો નથી છતાં ભોળી ને અજ્ઞાન શ્રદ્ધાળુ સમાજ જેમને વધુ વિગતમાં ઉતરવાની ફુરસદ હોતી નથી તેમના મન ઉપર ખરાબ અસર નીપજાવે છે. યુવાનોએ ને વિદ્યાર્થીઓએ આ વસ્તુ સામેનો વિરોધ, આ વસ્તુની અસત્યતા વર્તનથી કેમ સેવાથી બેટી પાડી આપવાની ખાસ જરૂર છે. લાંબા ભાષણો કે વિતંડાવાદ કાંઇ અસર કરી શકશે નહિ. કોમના ગરીબ ભાઇઓની સેવાના ધન ને તેનો અમલ થશું ઉપયોગી નીવડશે. સેવાના કામ તેમને સોંપે કે ખુદ સેવા કરવા માટે વિદ્યાર્થીઓ સમય આપે પણ તેને સગવડ આપવી, જરૂર પડતા દ્રવ્યની સગવડ કરવી તે કોમના આગેવાનોની ફરજ છે. પણ જ્યાં ખુદ વિદ્યાલયનીજ મેનેજીંગ કમીટી સંસ્થાના વિદ્યાર્થીઓને મેનેજીંગ કમીટીમાં કો. ઓપ્ટ કરીને સંસ્થાના વહીવટમાં ભાગ લેવાની તક ન આપે તેની જનરલ કમીટીમાં જુના વિદ્યાર્થીઓને એક પ્રતિનિધિ મેનેજીંગ કમીટીમાં ચુંટવાનો હક આપવાની દરખાસ્ત રજુ થય તો દરખાસ્તને ઉડાડવામાં આવે. એટલુંજ નહિ ખુદ મેનેજીંગ કમીટીના સભ્યો તે દરખાસ્તનો વિરોધ કરે એ સ્થિતિ ઘણી શોચનીય છે એવી સ્થિતિમાં કોમના બીજા ખાતાઓ કાર્યવાહકોને શુ કહી શકાય ? આ સંબંધી એક લેખ અમોએ આ પત્રિકામાં પ્રગટ કર્યો છે. તે સંબંધમાં 'મેનેજીંગ' કમીટીએ શું કહેવાનું છે તે હવે સમાજ પાસે રજુ થવુ જોઇએ. આ સ્થિતિમાં સુધારો થવાની તાકીદે જરૂર છે સંસ્થા હજી પણ વિશેષ પ્રગતિ પામે તેટલું ઇચ્છી આ લેખ પુરો કરીયે છીએ.

# સાગરાનંદના કુતર્કો.

———(૦)———

## કલ્પાંતની કિમ્મત એક આનાથી પણ ઓછી.

રામસાગરનો પંથ અને શિષ્યો વધારવાનો મોહ એટલો વધી પડયો છે કે હાલે અને કટાણે જૈન સમાજના ટકડા પાડી તેમાંથી જુદો પંથ સ્થાપવા પ્રયત્ન કરી રહ્યા છે.

ઝેરી પ્રચાર સોસાયટીના સભ્યોને જુદા પંથમાં રહેવા ફરજ પડે અને તેમને બીજા સહકાર કદી નજ આપી શકે તેવી વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન કરવા ઝેરી પ્રચાર વ્યાખ્યાનમાં કરે છે. જેમ સર્પના મોંમાં આંગળી નાખવી તે ભયંકર છે, વીંછીને હાથ લગાડતાં ભયંકર વેદના સહન કરવીજ પડે છે, અંગારાને હથ અડકતાં પીડા વહોરવીજ પડે છે. વાતચીત કરતાં ટાપલી મારવાની ટેવ હોય છતાં ને જગ્યાએ કાંટા મુકયા હોય તો ભોંકાયા સિવાય રહેતા નથી. તેવી રીતે સોસાયટી સિવાયના બીજા દરેકને ભલે ગમે તેવા સારા દેખાતા હોય તો પણ તેમને તેવા ભયંકર માની સમાજમાં છિન્નભિન્નતા કરવા મિથ્યા પ્રયત્નો સેવે છે.

## ઉપદેશ આપવાનો બીજાને અધિકાર નથી.

'જેમ કોઇ કુંડમાં નાહ્યા ન અગ્નિને તે માટે બોલવાનો અધિકાર નથી તેમ ત્યાગીઓ સિવાય બીજાને યોગ્યતા કે અયોગ્યતા સંબંધી બોલવાનો અધિકારજ નથી ' આવા ઉપદેશના અભાવે શિથિલાચાર ખુલ્લો પડી જવા ભય રહે છે. 'દીક્ષાના વિરોધી નથી—સાધુતાના પુજારી છીએ. તે શબ્દોમાં વિશ્વાસ ન મુકવા આગ્રહ કરે છે.' નહિંતર તેમના જેવા વેષધારિનું સ્થાન કયાં રહે ?

'મા બાપ, સ્ત્રી, બાળક વિગેરેના કલ્પાંતની કિમ્મત એક આનાથી ઓછી:—

દીક્ષા એ મોક્ષનું સાધન છે. તો મા બાપ કે સ્ત્રી કે સગીર વયના બાળકો કલ્પાંત કરે તેની કિમ્મત કરતાં દીક્ષાની કિમ્મત ઓછી છે. કોઇ દીવાળું કાઢેલ હોય તેની પાસે ડુબતાં નાણાંમાં વિધવા કે સગીરવયના બાળકોના નાણાં પણ જાય તેમાં એવો કોઇ કાયદો છે કે પ્રથમ વિધવા કે બાળકને આપવા અને પછી વધે તો બીજાને ફેલો આપવો તો પછી કલ્પાંતની કિમ્મત શું વધી ? ઘણી હીમ્મતે કહ્યું એ છે. તેના જેરો વિધવા કે સગીરવયના બાળકો પાસે પણ હોય તેમને સોર દીઠ એક આનો વધારે વ્યાજ આપવાનો કાયદો છે ? તો પછી કલ્પાંતની કિમ્મત એક આનાથી પણ ઓછી થઇ ખરી કે ?'

આવા કુતર્કો કરી, ભેજાંની કસુંબર કરે છે. ત્યારે એમ લાગે છે કે સાગરજીની તર્કશક્તિ આટલી બધી નિર્માલ્ય હશે ? અથવા તે ઇરાદાપૂર્વક ભોળા લોકોને ભરમાવવા મથતા હશે. જેને કશો સંબંધ કે મેળ નથી તેવા તેવા કુતર્કો કરવા અને લોકોને લલચાવવાની પ્રવૃત્તિ કરવા જતાં, ગુહસ્થપણાનાં લક્ષણ હોય તે પણ ભુલી જાય છે.

પરમાત્મા તેમને સદ્બુદ્ધિ આપે અને જૈન સમાજ આવી લોભાણુ દલીલમાં ન ફસાય અને ખરી સાધુતાના પુજારી બને.

લી૦ એક જૈન.

# આપણું દ્રષ્ટિબિન્દુ.

યુવકો તરિકે યુવકોમાં સાહસ, જોમ અને સેવાભાવના હોવા જોઈએ. મૂળ સૂત્રોના પૂજક તરિકે આપણું દ્રષ્ટિબિન્દુ વેરનો પ્રતિશોધ કે 'શઠં પ્રતિ શાઠ્યમ્' નહિં પણ વેર સામે સમતા અને દ્વેષની સળગતી ભઠ્ઠી પ્રતિ પ્રેમવારિની વર્ષાજ હોઈ શકે. બાહ્યદ્રષ્ટિથી જોનાર જનતા ભલે માની લ્યે કે શાસન રસિક સોસાયટીનો સામનો કરનાર તેજ યુવક સંઘ અને 'વીરસાસન'ના ભારોભાર નિંદા લખાણો સામે કલમ ચલાવનાર એજ 'યુવક સંઘ પત્રિકા. આ માન્યતામાં ભલે સત્યનો અંશ હોય, છતાંએ શાશ્વત સત્ય તો નજ લેખાય. કદાચ એ માર્ગે યુવકોનું નામ હંકારાતુ હોય તો સાંખી પણ નજ લેવાય 'વીર શાસન' એ નથી તો પરમાત્મા મહાવીર દેવના કરૂણા ભરપુર સંદેશને વિશ્વ ભરમાં પ્રચાર કરનારૂં અઠવાડીક કિંવા નથી તો એ જૈન ધર્મનો વિજયવાવટો ફરકાવનાર અગ્રેસર, હૃદય સ્પર્શી અને દલીલ પુરસ્સર લેખો સર્જન કરતુ સાપ્તાહિક એના કટાક્ષો અને નિંદા લખાણો વડેજ મૂલ્ય અપાઈ ચુકેલ માત્ર એ એક ધર્માંધ સાધુ પક્ષીઓનુ કલહ ઉત્પાદક વર્જિત છે. એની લેખિની કેટલી હદે ઝેરમય છે તે નીચેના ફકરાથી દ્રષ્ટિગોચર થાય છે. જૈન ધર્મ પ્રકાશમાં આવતા મૌક્તિકના લેખ સામે કાગળ કાળા કરતા એનો હૃદયનો ઉભરો કેવી ગલીચ રીતે જગત જેમના પ્રતિ મીંટ માંડી રહ્યું છે એવા પૂજ્ય ગાંધીજી પ્રતે ઠાલવી રહ્યું છે તે સહજ જણાઈ આવે છે. એ મહાપુરૂષનુ નામ લખવાની હિંમત ડરપોકપણાથી થઈ શકી નથી છતાં અંતરનો ઉકળાટ તો દિશિ આવે છે. લખાણજ લેખકના અતિ કુળનુ ભાન કરાવે છે! આ રહ્યા તે કાતીલ શબ્દો "હથેલીમાં ચાંદ બતાવી સારાએ જગતને છેતરનાર અને મોટી મોટી વાતોથી અજ્ઞાન જનતાને ભોળવનાર તેમજ અનેકને પાયમાલ કરનાર મહાદંભી આત્માના યશોગાન ગાનાર અધર્મી આત્માને ઉપાશ્રયોમાં દુકાનદારી ખોલાવી જણાય તેમાં કાંઈ નવાઈ નથી...... ઘોર મિથ્યા દ્રષ્ટિનો પરિચય તેમજ પ્રશંસા સમકિતનાં દૂષણો ગણાય છે. જેનામાંથી જૈનત્વ નાશ પામી ગયું હોય તેને સમ્યકત્વની કીંમતજ ન હોય."

(વીરશાસન તા. ૮-૫-૩૧ અધર્મ પ્રકાશનો પરિચય) આ ટાંકી હું તો એટલુંજ કહેવા માંગુ છું કે આવી નિંદા કરવાનુ કાર્ય આપણા સરખા યુવકોથી નહીજ થાય. ધર્મ અને સમ્યકત્વના નામે એ આખુ તંત્ર કેવળ ધુમાડાના બાચકા ભરી રહ્યું છે! જ્યાં ચણતરજ ઉંધું ત્યાં પછી વિચાર વિનિમય કે ન્યાય-યુક્તિનાં દર્શન કયાં? આમ છતાં એ તંત્ર પાછળ આપણીયાં કરનાર માનવીઓ, સાધુ કે શ્રાવક ગમે તે હોય-પ્રત્યે રોષ ન હોય. તેમના જેવી સ્વચ્છંદતાનું પિંજરણ આપણે ન પીંજીએ, જરૂર એ તંત્ર સામે ઝઝુમીએ, એને સુધારીએ કે ખુલ્લુ જનાવીએ પણ પ્રેમના માર્ગે અને સુશ ઉચિત દલીલોથી. સોસાયટી કરતાં આપણો માર્ગ નિરાળોજ હોય. 'બાબા વાક્યમ્ પ્રમાણમ્' કે 'બકરી કાઢતાં ઉંટ પેસી જાય' જેવું આપણને નજ પાલવે. એટલે એવું નકામું છોડી દઈને પણ સંગઠન અને સાચી બાબતનો પ્રચાર તો એના કરતાં વધુ ખીવટ઼થી કરવો રહ્યો. એમાં આપણો ભાવ એ સોસાયટી બાહને દફનાવવાનો નહિ પણ જનતા

સમક્ષ સત્યનો પ્રકાશ કરવાનો હોય. એટલે આપણા વિચાર, વાણી અને વર્તનમાં સાહસ, જોમ અને સેવાભાવ રૂપ ત્રિપુટી જોરથી કામ કરતાં હોય છતાં એમાં દ્વિધાભાવ ન હોય.

આપણી પત્રિકા સચોટ શૈલીમાં ટુંક કરે, છતાં ભાષા વિવેક ન ભૂલે. સત્ય રજુ કરતાં ગભરાય નહિં પણ ભૂંડાબોલા તો નજ સાંખે, આપણા ભાષણ તીખા ને સોંસરા ઉતરી જાય તેવા હોય છતાં અંગત કે જૈન ધર્મના મૂળ તત્વોને ઘા કરનારા તો નજ હોય. આપણી ભાવના સંઘ માટે તલપતીને નિર્મળ હોય, એ તકના વિસ્તારથી રાજી ન થાય. બાંધછોડથી પણ એ એકયતંતુની દઢતા ઇચ્છે. આ માટે સંમેલનો કે પરિષદો, શ્રમણને પર્યટન, પ્રેસને પ્લાટફોર્મ આદિ સર્વ સાધનોનો સાધિયારો શોધીએ ને સાથેજ રાખીએ.

લી. 'સમયધર્મી'

# ધર્મ-શિક્ષણ.

—(*)—

૭.

હવે પ્રતિક્રમણ સૂત્રો કેવી રીતે અને કઈ ઉમ્મરે શિખવવા તે વિચારીએ.

મ્હેસાણાની શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાની સં. ૧૯૮૪ ની સાલની વાર્ષિક પરીક્ષાના વિદ્વાન પરીક્ષકો પં. ભગવાનદાસ હરખચંદ અને રા. હીરાચંદ દેવચંદના રીપોર્ટ-માંથી આ બાબત સંબંધી નીચલો અભિપ્રાય મળે છેઃ—

"વિદ્યાર્થીઓ સારા અક્ષરથી અને મુદ્દાસર લખી શકતા નથી તેમજ ગુજરાતી લખાણમાં ઘણી ભૂલો કરે છે. માટે સારા અક્ષરે અને ગુજરાતી ભાષામાં મુદ્દાસર લખાણની ટેવ તથા ગુજરાતી ભાષાના જ્ઞાનની આવશ્યકતા છે.

સંસ્કૃત અભ્યાસ શરૂ કર્યા પહેલાં, ત્રિવેદીકૃત ગુજરાતી વ્યાકરણનો ભાગ પહેલો અને બીજો વિદ્યાર્થીઓને શિખવવો જોઈએ કે જેથી સંસ્કૃત ભાષાનો ગુજરાતી ભાષા સાથે સંબંધ ખ્યાલ આવે અને સંસ્કૃત વાક્યોનો શુદ્ધ ગુજરાતીમાં તરજુમો કરી શકે. સંસ્કૃત પહેલી બુક પુરી થયા પછી તુરતજ વિદ્યાર્થીને સંસ્કૃત સાહિત્યમાં પ્રવેશ કરાવવા માટે કથામુક્તાવલી તથા કુસુમાંજલી જેવી નાની નાની પુસ્તિકાઓ અને સાથે બીજી બુકનો પણ અભ્યાસ ચાલુ રખાવવો.

જેઓ સંસ્કૃત વ્યાકરણ ભણવાની ઇચ્છાવાળા હોય તેઓ પણ સાથે કાવ્યાદિનો અભ્યાસ ચાલુ રાખે એ ઇષ્ટ છે અને આ રીતે તેઓનો વ્યાકરણના અભ્યાસની સાથે સાહિત્યમાં પણ પ્રવેશ થઈ શકે પ્રતિક્રમણ સૂત્રો ગોખમાં અને સ્પષ્ટ ઉચ્ચા-રથી શીખવવા અને તેના અર્થ પાછળથી તેને કાંઈક પ્રાકૃત ભાષાનો પરિચય થયા બાદ શીખવવા.

જેઓને સંસ્કૃત બીજી ચોપડીના ઓછામાં ઓછા પંદર પાઠ થયા હોય તેઓને પ્રાકૃત ભાષાનો સંક્ષિપ્તમાં પરિચય કરાવવો અને ત્યારબાદ પ્રતિક્રમણ સૂત્રના અર્થ ભણાવવા. જીવ વિચારાદિ પ્રકરણો કેવળ મૂળમાત્ર નહિ શિખવતાં અર્થ સાથેજ શિખવવા કે જેથી વિદ્યાર્થીઓની શક્તિ ઉપર નકામો બોજો ન પડે. + + + તેના (ઇંગ્રેજી ભાષાના) બદલે વિદ્યાર્થીને ગુજરાતી ભાષાનું સંગીન જ્ઞાન આપવાની જરૂર છે કે જેથી

તેઓ શુધ્ધ લખી અને બોલી શકે તથા પોતાના વિચારો બીજાને સારી રીતે સ્પષ્ટતાપૂર્વક શુધ્ધ ગુજરાતીમાં સમજાવી શકે."

આ વજનદાર અભિપ્રાય ખરેખર મનનીય છે. તેનો પ્રથમ મુદ્દો ગુજરાતી ભાષા પરત્વેનો છે. ગુજરાતી ભાષાનું **સંગીન જ્ઞાન** આપણા વિદ્યાર્થીઓ માટે અતિ આવશ્યક છે. સર્વ પ્રકારનું શિક્ષણ માતૃભાષામાં આપવું જોઇએ એ તો અત્યારે સર્વમાન્ય સિધ્ધાંત છે. તેમાંથી ધર્મશિક્ષણ કંઇ અપવાદ તરીકે ગણી શકાય નહિ. ધર્મ સારાયે જીવનને સ્પર્શે છે તેથી તેનું શિક્ષણ તો ખાસ કરીને માતૃભાષામાંજ આપવું ઘટે. આગળ કહેવાયું છે તેમ માતૃભાષા આપણો પ્રાણ અને બળ છે કારણ કે તેમાંજ આપણે વિચારીએ છીએ અને જીવન જીવીએ છીએ. આ રીતે જોતાં, ધર્મશિક્ષણને લગતી આપણી શિક્ષણશાળાઓમાં જેટલે અંશે માતૃભાષાને મહત્ત્વ અપાયું છે અને તેનેજ વાહન તરીકે ગણવામાં આવ્યું છે તેટલે અંશે તે આવકારદાયક છે.

સંસ્કૃત જેવી પ્રૌઢ ભાષા મુકીને આપણા પુર્વાચાર્યોએ સુત્રગ્રંથો પ્રાકૃતમાં લખ્યા તેનું કારણ એજ છે કે પ્રાકૃતભાષા તે વખતે પ્રચલિત લોક ભાષા હતી અને આબાળવૃદ્ધ સર્વે લોકો-નરે સ્ત્રી, મૂઢ અને મૂર્ખ પણ સહેલાઇથી સમજી શકે તે માટેજ તે વખતની માતૃભાષામાં-તે વખતના હિંદની લોકભાષામાં-પ્રાકૃતમાં જૈનગ્રંથો લખાયા અને શ્રી મહાવીરે પણ તેજ ભાષાનો આશ્રય લીધો હતો કારણકે જે વીરપ્રભુએ ધર્મનાદ્વાર સર્વમાટે ખુલ્લા મુકયા તેમની ભાષા લોકભાષાજ હોઇ શકે. માતૃભાષામાં જે વિચારણા થઇ શકે છે-જે સમજણ આવી શકે છે તે પ્રાચીન લુપ્તપ્રાય ભાષામાં કદી બની શકેજ નહીં. આ અનુભવ સર્વ સામાન્ય છે. ધર્મના બીજ ઉંડા વાવવા હોય, તો શિક્ષણ તો શું,-પણ પ્રાર્થનાઓ-ધાર્મિક ક્રિયાઓ-લગ્નાદિ સંસારીક ક્રિયાઓ પણ માતૃભાષામાં કરવામાં આવે તો, જીવન કંઇ અનેરી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરે એ મને તો નિ:સંશય વાત લાગે છે.

આમ છતાં, જૈન ધર્મ શિક્ષણને અંગે સંસ્કૃતપ્રાકૃત ભાષાઓના અભ્યાસની મહત્ત્વ હું ઘટાડવા ઇચ્છતોજ નથી. હવે મજકુર અભિપ્રાયનો બીજો મુદ્દો લઇએ.

સામાન્ય રીતે ઇંગ્રેજી ત્રીજા ધોરણથી કે બાર તેર વર્ષની ઉમ્મરથી સંસ્કૃત ભાષાનો અભ્યાસ શરૂ કરવામાં આવે અને ઉપલા વિદ્વાન્ પરીક્ષકોએ જણાવ્યું છે તેમ, સંસ્કૃત બીજી ચોપડીના ઓછામાં ઓછા પંદર પાઠ થયા બાદ એટલે કે ઇંગ્રેજી પાંચમાં છઠ્ઠા ધોરણમાં **પ્રાકૃત ભાષાનો** પરિચય કરાવવામાં આવે તો મેટ્રીક સુધીમાં આ બન્ને ભાષાઓનું સામાન્ય જ્ઞાન જૈન વિદ્યાર્થીઓને મળી શકે. આ બાબત પર આપણી જૈન હાઇસ્કુલોએ કે બીજી તેને મળતી સંસ્થાઓએ કદી ધ્યાન આપ્યું છે ? તેવું ધ્યાન અપાયું હોય એમ મારી જાણમાં તો નથી.

પરંતુ અત્રે એક બીજો મહત્ત્વનો પ્રશ્ન વિચારવા જેવો છે. તે એ છે કે સંસ્કૃતના અભ્યાસ પછી પ્રાકૃતનો અભ્યાસ કરાવવો કે પ્રાકૃત ભાષાનો અભ્યાસ સંસ્કૃતના અભ્યાસ પહેલાં કરાવવો આ બાબત હવે પછી વિચારીશું.

લી૦ ઉ. દો. બ.

આ લેખમાળાના ૧ થી ૬ સુધીના ભાગો જૈન યુગમાં પ્રસિદ્ધ થયેલા છે.

# ( ક્રાન્તિ ભ્રાતા. )

—ગતાંકથી ચાલુ—

વિરશાસન પત્ર લખે છે કે યુવક સંઘ તરફથી પત્રિકાઓ પ્રગટ થતી તેમાં યુવકોએ આગમોને કુતરા સાબિત કીધું છે જ્યારે સોસાયટી સમાચાર તા. ૧૬-૬-૩૧ માં કાર્યવાહક મોતીભાઇને ઉદ્દેશીને લખે છે કે "સાંપ્રત વર્તમાનમાં યુવક સંઘ તરફથી પત્રિકાઓ પ્રગટ થતી તેમાં જૈન સાધુઓ પાંચ મહાવ્રતધારી પહાણો છે, તેઓએ હિમાલયની ગુફામાં ચાલ્યા જવું જોઇએ, સાધુઓ ગુંડા છે, શાસ્ત્રો કુતરા છે, એને બાળી ભસ્મ કરવાં જોઇએ."

હજી પણ યુવક સંઘ દુનીયાની સમક્ષ શકતી એકઠી કરીને મોટા સુઘોષા ઘંટ વગાડીને જાહેર કરે છે કે જૈન સાધુઓ પાંચ મહાવ્રતધારી પહાણો છે તેનો અર્થ એ છે કે જે જે સાધુઓએ પહાણના કામો કર્યા હોય-કરતા હોય તે બધા પહાણ છે. તે પાંચ મહાવ્રતધારીને આત્માનું કલ્યાણ કરવું હોય તો હીમાલયની ગુફામા ચાલ્યા જાય. સાધુઓ ગુંડા છે તેનો અર્થ ગુંડા જેવા જેમના કર્તવ્યો છે તેનેજ ગુંડા ગણવાના છે. તેના દાખલા ઘણા છાપાદ્વારા બહાર પડી ગયા છે. પાટણમાં જે સંતોના આગમન વખતે શાંતી પ્રસરવી જોઇએ તેને બદલે લોહીછાંટણાં થાય તેનો અર્થ તે સાધુઓમાં ગુંડાપણું જરૂર છે. પાટણના સંઘને સાથે બાંડે તે નેમીશ્વર પ્રભુના દરબારમાં કર્મ ખપાવવાનો ડોળ કરનાર તે સાધુ કે સૂરિ ગુંડા હોય તેજ હંમેશની અજ્ઞાન ભરેલી પ્રજાને ભમાવી ગુંડા સાહીનું કામ કરી શકે. શાસ્ત્રો કુતરા છે, એને બાળી ભસ્મ કરવા જોઇએ તેનો અર્થ વીરશાસન તેમજ સોસાયટી સમાચારના તંત્રી જાણે છે છતાં ભોળી પ્રજાને ફસાવવા આગમ નામની દુકાન ખોલી ઉંધા અર્થ કરે છે. સમાચારના અને વિરશાસનપત્રના તંત્રીને લખવામાં આવે છે કે જાઓ પુછો શા.એ.નો અર્થ તમારા ગુરૂને. તમારા ગુરૂ ના જાણતા હોય તો આ પત્રની કોપી લઇને વિજયનેમીસૂરિજી પાસે જાઓ-અર્થ પુછો અને વિજયનેમીસૂરિજી પોતાની સહીથી જાહેર પાડે કે શાસ્ત્રો એટલે આગમો તો અમો વિજયનેમીસૂરિજી પાસે તે બાબત વાતાઘાટ કરવા તૈયાર છીએ તમારી તોફાની ટોળીના કીધાથી અમો શાસ્ત્રો એટલે આગમો માની શકવાના નથી અને તેથી હજી પણ સુઘોષા ઘંટ વગાડીને જાહેર કરીએ છીએ કે જેટલા શાસ્ત્રો જૈન ધર્મની અંદર કલેશ-કંકાસ અને સમભાવથી પતીત કરનારા હોય તે બધાને બાળીને ભસ્મ કરી નાંખો કે જેથી કરીને જૈનો સમભાવમાં રહીને પોતાના આત્માનું કલ્યાણ કરી શકે. વિરશાસન પત્રને અને (રામ) જૈન પ્રવચનને ભવિષ્યની પ્રજામાં શાસ્ત્રો તરીકે જાહેર કરવા હોય તો અમો ના પાડતા નથી પણ ક્રાન્તીકારો ભવિષ્યની પ્રજાને સુઘોષા ઘંટ વગાડીને જાહેર કરે છે-કરશે કે તે શાસ્ત્રો જરૂર બાળી નાંખવા જોઇએ કે જેથી કરીને ભવિષ્યની પ્રજા સમભાવ ઉપરથી પતીત થાય નહિ. દોસ્ત-વિરશાસન પત્ર અને સોસાયટી સમાચાર પત્ર નોંધી લે કે યુવકો ખડે પગે તમારી સામે ક્રાન્તિના જોસથી તમોને જરૂર ચાહીચાહી પોકારશે ભવિષ્યની પ્રજા માટે સમભાવનો આદર્શ જરૂર મુકશે.

લી૦ ક્રાન્તિ ભ્રાતા જૈન.

( અપૂર્ણ. )

# ચોમાસુ રહેવા સાધુઓની સરતો.

## જ્ઞાન અને પુસ્તકોના નામે ફંડ.

### વંદનાને બહાને ભક્તોને સાચવવાની પેરવી.

ચોમાસુ રહેવાનો જાહેર રીતે નિર્ણય થાય તે પહેલાં પોતાના ભક્તોને મક્કમ રાખવા, ફંડ એકત્ર કરવા કે ચારણોની માફક ગુણગાન કરાવવા નવાજેશો કરવાની સરતો કરવા કોઇ કોઇ સાધુઓ કેટલીએક યુક્તિ પ્રયુક્તિ કરે છે, તેથી સમાજને ચેતી જવાની જરૂર છે. તેઓ સમજે છે કે સમાજ તદ્દન અજ્ઞાન છે, એટલે હેતુ સમજી શકશે નહિ, તેમાં તેઓ ભૂલે છે, અને બાજી ખુલ્લી પડતાં, પૂજ્યભાવ ઉઠી જશે અને ધિક્કાર ઉત્પન્ન થશે.

અમુક ગામમાં ચોમાસુ રહેવાના નિર્ણયથી ગયા પછી અમુક દિવસે બપોરના બેટ બાંધી વિહાર કરવા તૈયાર થાય છે. તે માટે ભક્તો તરફના ચોમાસા માટે આગ્રહની તાણ પણ હોય છે. (સવારના ઓવર્ગ તેમજ ઘોકો કામકાજમાં ગુંથાયેલા હોય છે તેમ તેઓ સમજે છે). ખાસ કરીને ઓવર્ગ સાચું માની, આગ્રહ કરવા જાય છે. પુરૂષવર્ગની ગેરહાજરી ખાતર ઠપકા આપે છે. આગેવાનોને વગોવી પોતા પાસે બોલાવવા પ્રયત્ન થાય છે. છતાં ન ફાવે તો માણસ મોકલાવી બોલાવે છે કે મહારાજશ્રી વિહાર કરે છે માટે બોલાવે છે, વિવેક થાય છે. બોટા ખર્ચ કરવાની તાકાદ ન હોવાનું ભાન હોય છે એટલે ગોળગોળ વાતો થાય છે, અને એકાદ શબ્દ પકડી ચોમાસુ રહેવા નિર્ણય જાહેર કરે છે. આ રીતે આગ્રહવશ ચોમાસુ રહે છે તેવો ભાર મૂકે છે. પછી ધીમેથી શરતો રજુ થાય છે.

બહારગામની વંદના અર્થે આવકવર્ગ આવે તેમની સરભરા થાય અને માનપૂર્વક સચવાય તે માટે શું સગવડ છે? તેમના માટે રસોડું ચાલુ કરાવવા પ્રયત્ન કરે છે.

અમારે ચોમાસામાં પુસ્તકો જોઇએ અથવા તો ગ્રંથ છપાતો હોય તેની કોપી લેવી હોય તો તમારી પાસે શું સાધનો છે?

આવાં પુસ્તકો મોટે ભાગે તેમના આશ્રય નીચે ચાલતી સંસ્થામાંથીજ મંગાવવાના હોય છે. પુસ્તકોની જરૂરીઆત માટે નહિ. પરંતુ તે સંસ્થાને નાણાં પૂરાં પાડવા વી પી મંગાવાય અને તે પુસ્તકો પાછાં તેજ સંસ્થાને મોકલાવાય આ તો ફક્ત ફંડ મેળવવાની ઉજળી રીતભાત છે. તે માટે બારીક તપાસ કરવી ઘટે છે. શા માટે તેમનીજ સંસ્થાના પુસ્તકોની કિંમત આપવી પડે છે. અને શું તેમને વાંચવા માટે પણ તેમાંથી મળી શકતાં નથી? આવી રીતે પૈસા આપતાં પહેલાં બહુ સાવચેતીની જરૂર છે. છતાં પુસ્તકો મંગાવવાજ પડે તેવું હોય તો ઉપયોગ પછી તેજ ગામમાં સચવાય તો વારંવાર ખર્ચમાંથી બચી જવાય.

કદાચ તબીયત બરાબર ન રહે તો બહાર ગામથી વૈદ્યને બોલાવી આપવા સગવડ છે? ગામમાં મોટી સંખ્યામાં ડાક્તરો તથા વૈદ્યો હોય છે તેમ તે જાણે છેજ પણ આતો વાર્ષિક નવાજેશ કરવાની રીતી છે અથવા તો અમુક અમુક કામોમાં પોતાની જરૂરીઆત હોય તે માટે માણસો બોલાવવા પડે, તેના તમામ ખર્ચ આપવા શું સાધન છે? ભક્તો બહાર ગામથી આવે તેમાં મહત્વતા સમજે છે. એટલે ભાડું આપીને પણ બોલાવવાનો ઇરાદો હોય છે.

જરૂર પડતાં કોઇ સંઘ સગવડ કર્યાવીના રહેતો નથી તે સર્વ કોઇ જાણે છે. પરંતુ આવી સરતો પાછળ હેતુઓ હોય છે તે જાહેરની જાણ માટે રજુ કરૂં છું. એક યુવક.

# એક કરૂણ કહીયત.

## અમાનુષિતાથી ઉભરાતો એક કિસ્સો

( જૈન પત્ર ઉપરથી )

શિષ્ય લોલુપતાની પાછળ મુનિ ધર્મને પણ ન છાજે તેવા જે કરૂણ કૃત્યો આજે જૈન સમાજને સળગાવી રહ્યાં છે, અને સમાજને ચોંકાવનાર એક પછી એક શરમ કથાઓ, જે સાધુતાની ભવ્યતાનો લોપ કરી રહેલ છે, તેમાં ઉમેરો કરતો આ કિસ્સો જરા વધારે હૃદયભેદક નીવડે છે. ૧૯ વર્ષના એક બાળકને ભરમાવી દીક્ષાને નામે કોટડીમાં પુરવાની અને માથું મુંડવાની આશ્ચર્યજનક ઘટના આ કિસ્સામાં બને છે. આ પ્રસંગમાં સપડાઇ ગએલ ભાઇ નરશીદાસ પોતાનાજ શબ્દોમાં પોતાની દર્દકથા નીચેની વિગતે રજુ કરે છે. સમાજ આ કિસ્સો વિચારે અને આમ વધતી જતી ભયંકરતાનું નિવારણ કરે એટલુંજ આમાંથી પ્રાપ્ત કરવાનું રહે છે.

હું નીચે સહી કરનાર શાહ નરશીભાઇ પ્રેમચંદ રહેવાશી માંડળ તાલુકે વીરમગામ ઉમર વર્ષ ૧૯ આથી સત્ય પ્રતિજ્ઞા પૂર્વક જણાવું છું કે—

હું છેલ્લા ૧ વરસ અને દસ મહિના થયા મહેસાણાની શ્રી યશોવિજયજી જૈન પાઠશાળામાં જૈન ધાર્મિક અભ્યાસ કરૂં છું જૈન તપગચ્છના સાધુ બુદ્ધિવિજયજી, તિલકવિજયજી તથા શાન્તિવિજયજીને હું કેટલીક વખત થયા ઓળખું છું. મુનિ શાંતિવિજયજી મુળ માંડળના રહીશ અને અમારા પાડોશી હતા તેથી મારે એ સાધુઓ સાથે ઓળખાણ થયેલી.

મારા મા-બાપ ગુજરી ગયેલ છે. મારી એક નાની બેન છે. તે માંડળમાં પરણેલ છે. હું ઉપરની પાઠશાળામાં મારીથી દાખલ થઇ અભ્યાસ કરૂં છું. મારી આંખો કાચી હોય ચશ્માની જરૂર છે. મેં મારી એ જરૂર સાધુ મહારાજોને જણાવેલી. તેઓએ મને એક કાગળ લખી અમદાવાદ શાહપુરમાં મંગળ પારેખના ખાંચાના ઉપાશ્રયે આવવા જણાવ્યું અને મારી આંખોની દવા ત્યાં કરવામાં આવશે એમ જણાવ્યું આ પત્ર મને તા ૮-૬-૩૧ ના રોજ સવારના મહેસાણા મળતાં હું તા ૮-૬-૩૧ ની બપોરની ગાડીમાં મહેસાણાથી નીકળી રાતના અમદાવાદ પહોંચ્યો. ગાડી ભાડે કરી શાહપુર પહોંચ્યો.

હું તારીખ ૯ અને ૧૦ શાહપુરના ઉપાશ્રયે રહયો. તા. ૮ ની રાત્રે સદરહુ સાધુઓની સંમતિથી હું હોટેલમાં જમી આવ્યો હતો. તા. ૯ અને ૧૦ ના રોજ ગામમાં એક શ્રાવક વિઠ્ઠલભાઇ કહીને ત્યાં જમાડવાનો પ્રબંધ કરેલો બે દિવસ સુધી મારા માટે ડોકટરની કે ચશ્માની વ્યવસ્થા કરી નહિ આપવાથી મેં કહયું કે " મને કાંતો ચશ્માની વ્યવસ્થા

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## સારાભાઈ મગનભાઈ મોદી લોન-સ્કોલરશીપ ફંડ.

ઉપરોક્ત ફંડમાંથી ચંચળ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને અંગ્રેજી ચોથાથી સાતમા ધોરણ સુધી અભ્યાસ કરવા, દેશી અંગ્રેજી વૈદક શીખવા, તેમજ કળાકૌશલ્ય, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી, વીજળી, વિગેરેનું કામ શીખવા વગર વ્યાજે લોનરૂપે સહાય કરવામાં આવે છે. મદદ લેવા ઇચ્છનારે ઓનરરી સેક્રેટરીને ગોવાળીયા ટેન્કરોડ, ગ્રાન્ટરોડ, મુંબઇ લખવું.

કરી આપો નહિતર હું પાછો મહેસાણા ચાલ્યો જાઉં" આ સાધુઓની દાનત મને હરકોઇ રીતે ફુસાવી દીક્ષા આપવાની હોવાથી તેઓ મારા આ શબ્દોથી ગભરાયા અને હું ક્યાંયે ચાલ્યો ન જાઉં એ માટે મારાપર જાપ્તો અને ચોકી પહેરો રાખવામાં આવ્યો.

તા. ૧૧ ના રોજ મને શાહપુરથી અમદાવાદ શહેરમાં ભઠ્ઠીની બારીમાં વીરના ઉપાશ્રયે લઇ જવામાં આવ્યો. મને કહ્યું કે ચાલો શ્રાવકને ત્યાં લઇ જઇ ત્યાં ડોકટરને બોલાવી તમારી આંખ તપાસાવી ચશ્મા અપાવીએ. મારી સાથે સાધુ બુદ્ધિવિજયજી અને શાન્તિવિજયજી વીરના ઉપાશ્રયે આવ્યા વીરના ઉપાશ્રયમાં ઉપાધ્યાય મનોહરવિજય તથા બીજા બે સાધુએ હતા. મને ઉપાશ્રયમાં એક કોટડીમાં લઇ ગયા. જે કોટડી ઉપાશ્રયમાં પેસતાં ડાબા હાથ તરફ છે. સાધુ મનોહરવિજય બુદ્ધિવિજય અને શાન્તિવિજય ઓરડીમાં મારી સાથે આવ્યા અને બીજા બે સાધુએ બહાર ચોકી કરવા રહ્યા. મારી અનેક વિનવણીએ અને અનિચ્છાએ દર્શાવ્યા છતાં મને બળજબરીથી હજામ પાસે માથું મુંડાવરાવી સાધુના કપડાં પહેરાવવામાં આવ્યા. આ બનાવ બપોરના સાડાબાર વાગે કે જે વખતે તે સાધુએએ દીક્ષાના મુહુર્ત તરીકે નક્કી કરેલ હતો બન્યો. પછી મને ઓરડીમાં બપોરના બે અઢી વાગ્યાના અરસામાં ખાવાનું આપ્યું. લાકડાના પાત્રામાં ખાવાનું આપ્યું અને પાછળથી તે પાત્ર મારી પાસે પેવરાવી તેનું એઠું પાણી પણ મને બળજબરીથી પીવરાવ્યું.

ત્યારબાદ વીરના ઉપાશ્રયથી સાંજના પાંચેક વાગ્યાના અરસામાં સાધુ બુદ્ધિવિજય અને શાન્તિવિજય મને શાહપુરના ઉપાશ્રયે લઇ ગયા.

મારૂં સાધુ તરીકેનું નામ નંદનવિજય જાહેર કર્યું અને મને સાધુ શાંતિવિજયનો શિષ્ય બનાવ્યો પછી મારી પાસે બળજબરથી એક કાગળ માંડળ મારા કાકા ઉપર લખાવ્યો. અને બીજો કાગળ મહેસાણા પારેખજી ઉપર લખાવ્યો કે "મેં રાજીખુશીથી દિક્ષા લીધી છે વગેરે"

તા. ૧૨ મીના રોજ માંડળનો એક યુવાન રતિલાલ પ્રભુદાસ સાધુઓને મળવા આવેલો તે મને મળ્યો, ત્યારે મેં તેને કહેલું કે "મારી બહેનને મળવા દીક્ષા સિવાય મને આમ ફુસાવ્યો હોઇ મને ખુબ દુઃખ થાય છે." એ રતિલાલે માંડળ સમાચાર લખ્યા હશે જેથી તા. ૧૫ મીના રોજ માંડળથી મારા કાકાના દિકરા ભાઈ રતિલાલ તથા મણીલાલ તથા મારા બનેવી વોરા મણીલાલ કેવળદાસ મને મળવા આવ્યા. મેં તેઓને ખાનગીમાં મારી આપવીતી જણાવી. અને કોઇપણ રીતે મારો છુટકારો કરવા વિનવ્યા. તેઓને મેં જણાવ્યું કે હું સાંજના વખતે કોઇપણ બ્હાને બહાર નીકળીશ અને મારા માટે કાંઇ વાહન તૈયાર રાખજો.

આ ચાર દિવસો દરમ્યાન મારી સાથે બહુજ હલકટ વર્તન ચલાવવામાં આવ્યું હતું. મને પુરૂં ખાવા પણ આપતા ન હતા. મને ઝાડા–પેશાબ માટે પણ બહાર જવા દેવામાં આવતો ન હતો. તેથી હું ખુબજ મુંઝાએલો. કોઇ અજાણ્યા માણસ સાથે વાતચીત પણ કરવા દેવામાં આવતી ન હતી. હું ચાર દિવસો દુઃખનો માર્યો રડયા જ કરતો હતો. મને લાગ્યું હતું કે આ કરતાં તો યરોડા અને વીસાપુરની જેલમાં દેશસેવા કરવા ગયો હોત તો હજાર દરજ્જે સારૂં હાત અહીં તો એ જેલો કરતાં પણ ભયંકર ત્રાસ મેં અનુભવ્યો. માંડળથી મારા સગાં વહાલાં આવ્યા તે વખતે પણ સાધુ બુદ્ધિવિજય વચ્ચે ઉભા રહેલા, પણ મે, યુક્તિ કરી અંગ્રેજીમાં એક વાકયમાં બધી સ્થિતિ મારા બનેવી મણીલાલને ધીમે રહીને કહી સંભળાવી.

સાંજના સાડા છ વાગ્યાના અરસામાં મેં બાજરૂ જવા જણાવ્યું. મને ત્યાંજ હાજતે જવા કહ્યું પણ મેં કહ્યું કે "આ ગંદકીમાં મને ઝાડો ઉતરતો નથી તેથી બહાર ખુલ્લામાં જવું પડશે" એક સાધુને મારી સાથે બહાર મોકલ્યો. જ્યાં મેં અગાઉથી તૈયાર રખાવેલ વાહનમાં બેસી હું નાસી છુટયો. અને તા. ૧૬ મીની સવારની ટ્રેનમાં નીકળી માંડળ પહોંચ્યો છું.

આ સાધુઓએ આજ઼ર ગામના બે છોકરાઓને આજ રીતે બે માસથી દીક્ષા આપી સંતાડયા છે. તેની માતા આવી કલ્પાંત કરી રહી છે. પણ હજુ સુધી તેના બાળકો પાછા સોંપવામાં આવ્યા નથી.

તા૦ ૧૬–૬–૩૧

લી૦ શાહ નરસિંહ પ્રેમચંદ
સહી દઃ પોતાના

## સંઘે પરવાનગી આપી નથી.

અમદાવાદ શામળાની પોળમાં સુરજબેન નામની કોઇ વિધવા રહે છે, જેની વય આશરે ૨૫ વર્ષની છે. અને તેને નારંગી નામની ૬ વર્ષની એક છોકરી છે. આ બન્ને મા–દિકરી ઉંઝામાં સાધ્વી શ્રી ધનશ્રીની પાસે દીક્ષા અંગીકાર કરવા માટે ગયેલ પરંતુ સંઘે આ દીક્ષા માટે સંમતિ ન આપી. પરિણામે દીક્ષા મુલતવી રાખવામાં આવી છે. દીક્ષા આપનારે આ વાતની તપાસ કરવા પૂર્વે ઉપરોક્ત મા–દિકરીને દીક્ષીત ન બનાવે એ જરૂરી છે.

## ગુપ્ત દીક્ષા.

થોડા સમય પૂર્વે ઉંઝામાં રહેલ એક સાધુએ, ઉંઝાની આસપાસના નાના ગામડામાં અમદાવાદના ૧૭ વર્ષના એક બાળકને ગુપ્ત રીતે દીક્ષા આપ્યાના વર્તમાન બહાર આવ્યા છે.

## વેશ ફેંકી દીધો.

કહે છે કે શાન્તિલાલ નામનો એક છોકરો તેની ફઇ (સાધ્વીજી)ને વાંદવા અમદાવાદ આવ્યો, અને પાછો દભોઇની ટીકીટ લઇ રવાના થયો. માર્ગમાં ભકત મંડળે છોકરાને હાથ કરી ઉંઝા ભેગો કર્યો અને......મુનિએ દીક્ષા આપવા સંઘની રજા માગી, પણ રજા ન મળી. બીજા દિવસે વિહાર કરી મેત્રાણા ગયા. ત્યાં સાધુના કપડાં પહેરાવવામાં આવ્યા, અને છોકરાને ઉપવાસ છતાં ત્યાંથી ૭ ગાઉ દૂર ડુંગર ગયા. છોકરાને ઇચ્છા વિરૂદ્ધ કપડાં પહેરાવવામાં આવ્યા હોઇ ધર્મશાળામાંથી તે નાઠો, માર્ગમાં ઓઘો વગેરે ફેંકી દીધો, માર્ગમાં ભુલો પડતાં એક પટેલે ઉંઝા ભેગો કર્યો અને ત્યાંથી તે ડભોઇ પહોંચ્યો ગયો.

જૈનમાંથી.

આ પત્રિકા મહોમદ અબ્દુર રહેમાને 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગામા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચહાડવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કર્યો છે